અભિ[illegible]

THE
GUJARATI CHURCH HYMNAL
OR
BHAKTIRAS.

ભક્તિરસ.

S. P. C. K.

2nd Edition, 500 Copies, બીજી આવૃત્તિ, ૫૦૦ નકલ.

BOMBAY.
Published by,
The Society for Promoting Christian Knowledge.
1915.

Price 4 Annas. કિમ્મત ૪ આના.

આ પુસ્તક મળવાનું ઠેકાણું-
ખ્રીસ્તી જ્ઞાન પ્રસારક મંડળીની ડીપો,
૪૧ એસપ્લેનેડ, ફોર્ટ, મુંબઈ.

This book is to be obtained From
The S. P. C. K. Depôt
Esplanade Road Fort, Bombay.

આ પુસ્તક ચર્ચ મીશનેરી સોસાઇટી ગારગામમાંથી રેવરંડ લમક્ષણ હરીએ ખ્રીસ્તી જ્ઞાન પ્રસારક મંડળી તરફથી પ્રસિદ્ધ કર્યું છે અને મી. દીનશા એદલજી કરકરીઆએ મુંબઇ, ગ્રાંટરોડ, ત્રીભોવનદાસ બીલડીંગમાં આવેલા માણેક પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું છે.

PREFACE TO THE 1st EDITION.

THIS is a first attempt in Gujarāti to have a Hymnal suited to the Church Year.

I do not lay claim to be a poet, but have trans lated a few popular Hymns from Ancient and Modern Hymnal to meet an emergency.

My thanks are due to Miss Dobson, B. Mus. for examining the Hymns, especially as regard the metrical arrangment. I am also greatful to the Irish Presbyterian Mission for allowing 30 Hymns from the "Kāvyārpana" to be included in this Collection.

The S. P. C. K. by a generous grant of money have enabled me to publish the Hymnal.

L. HARI,

C. M. S.

Bombay,

Whitsuntide, 1911.

PREFACE TO THE 2nd EDITION.

Being the first and the only Gujarati clergyman of the Church of England I felt duty—bound to provide means of public worship for our growing Gujarati Congregations.

After completing the translation of the "Book of Common Prayer" my mind was necessarily directed towards getting up a hymnal suited to the Church year the first Edition of which was printed in 1911 and now I have the pleasure of putting before my friends a much revised and enlarged Edition; the size of this second edition is so adjusted as to match with the size of the Prayer Book so that those who wish to have them both bound up in one Volume could do so without difficulty.

My thanks are due to the Rev. J. N. Stevenson M. A. B. D. of the I. P. Mission for kindly perusing most of my translations of the English hymns and for making some valuable suggestions.

I have again to acknowledge with thanks the inclusion of 36 more hymns besides the 30 taken in the previous edition from the I. P. Mission Hymn book "Kavyarpana"

Besides these I have to acknowledge the inclusion

of some hymns from the following books:—

A. From the late Rev. K. M. Ratnagrahi's,

Khristâkhyân (1)

Lalitkávymaàlà (11)

B. Through Miss Scroggie (3)

Thus a total of 87 hymns has been taken from the I. P. M. and the remaining 113 are my own translations or Compositions.

I must also thank my friend Mr. D. E. Karkaria proprietor of the "Manek Printing Press" for printing and binding this book for Rs 200 only. If it were not for this the cost would have far exceeded that amount.

Lastly I trust this book will help the worshippers to offer praises to our Almighty God Who "Can not be worthily praised" and to Whom and His church this Hymnal is humbly offered.

L. Hari.

C. M. S. Bombay,
25th May, 1915.

Index of the first lines of the English Hymns translated in this book.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

ઇશ્વરસેવા માટે શાસ્ત્રાર્થથી ભરેલાં ગાયનો અવશ્ય જોઇએ અને તે ગાયનો ગાતી વખતે મનના ઉદ્દગારો સચેત થઇને આપણી સેવાને ભક્તિરસથી એવી રીતે ભરપુર કરે કે, ઠણઠણનાર ઝાંઝની પેઠે માત્ર હોઠોથી નહિ, પણ તેમનો અર્થ સમજીને તથા મનથી ગાઇને સેવામાં લીન થઇ જવાય, એવાં હોવાં જોઇએ. એવાં રસિક ગાયનો અંગ્રેજીમાં જેટલાં જોઇએ તેટલાં છે; પણ ગુજરાતીમાં મને તેમની ખોટ જણાવાથી તેમાંથી કેટલાએકનો તરજુમો કરીને મેં આ પુસ્તક બનાવ્યું છે. આમાં જેટલાં અંગ્રેજી રાગનાં ગીતો છે તેમાંનાં ત્રણ શિવાય બધાં ચર્ચ ઑફ ઇંગ્લાંડનું પુરાતન તથા પ્રસિદ્ધ ગીતપુસ્તક Hymns Ancient and Modern તથા Hymnal Companion to the Book of Common Prayerમાંથી તરજુમો કરેલાં છે.

હું કોઇ કવિ નથી પણ યુનિવર્સીટી સેટલમેન્ટના સુપ્રીન્ટેન્ડેન્ટ મે. મિસ ડોબસન સાહેબ જેઓ ગુજરાતી ભાષામાં પ્રવીણ તથા સંગિતશાસ્ત્રમાં B. Mus. ની ડીગ્રી ધરાવે છે, તેમણે દરેક અંગ્રેજી રાગને મહેનતથી તપાસીને મને ખાત્રીપત્રક આપ્યું છે, ત્યારેજ તેમને છપાવવાની મેં હિમ્મત ધરી છે. આ મહેરબાની માટે મારે આ જગ્યામાં તેમનો ઉપકાર માનવો ઘટે છે.

તેમજ આપણા નિકટના મિત્ર કાવ્યાર્પણને વિસારી દેવું એ આપણને છાજે નહિ, તેથી તેના આચાર્યોની પરવાનગીથી તેમાંથી પણ કેટલાંક ગીતોનો ઉતારો આમાં કીધો છે. આ તેમની ઉદારતાને માટે તેમનો પણ હું ઉપકાર માનું છું.

નીચેનાં ગીતો કાવ્યાર્પણમાંથી લીધાં છે:—

૨૦૪. ૨૧૦. ૨૪૫. ૪૪. ૩૫. ૮૬. ૨૪૨. ૮૭ ૨૦૮. ૧૧૮. ૨૮૫. ૩૮. ૧૯૦. ૧૮૮. ૧૭૩. ૨૩૨. ૨૦૦. ૨૪૩. ૨૪૧. ૨૫૩.

૨૮૭. ૨૦૫. ૨૩૭. ૧૩૪. ૮૫. ૪૮. ૨૨૧. ૨૫૦. ૨૪૬. ૭૫. આ નંબર કાવ્યાર્પણના છે.

વળી S. P. C. K. કમીટીએ મને આ પુસ્તક છપાવવા માટે જે ગ્રાંટ આપી છે તેને માટે તેમનો પણ હું ઉપકાર માનું છું. આ પુસ્તકની કિમ્મત એટલી જુજ રાખી છે કે દરેક ખ્રીસ્તી ભાઇબ્હેનો એને સ્હેલાઇથી ખરીદી શકશે એવી આશા હું રાખું છુ. વળી ઇશ્વરસેવામાં જો મન દઇને આ ગીતો ગાશો તો મારી મહેનત સફળ થઇ એવું હું માનીશ; અને હું અંતઃકરણથી આશા રાખું છું જે મારી આ આશા તમે પુર્ણ કરશો

લક્ષ્મણ હરી
ગુજરાતી મંડળીના પાળક,
ચર્ચ મિશનેરી સોસાઇટી; ગીરગામ, મુંબઇ.

જુન. ૧૯૧૧.

બીજી આવૃતિની પ્રસ્તાવના.

ચર્ચ ઓફ ઇંગ્લાંડની મંડળીનો ગુજરાતી પ્રીસ્ટ માત્ર હુંજ હોવાને લીધે, તેની વધતી જતી ગુજરાતી મંડળીઓને સારૂ, પવિત્ર સેવાના પુસ્તકો પુરા પાડવાની ફરજ પ્રભુ તરફથી મારે માથે મુકાએલી છે, એમ સમજીને આખા "સાધારણ પ્રાર્થના પુસ્તક" નો તરજુમો ગુજરાતીમાં મારે કરવો પડયો. તે પુરો થયા બાદ તેની રચના પ્રમાણેનું ગીતનું પુસ્તક પણ બનાવવાની જરૂર પડી. સને ૧૯૧૧માં મેં એવું એક નાનું પુસ્તક તૈયાર કીધું હતું, જે આજ સુધી ઇશ્વર સેવામાં વપરાતું આવ્યું છે.

"સાધારણ પ્રાર્થના" પુસ્તક છપાઇને હવે બહાર પડવાની તૈયારીમાં છે, અને તેમાં લગભગ ૫૦૦ પૃષ્ટો થશે તેના મુકાબલામાં આ નાનું ગીતનું પુસ્તક ઘણુંજ જુજ જેવું દેખાય એમ ધારીને મારે એમાં સુધારો વધારો કરવાની જરૂર પડી; અને જોકે મેં ઘણી મહેનત તથા સંભાળ લીધી છે તેમ છતાં, આ કામ પણ મારે એકલેજ હાથે કરવું પડયું છે, તેથી તેમાં ઘણી ભુલો રહી ગઇ હશે તે હું કબુલ કરૂં છું, માટે જો કોઈ મીત્રો મને તે દેખાડશો તો હું ઘણો ઉપકાર માનીશ.

આ બીજી આવૃતિનુ કદ પ્રાર્થના પુસ્તક જેટલુંજ રાખવામાં આવ્યું છે, તે એ માટે કે જો કોઇ ચાહે તો બન્ને પુસ્તકો સાથે બંધાવી શકેછે.

આઇ. પી. મીશનના રેવ. જે. એન. સ્ટીવનસન સાહેબે મારા અંગ્રેજી ઉપરથી કરેલાં ઘણાં ગીતોના તરજુમા તપાસીને બીજી ઘણી સારી સુચનાઓ કીધી છે માટે તેમનો હું ઉપકાર માનું છું.

પહેલી આવૃતિમાં કાવ્યાર્પણમાંથી જે ૩૦ ગીતો લીધાં હતાં તે ઉપરાંત આ આવૃતિમાં બીજાં (૩૬) ગીતો તેમાંથી ઉમેરવામાં આવ્યાં છે તેમના નં. નીચે પ્રમાણે છેઃ—

૧, ૧૧, ૧૨, ૧૭, ૨૦, ૨૭, ૨૮, ૩૬, ૩૭, ૪૧, ૪૫, ૪૭, ૫૭, ૭૧, ૭૨, ૭૪, ૯૭, ૧૦૭, ૧૧૦, ૧૧૫, ૧૧૭, ૧૧૯, ૧૪૦, ૧૪૩, ૧૪૮, ૧૫૯, ૧૬૨, ૧૬૪, ૧૬૬, ૧૬૭, ૨૦૯, ૨૧૮, ૨૪૮,

૨૪૯, ૨૫૨, અને ૨૫૮.

અને એ શિવાય નીચેનાં પુસ્તકોમાંથી પણ કેટલાંક ગીતો લેવામાં આવ્યાં છે તે આ છેઃ—

(A) રેવ. જે. એન. સ્ટીવનસન સાહેબના નાના ગીત પુસ્તકમાંથી

(૬) એટલે નં. ૫૦૫, ૫૧૫, ૫૨૨, ૫૨૯, ૫૩૬, અને ૫૪૬.

(B) મરહુમ રેવ. કા. મા. રત્નગ્રાહીના;

ખ્રીસ્તાખ્યાનમાંથી, (૧) એટલે નં. ૮૨.

લલિત કાવ્યમાળામાંથી (૧૧) એટલે નં. ૫, ૨૮, ૩૧, ૪૭, ૫૬, ૫૭ ૫૮, ૬૦, ૬૨, અને ૬૭.

મીસ સ્કોગી સાહેબ તરફથી મળેલાં, (૩)

એવી રીતે કુલ ૮૭ ગીત આઇ. પી. મીશન તરફથી લેવામાં આવ્યાં છે અને બાકીનાં બીજાં બધાં એટલે ૧૧૩ મારા પોતાના તરજુમા તથા જોડણીનાં છે.

છેલ્લું "સર્વ શક્તિમાન પ્રભુ જેની સ્તુતિ સંપૂર્ણ રીતે કોઇ પ્રાણી ગાઇ શકતો નથી," તેને યથાશક્તિ પોતાની સ્તુતિ અને સેવા, "પરમ ઉંચામાં" ચઢાવવાને વાસ્તે આ પુસ્તક તેના સેવકોને ઉપયોગી થઇ પડશે, એવી આશાથી તેને તથા તેની મંડળીને, નમ્રતા સાથે હું અર્પણ કરૂં છું.

ચર્ચ મિશનેરી સોસાઇટી;
ગીરગામ, મુંબઇ.
તા. ૨૫ જુન. ૧૯૧૫.

લક્ષ્મણ હરી.

વિષયોનું સાંકળિયું.

પહેલી લીટીનો અનુક્રમ.

ભકિતરસ.

A. & M. 4. L. M.

૧ પ્રભાતને પોરે દિનાનાથ, કરૂં છું સુણ તુ મારી પ્રાર્થ;
૧ મુજ ગરીબ ઉપર દયા કર, સેવકની અરજી કાને ધર.

ઇસુ પ્રભુ બિરાજે જ્યાં, દેવને જમણે હાથે ત્યાં;
૨ દ્રષ્ટિ હું મારી લંબાવીશ, પરમ ઉંચામાં ચઢાવીશ.

જે હોય હઠીલા ને નિર્બુદ્ધ, તે તારી નહીં રાખે સુધ;
૩ સહુ જુઠા, ભુંડા, ને ખરાબ, તારી આગળ દેશે જવાબ.

તારી દયા મુજપર ઘણી, રાત દિવસ જારી છે ધણી;
૪ માટે પવિત્ર ભકિતનો, ને ભાવિક થાઉં મંદિરનો.

હું તારા ઘરમાં આવીને, સ્તુતિ ને સેવા ગાઇને;
૫ બીક ગભરાટોને કરી દુર, કરૂં આનંદ તારે હજુર. આમેન.

---

૨ પ્રભુ પુણ્ય દાતાતણી આણુ બુજી તમો, બુદ્ધિ ને પ્રેમ ને બીક રાખો. ટેક.

કામના વેળનાં કાજ પુરાં થયાં, વાર વિશ્રામનો આજ જાણો;
૧ આવરે જીવ સૌ હર્ષથી શાંતિ લ્યો, ધન્ય દાડાતણું દાન માનો.

પરમ ભુપાળને ભાવથી પુજતાં, સૃષ્ટિનાં કાર્યના સુજ રાખો;
૨ વાકયના અર્થમાં વાત જુની નવી, સુણતાં સ્વર્ગના સ્વાદ ચાખો.

ત્રાણ ઇસુતણું ધીરથી ધારતાં, લોક રક્ષાતણું જ્ઞાન પામો;
૩ સ્વર્ગની સુચના ધ્યાનમાં ધારતાં, ભાવથી જાણજો શ્રેષ્ઠ કામો.

પુર્વની પ્રીતિનો પંથ તો પાળતાં, પ્રેમની ભાળ તે પુર્ણ ભાસે;
૪ ઇશ્વરી કાર્ય તો–દીઠ જેવાં થતાં, આશ મોટી થતી નિત્ય જાશે.

કૃત્ય ચોખ્ખાં કરી, સૌખ્ય સાચું સજી, શુદ્ધ આનંદમાં આજ વીતો;
૫ વાંચતાં, શોધતાં, સ્વર્ગનું શીખિયે, હર્ષથી ગાઇયે ધર્મ ગીતો.

ખ્રીસ્તની ખ્યાતિ તો કીર્તને કાડતાં, પુણ્યના માર્ગનાં ગાન ગાઓ;
૬ દેવનાં દાનનો અર્થ પુરો કરી, ઊંચ ધામે જવા સિદ્ધ થાઓ.

---

૩ પ્રભુ સર્વ દાતારને સ્તોત્રથી માનજો, લોક ભુચક્રના સર્વ વાસી. ટેક.

હેત રાખી ઘણું ચેતજે, જીવ તું, જાગતાં ઉઠજે સુર્ય સાથે;
૧ કામની શરતમાં દોડવા માંડજે, સુસ્તિને ત્યાગજે સર્વ વાતે.

દેવના કિર્તનો કાડજે ભોરમાં, ભકિતથી જાગજે એજ વેળા.
૨ ધર્મની વાતને ઝાલ મજબુતથી, દુષ્ટની વાતને માર ઠેલા.

ઇશ્વરે રાતમાં પુર્ણ સંભાળતાં, જીવ કીધો ઘણો આજ તાજો;
૩ એમ તો મોતની ઊંઘથી જાગતાં, અમર ઉઠાડશે જીવ સાજો.

જાગતાં પ્રાર્થના, હે યહોવા, કરૂં, ધાંટ સુણી મને અર્થ આપો
૪ ઝાકળ સવારમાં તાપથી તો બળે, તેમ મારાં બળે સર્વ પાપો

ભાવની ધરણા, ચિત્તની ચાહના, મુળથી ચાલતાં ઝાલ રાખી
૫ પુર્ણ તારૂં ખરૂં જ્ઞાન ઉપજાવજે, ભોરથી ભાવનું વાકય ભાખી

આજનાં કામ તો, વાત ઇચ્છા વળી, ધોરણે રાખતાં સર્વ લાવો
૬ કે મળી જીવની શકિત તે વૃતિ સૌ, પ્રભુ તણા નામને અર્થ આવો

---

૪ પ્રભુ દેવના ધ્યાનથી જ્ઞાન શીખી ઘણું, સર્વદા સત્યની સાથ ચાલું. ટેક

રાતના પોરના ઘોર અંધારમાં, કોણ જુએ મને એમ માનું
૧ દેવ જે એક છે, દેખશે તે મને, ચક્ષુ તેની સદા ચોખ્ખ જાણું

લોક તો ઉંઘમાં ઘોરતા હોય તો, તો મળે પાપનો લાગ સારો
૨ ના મળે; કેમકે દેવ છે સર્વથા, માનવી ચિત્તનો જાણનારે

જ્યાં નથી માણુસો, ત્યાં મને જો મળે, ઘોર એકાંતમાં ગોપ ઠાણું
૩ તોય પણ ત્યાં રહી હું નથી છુપતો, દેવ સર્વત્ર છે નિત્ય જાણું

દેવ આકાશમાં વૈભવે શ્રેષ્ટ છે, નરક પર ક્રોધની આંખ રાખે
૪ ભુતળે વિશ્વનું કાર્ય ચલાવતાં, પ્રેમની દષ્ટિથી સર્વ તાકે

જ્યાં નથી દેવ તો, ત્યાં રહી જીવવું, ના મળે શોધતાં એક ઠાણું;
૫ ક્રોધ તેનો બળે, ચુકવી તે જવા, નાજ એ સંભવે એમ જાણું.
તોય પણ પાપથી મુક્તિ તો આવવા, દેવ દે છે ખરો લાભ પોતે;
૬ ખ્રીસ્તી ઇસુ કણે મોકલી તે કહે, "દોડજે આસરો શુદ્ધ જોને."
ધન્ય ત્રાતા કને દોડતાં દેખતાં, તો કૃપા દૃષ્ટિથી દેવ ભાળે;
૭ દેવની તો દયા એકલો તે લહે, જે પડી ખ્રીસ્તના પાય ઝાલે.

---

૫ સર્વ મારાં જશે વર્ષ વેગે ઘણે, દોડતાં નાસશે જોત જોતાં.
૧ રોજનો રંગ રૂડોજ દેખાય છે, જાય છે શોકને નિત્ય મોતાં.
જાગ રે જીવ તું, ગાયનો માંડજે, ઇશ્વરી પ્રેમને શુદ્ધ જાણી;
૨ ચેતતાં ઉઠજે, કામમાં લાગજે, દેવને ધારજે ધન્ય માની.
કયે ખરે કારણે, જીવતો હું રહું, યોગ્યથી જાણવા વાત તોળું;
૩ સાગરે વાણ તો બંદરે પોંચશે, કૈંજ મારે જવું એજ ખોળું.
વેળનો ઠેલ છે સીંધુની ઓટ જયમ, દેશ દેશે લઇ જાય તાણી;
૪ શીત ને ઉષ્ણતા, વૃષ્ટિ સુકુંવળી, વેઠવા સાર, ને દુષ્ટ હાની
રીતિ એવી હશે કાલના કાર્યમાં, તોય હું બીક નહિ કૈંજ રાખું;
૫ ધન્ય ત્રાતા ખરો ધીર દે છે મને, ધારણા વારતાં નિત્ય ભાખું.
પાર પોંચાડતાં ખ્રીસ્ત પાસે રહે, રાખશે દાસને હાથ દેતાં;
૬ દ્વાર આકાશનું, તેજ ખુલાવશે, ઘેર બેસાડશે માંય લેતાં.
ખેદ ને કષ્ટ, ને કલેશ કંકાશ છે, માનવી વાસમાં ઠામ ઠામે;
૭ એ બધું મુકતાં સૌખ્ય સંતોષ છે, સ્વર્ગમાં પેસતાં પુત્ર નામે.

---

૬ શુભ દીન આદીતવાર, આનંદકાર ઘણો છે;
હેતે હૈયામાં ધાર, આ દીન પ્રભુ તણો છે. શુભ ટેક.
કબર ઉપર વિજય પામી, થયો સજીવન આપણો સ્વામી;
૧ મૃત્યુ તણું દુઃખ વામી, આનંદકાર ઘણો છે. શુભ.
ત્રાતાનો વિજય પ્રેમ સંભારી, સ્તુતિ કરી બહુ થઇએ આભારી;
૨ રાખવી રીત આ સારી, આનંદકાર ઘણો છે. શુભ.

આ દીને ઇશ્વર મંદીરે જઇએ, ભક્તિના કાર્યમાં શામેલ થઇએ;
૩ શિક્ષણ શાસ્ત્રની લઇએ, આનંદકાર ઘણો છે, શુભ.
સંસારી કામથી નિવૃતિ લીજે, શાસ્ત્ર કથામૃત પાનજ કીજે;
૪ જેથી પ્રભુજી રીઝે, આનંદકાર ઘણો છે. શુભ.
આ છે, પ્રભુનો સાબાથ સારો, સદાના વિશ્રામનો એ ઇશારો,
૫ શુભ રીતે તે વિચારો, આનંદકાર ઘણો છે. શુભ.

From Urdu, Tune A. & M. 233. 6, 4.

૭ અંધારૂં ગયું છે, ને, અજવાળું થયું,
સેવા કરવા અમે, હાજર છીએ પ્રભુ,
૧ પ્રકાશના બાપ સર્વ દાતાર, માનીએ તારો ઉપકાર.
મનમાંનો અંધાપો, અમો માંથી મટાડ,
પ્રકાશ તારા મુખનો; અમ સેવકને દેખાડ,
૨ પ્રકાશના બાપ સર્વ દાતાર, મા–ની–એ તારો ઉપકાર.
ને કરીએ આખો દન, અજવાળાનાં કામ,
ને મનથી ગાઇએ, કરી તને પ્રણામ,
૩ પ્રકાશના બાપ સર્વ દાતાર, મા–ની–એ તારો ઉપકાર.
ઉમરની સાંજ વેળા, ભો'થી બચાવવાને,
તું મોતની ખીણમાં, અમારી સાથે રે,
૪ પ્રકાશના બાપ સર્વ દાતાર, મા–ની–એ તારો ઉપકાર.
ને પુનરૂત્થાનને દન, તારી દયા વડે,
આકાશી પ્રકાશમાં, અમોને જગ્યા દે,
૫ પ્રકાશના બાપ સર્વ દાતાર, મા–ની–એ તારો ઉપકાર. આમેન.

From Urdu, Tune A. & M. 34. L. M.

થઇ ચુકયું છે, છ દનનું કામ, આજે છે સાબાથ વિશ્રામ,
૧ દીન પવિત્ર ખુશી આપ, તારી ખુશી છે અમાપ.

સંસાર મનથી નીકળીને, જગ્યા આપ તું સેવાને;
૨ ઇસુ મજપર દયા કર, મારૂં મન કર તારૂં ઘર.
પ્રાર્થના કરવા તું શીખાડ, શાસ્ત્રનો વિષય દેખાડ,
૩ ઉપદેશ પામું સારો જે, તેથી ગુણ બહુ થવા દે.
પવિત્ર આત્મા આવીને, દે શીખામણ સેવકને,
૪ આજથી લઇને હે પ્રભુ, સદા તારો થઇ રહું આમેન.

A. & M. 225. Alphege 7, 6.

૯ અકાશી બાપ, અમ તને, કરીએ છીએ પ્રણામ,
૧ કે ઉઠયા આજ સવારે, લઇ શાંતીનો આરામ,
આખી રાતે અમારી, ચોકી કીધી હે બાપ,
૨ નિર્બળને શકિત આપી, તુજ દયાથી અમાપ.
ધન તને હો જગદિશા, ધન પ્રેમ ને દયાભાવ,
૩ અમ સહુ પર તારે આશીષ, આજે બહુ વરસાવ.
આખો દન સાથે રહીને, તું રક્ષા મારી કર,
૪ કે મનને, વશ કરીને, જીત પામું ભુંડા પર. આમેન.

---

૧૦ From Urdu Tune 87, 87, 77, All Saints.

હે, આકાશ પૃથ્વિના ધર્તા, પીતા, પુત્ર, આત્મા શુદ્ધ,
રાત દિવસનો, તું છે કર્તા, તુજ વિણુ જ્યોતિ પણ વિશુદ્ધ;
૧ સહુની તું કરે સંભાળ; મહા બળથી, હે દિનદયાળ.
સ્તુતિ સેવા કરીએ તારી, કે ગઇ રાતે હે કૃપાળ,
રોગ વિકારોથી ઉગારી, કીધી અમારી સંભાળ,
૨ શત્રુઓથી હે પ્રભુ, આડ ને આશ્રો થયો તું.
પાપનાં સઘળાં બંધનોને, રાતની પેઠે તું મટાડ,
તારી દયાની વૃષ્ટિને, મુજ અંતરમાં બહુ દેખાડ;
૩ ઇસુ ખ્રીસ્ત એક તારૂં લોહી સંઘાં પાપો કાઢે ધોઇ.

આખો દિવસ દયા કરી, બળ બુદ્ધિ; આપો માહારાજ,
અમે તારા દાસો ઠરી, કર્યાં કરીએ સારાં કાજ;
૪ પ્રેમ આનંદ ને, સમાધાન, રાખી, કરીએ તારૂં ધ્યાન.

તારાં વચનો પ્રમાણે, થા અમારો દોરનાર,
પાળક, તું તો સંધું જાણે, સ્વર્ગી જીવનના આપનાર;
૫ તું એકલો પ્રભુ પરમેશ, છાંયા મારી છે હમેશ.

આજે, એવું કર કે, અમે, સ્થંભ ઉઠાવી ચાલીએ,
પવિત્રાત્માની સહાએ, સફર ભર, તું સાથે રે;
૬ જ્યારે ઉઠે આ મુકામ, તુજ પાસ, દેજે સુખ આરામ. આમેન.

---

૧૧ ભજન કરો નિત ભોરે, ભાઇ, ભજન કરો નિત ભોરે.

રવિ ઉગતે સહુ ચેતન જાગો, ગાન કરો આ ઠોરે:
૧ સુયંતણું તો ચડતા સુધી ખ્રીસ્ત રહ્યા નહિ ઘોરે. ભજન.

એમજ કરતું, દુષ્ટ રખે જો આળસ દિનને ચોરે,
૨ પાપી જન જો નિંદ્રા રાખે લજ્જીત તે આહોરે. ભજન.

જાગી ઉઠી ચેત કરો ચિત્ત, મંદક કર આઘોરે;
૩ સત્યદિવાકર ખ્રીસ્ત ખરો છે, અજવાળું તે મોરે. ભજન.

દોષિત અંધક સર્વ મટાડી પુણ્ય પ્રભાકર દોરે;
૪ તારકનો સુપ્રકાશ વખાણી દિન તેને અર્પો રે. ભજન.

રાત મટે વિશ્વાસ કર્યામાં તિમિર નમે નિજજોરે;
૫ માન્ય થતાં ઉજાસ થશે રે, એવો જોતો હો રે. ભજન.

ઇસુ વણુ તો ભક્તિ ન તેજી, અંધક તેની કોરે.
૬ ત્રાતાના આદિત્ય વિના તો, સહુ જપ અંધે શોરે. ભજન.

કાળ પ્રભાતથકી તો ગાંતાં, ચકનું અંજન લ્યો રે;
૭ જોતાં, તું તો તન, મન, ધનનું પ્રભુને અર્પણ દો રે. ભજન.

From Urdu Tune A. & M. 108 L. M.

૧૨ આવી છે ઇતવારની સાંજ, ને પુરો થાએ દિન વિશ્રામ;
૧ પ્રભુ પ્યારા તારી હજુર, ઉપકાર ચઢાવું કર મંજુર.

તું અતિ ઘણા આશીર્વાદ, પવિત્ર વારે આપે છે,
૨ તોએ હું ભુલમાં પડું છું, ને આશીર્વાદને ખોઉં છું.

સેવકની બધી ભુલો જે, દયા કરીને માફ કરજે,
૩ પવિત્રાત્માની મદદે, ધાર્મીકતામાં વધારો દે.

ઉપદેશમાં આજે શીખ્યા જે, અમારા મનમાં ઠસવા દે,
૪ કે મંડળીના સૌ કોને, તેથી બહુ લાભો મળે. આમેન.

7s.

૧૩ દહાડો ગયો, થઇ રાત, તને નમું સર્વ નાથ;
૧ હું સંભારૂં તારો પ્રેમ, તારી ધીરજનો સુનેમ.

પાપ થયું છે વારંવાર, ભુલો થઇ છે અપાર;
૨ તેમની ગણતી ન થઇ, તેમની સરત ન રહી.

તેમનો શું કહું સુમાર, દેવના જે અપાર ઉપકાર?
૩ માટે જીવું છું હજુ, માટે છે કે હું ભજું.

હે દયાળુ પ્રેમી બાપ, તારૂં જ્ઞાન તું મને આપ;
૪ તારૂં ધ્યાન મારામાં થાય, પાપની ભુલ મારાથી જાય.

જાણી આજનું બધું કામ, ધ્યાનમાં રાખી તારૂં નામ,
૫ દીનતાએ ભજું, નાથ, આશિષ આપો આજની રાત.

પાપને કહાડે જે લોહી, ભાવે તેના પર જોઇ,
૬ મનમાં થાઉં હર્ષાતુર, પાપને ફેંકી દઉં દુર.

પ્રભુ, ગતમાં દયા કર, તારા વિચાર મનમાં ભર;
૭ બધું ખોટું મનથી કહાડ, ને સંભાળીને જગાડ.

A. & M. 346. 6, 5.

૧૪

દાડો પુરો થયો, રાત્રિ આવી પાસ,
૧ સંધ્યા કેરો છાંયો, ફેલાયો ચોપાસ.

અંધારૂં છવાયું, તારાઓ દેખાય,
૨ પક્ષી પ્રાણી ફુલો, સરવે ઉંઘી જાય.

થાકેલાને ઇસુ, દે મીઠો આરામ,
૩ આશીશો પામીને, ઉંઘું હું આ ઠામ.

નાનાં બાળકોને, તારાં સ્વપ્નો થાય,
૪ ખલાસીઓ બચે, સમુદ્રની માંય.

બધાં દુઃખીઓને, દિલસો દે નાથ,
૫ પાપો ઇચ્છે તેને, વારે તારો હાથ.

દુતોની રક્ષામાં, રહું આખી રાત,
૬ પાંખોની છાંયામાં, ઉંઘું ભલી ભાત.

પ્રભાતે હું ઉંઠું, સાજો તાજો થઇ,
૭ રહું શુદ્ધ ચોખ્ખો, તારી દ્રષ્ટી માંય.

સ્તુતિ હો પિતાને, પુત્રને હો ગાન,
૮ શુદ્ધાત્માને હોજો, સદા સ્તુતિ માન. આમેન.

A. & M. 27 105.

૧૫

મુજ સાથે રે! કે સાંજ તો પડી છે;
અંધારૂં થાયછે; પ્રભુ સાથે રે!
અવર નથી સહાય, દિલાસો કો ન દે;
૧ તું અસહાયનો સહાય, મુજ સાથે રે!

ટુંક છે આયુષ્ય, મર્યાદા આવી પાસ;
દુન્યાઇ મોજથી નથી આજ ઉલ્લાસ;
ચારોગમ સહુમાં વિકાર થાય છે;
૨ હે પ્રભુ નિર્વીકાર, મુજ સાથે રે!

તું આવી જાય તેથી હું ન ધરાઉં;
પણ પ્રેમથી આવી, રે તો મગન થાઉં;
વાટસરૂ નૈ, પણ વસનારની પેઠે;
૩ સંપુરણ કૃપા કર, મુજ સાથે રે!

રાજેશ્વર તુજ ન આપનો આવીશ ભય;
પણ દયા લાવી ટાળીશ મારો ક્ષય;
સર્વ દુઃખનો ભાગ કરૂણાથકી લે;
૪ હે પાપનિવારક, આવ, મુજ સાથે રે!

હું હતો બાળ, ને ધર્યો મારો હાથ;
ને જો કે આડોજ ચાલ્યો છું તુજ સાથ,
મુકયોજ તુજ પંથ, પણ તું ન મુકી દે;
૫ અંત લગી હે પ્રભુ. મુજ સાથે રે!

મજથી એક પળ તુજ વિના ન ટકાય;
ભવસીંધુ પાર તું સાથ હો, તોજ જવાય;
તુજ વિના કોણ થાય ગુરૂ, આસરો દે;
૬ દુઃખ સુખમાં, હે તારનાર, મુજ સાથે રે!

તું આશિષ દે, ન લાગે રિપુત્રાસ;
ન દુઃખમાં ભાર, ન આંસુમાં કડવાસ;
નથી કાળ ડંખમાં ઝેર, કે ઘોરનો જે;
૭ નિત મને જય, જો તું મુજ સાથે રે!

મોત આવ્યું પાસ,તુજ મોતની યાદ કરાવ;
મટાડી ઝાંખ આકાશ માર્ગે ચલાવ,
ફાટયો સ્વર્ગ પોહ, જગમાયા નાસે છે,
૮ મુજ જીવતાં, મરતાં, પ્રભુ, સાથે રે! આમેન.

From Urdu. Tune A. & M. 15. 7,5.

૧૬ કામથી હાથ ઉઠાવું છું, સુવા માટે જાઉં છું,
૧ બાપ આકાશી મને ધર, મારા ઉપર નજર કર.
આજ દિવસના હે પ્રભુ, પાપો માફ કરી દે તું,
૨ મનમાં હોય જે ખામીઓ, ઇસુના લોહીથી ધો.
ઘરનાં નાનાં મોટાં સહુ, સોંપી તારા હાથમા રહું,
૩ કૃપા કરીને હે કૃપાળ, સૌનો થાજે રખેવાળ.
માંદાઓને સાજાં કર, દુઃખીતોમાં શાંતી ભર,
૪ હરેક સ્થળે જગદિશા, સેવકોની કર રક્ષા. આમેન.

From Urdu Tune A. & M. 270 S. M.

૧૭ જો, પ્રભુ આવે છે, રણશીંગડાનો પુકાર,
૧ હે મારા ભાઇ જાગ્રત રે, ને, ઉઠી થા તૈયાર.
જો, પ્રભુ આવે છે, કોણ સેવક સુઇ જશે,
૨ સંસારના લોકો સુઇ રહે, તું સુઇ ને ખોશે.
જો, પ્રભુ આવે છે, અંધારૂં ઘણું છે,
૩ ને અર્ધી રાતની નિદ્રામાં, સૌ જગત પડયું છે.
જો, પ્રભુ આવે છે, તે વાર નહીં કરશે,
૪ મશાલને ભાઇ હાથમાં લે, ને બોલ ઇસુની જે.
જો, પ્રભુ આવે છે, ઉઠીને તૈયાર થા?
૫ આત્મા, ને કન્યા કહે છે, હા પ્રભુ ઇસુ આવ. આમેન.

A. & M. 53 Martyrdom C. M.

૧૮ ખુશીની ખબર જાણી લે; કે ઇશુ આવ્યો છે;
૧ અમારો બદલો થઇને, તારણ તે લાવ્યો છે.

હે મીત્રો, મનથી આવીને, થજો સહુ તૈયાર;
૨ ઇસુને મનમાં જગા દઇ, ભજો સુ નામ આ,વાર.

અંધારૂં તે મટાડે છે; તે છે જગતની જોત,
૩ પાપોથી તે બચાવે છે, ને આપે બહુ સંતોષ.

શેતાનના બંધીખાનાથી, અમને છોડાવે છે;
૪ ને બધી આફતોમાંથી, આરામ પમાડે છે.

તો પાસે બધા આવીને, સૌ દેશો ને સૌ જાત,
૫ ઇસુને હમણા જાણીને, માનો સૌ તેની વાત આમેન.

---

૧૯ A. & M. 52, 87, 887.

શું જોઉં છું મહાન પરમેશ;
અંતકાળ તો આવી લાગ્યો!
ને ન્યાયાધિશ જે છે જગદિશ,
તે વાદળોમાં આવ્યો.
રણશિંગાં વાગે, મુડદાઓ,
સહુ ઉઠો તમ, તૈયાર થાઓ,
૧ હવે કંઇ વાર નહિ થશે.

ધાર્મિક ઇસુમાં મુઆ જે,
પહેલું પુનરૂત્થાન પામે,
નીજ પ્રભુને મળવા કાજે,
ચઢે છે ઉંચે ધામે.
બીક ગભરાટ નીકળી ગયા છે,
પ્રભુની પાસે રહયા છે;
૨ જે મળવાને તૈયાર છે.

અવિશ્વાસી કરે કલ્પાંત,
ગભરાટને લીધે કાંપશે,
સજા સેવા કરે ઉત્પાત,
નકામી હાય, હાય, કરશે,
દિન વીત્યો તારણ પામવાનો,
આ વખત ન્યાય સુકાદાનો,
૩ તૈયારી કેમ નહીં કીધી?

એ ન્યાયાધીશ તારી આગળ,
અમારી પ્રાર્થના રેડીએ,
ને નમ્ર થઇ પ્રભુજી,
તારી પ્રીતિને પેરીએ.
ઇસુ મસીહના આશ્રયમાં,
જગતને અંતે હું તરવા,
૪ વિશ્વાસ લાવી તૈયાર છું. આમેન.

---

૨૦ A. & M. 51 Kensington New 8, 7, 4.

જો, તે વાદળોમાં આવે,
પાપી કાજ મુઓ તો જે,
લાખો લાખ પવિત્રો સાથે,
જય જય કરતાં ચાલે છે.
હાલીલુયા (૩)
૧ ખ્રીસ્ત પાછો આવે છે

દરેક આંખો તેને જોશે,
આવતા વૈભવ પેરીને
અને જેઓએ નકાર્યો
વેચ્યો, વીધ્યો છે તેને,
રોતાં રોતાં (૩)
૨ જોશે ખરા ઇશુને.

તેના દુઃખોની નિશાની,
હજી પણ તે રાખે છે,
જેણે કરી ઉંચે ધામે,
સંતોને પોંચાડે છે,
કેવે હર્ષે (૩)
૩ ચાલે ધજા જોઇને.

હા, ને સૌ કો તને ભજે,
ઉંચ આકાશ સિંહાસને,
ત્રાતા સઘળો મહિમા લેજે,
લેજે તુજ રાજાસને,
હાલીલુયા (૩)
૪ ઓ પ્રભુ, તું રાજ કરજે. આમેન.

A, & M. 53 Bristol C. M.

૨૧ જો, ત્રાતા દુનિયાનો મસીહ, આકાશથી આવે છે,
૧ પુર્વથી લઇ પશ્ચિમ સુધી, સૌને બોલાવે છે.

તે આવે છે, છોડાવવા, શેતાનના કેદીને,
૨ તોડી કરી સૌ બંધનો, સુખદલો આપવાને.

આવે છે સમા કરવાને, હૃદય ભંગિતોને,
૩ ધનવાન કરવા ગરીબોને, કૃપાના ધન વડે.

ધન તને શાંતિના સરદાર, અમે નીત કહીશું,
૪ ને તારા ગાઇ, જે જે કારં, સૌ સાથે રહીશું. આમેન.

A. & M. 59. Adeste Fideles.

૨૨ હે પુત્રિ, સીયોનની, ખુશી કર તનમનથી,
આનંદે ગા, તુ હે યરૂશાલેમ;
જો, તારો રાજા, આવે છે પાસ તારી,
૧ સલામતીનો રાજા, (૩) દિનદયાળ.

હોસાના, હોસાના, તને હો મસીહા,
ગાઇએ, ધન ધન તારૂં નામ,
આપ સુખ ને શાંતી મંડળીને તારી,
૨ ને તારૂં રાજ પવિત્ર (૩) નીત વધાર. આમેન.

---

૨૩ A. & M. 59. Adeste Fideles.

હે, સહુ વિશ્વાસીઓ, હર્ષે ખુશી થઇને,
ચાલો, ચાલો, હવે બેથલેહેમ.
૧ જનમ્યો છે, જુઓ, રાજા જે દુતોનો,
ઓ, ચાલો તેને નમીએ (૩ વાર) રાજાને. ટેક.

દેવ સાથે દેવજ, જોત સાથે જોતજ,
તો પણ કુંવારીથી, અવતર્યો,
૨ દેવનો તે એકલો, પુત્ર છે બહુ વ્હાલો. ટેક.

દુતોની સેનાઓ, સ્તુતિ સેવા ગાઓ,
ગાઓ આકાશે રેવાસીઓ,
૩ દેવને ઉંચામાં, થાઓ માન ને મહિમા. ટેક.

ઓ પ્રભુ તું જે, જગતમાં જનમ્યો છે,
માન ને, મહિમા તને સદા થાઓ.
૪ પિતાનો શબ્દ જે, સદેહ થયો આજે. ટેક. આમેન.

A. & M. 79. 7,7,7.

૨૪ તારો જોઇ હર્ખીને, માગી ચાલ્યા ઉઠીને,
આનંદે આગળ થયો, પ્રભુ પાસે લઇ ગયો.
૧ તેમજ પ્રભુ અમોને. તારી પાસે દોરી લે.

તારી ગભાણની પાસે, તેઓ ચાલ્યા વિશ્વાસે,
પુજન પોંચાને કીધું, પ્રભુઓના પ્રભુનું,
૨ તેમજ અમે પણ પ્રભુ, નમીએ કબુલ કર તું.

સુંદર ભેટોનું અર્પણ, કીધું તારા ચર્ણો પર,
તેમજ અમે કરીએ, અર્પણ તારી આગળે,
૩ તનમન ધન, ને જે લવાય, માન્ય કર હે ત્રાતારાય.

હે ઇસુ, દયાનિધિ, મારી વાટને કર સીધી,
કે આ જગત વિતિ જાય, ત્યારે તારીપાસ થવાય,
૪ પછી કંઇ જરૂર નથી, મને દોરવા તારાની.

પ્રકાશિત આકાશી દેશ, નથી ત્યાં અંધારૂં લેશ,
કેમકે ત્રાતાનો પ્રકાશ, કરે ત્યાં અનંત ઉજાસ,
૫ તેની પાસે રહીશું, હાલીલુયા ગાઇશું. આમેન.

---

૨૫ A. & M. 60. 7,7.

સુણો, દુતો ગાય છે,
"ધન્ય બાળક રાયને,
ભુલોક શાંતતા, દયા—
માનવ દેવ સન્નિધ થયા!"
હે સહુ પ્રજા, ઉમંગે
ગાઓ સ્વર્ગી સેન સંગે!
૧ દૂતો સાથે જણાવો,
"બેથલેમ ખ્રીસ્ત જનમ્યો."
સુણો દુતો ગાય છે,
"ધન્ય બાળક રાય ને." ટેક.

સ્વર્ગે જે પુજાય છે,
સદાનો જે રાય છે,
આવ્યો તે ઠરેલે કાળ,
થયો કુંવારીનો બાળ!
શબ્દ થયો છે સદેહ,
સદવતારને બોલો જેહ!
માનવમાં માનવ થએલ,
૨ ઇસુ, તેજ ઇમાનુએલ.
સુણો, દુતો, ઇત્યા.

સર્વને તે દે છે નુર,
જીવને તે છે ભરપુર.
સ્વર્ગી મહિમા તજી તે
મોત હરાવવા જન્મે છે;
માનવ પુનર્જન્મિત થાય,
૩ માટે અવતાર લે છે રાય.
સુણો દુતો, ઇત્યા. આમેન.

---

૨૬ જય જય ખ્રીસ્ત દયામય સ્વામી.

સ્વરનું સુખ તેં મુકી દીધું, માનવ દુઃખ નિહાળી,
૧ નભથી ભુ લગ નીચો થઇને, છેક થયો તું ખાલી.

તું ધનવાન છતાં નિર્ધન થઇ, આવ્યો આ જગમાંહીં,
૨ સ્વર્ગ ભુવનનો રાજકુંવર તે, દિનપણાને ગ્રાહી.

માતા મરીઅમ પેટે જનમી, માનવ દેહ તેં ધારી,
૩ નમ્ર ગભાણે પોઢી વ્હાલા, કોમળ કાયા તારી.

આ જગમાંહિં વાસ કરીને, જન હિત કાર્યો કીધાં,
૪ અંધા પંગા સાજાં કીધાં, અંગ પરિશ્રમ લીધાં.

પ્રેમ દયાથી નિશદિન વર્તી, શુભ ઉપદેશાજ દીધો,
૫ તોપણ જગતે અંધ બનીને, નાથ ન માની લીધો.

મુજ પાપે બહુ પીડિત કીધો, વીંધ્યા અંગો તારાં,
૬ ગાઉં નિરંતર તુજ ગુણ ગીતો, પરમ પ્રિય પ્રભુ મારાં.

---

૨૭ A. & M. 62. C. M.

બેથલેમની સીમે અર્ધી રાત, હતા બહુ ઘેટાં પાળ:
૧ ને દુત દેખાયો અકસ્માત, ને પડયું બહુ ઉજાળ.

તે બોલ્યો, વાત બિહામણી, કંઇ મારાથી ન થાએ:
૨ પણ આકાશથીજ વધામણી, સહુ લોકો મધ્યે જાએ,

દાઉદના નગરમાં એ પુત, આજ જન્મી આવ્યો છે;
૩ તો જાઓ તેની કરો સ્તુત, તે તારણ લાવ્યો છે.

એમ હવે તે આવેલો છે, મા કને જોશો બાળ;
૪ ગભાણમાં તે સુતેલો છે, એ નમ્રતાનો હાલ.

એટલું કહ્યું, અને એકદમ, દુતોની સભા થઇ;
૫ ને સ્તુતિઓ આકાશની ગમ, ઘણી સંભળાઇ ગઇ.

આકાશમાં પ્રભુને પ્રતાપ, ને પૃથ્વી પર સલાહ;
૬ ને મનુષ્યો મધ્યે મિલાપ, ને સર્વકાળ ઉત્સાહ; આમેન

A. & M. 56. 8, 7, 8, 77.

૨૮ સૃષ્ટિની ઉત્પત્તિ પેલાં, પીતાનો અનાદિ બાળ:
તે છે આલ્ફા ને આમેગા, આદી ને છેલ્લો નિહાળ.
૧ જે જે છે ને જે બનેલાં, તેની પૂર્વે એ સૌ કાળ;
ભજો તેને સર્વકાળ.

જન્મ કેવો ધન્ય ભારી, કન્યા કૃપાથી ભરાય;
શુદ્ધાત્માથી ગર્ભ ધારી, જણ્યો જગ ત્રાતા રાય.
૨ ત્રાતાએ આ કાયા ધારી, આવ્યો એ ભુલોક માંય;
ભજો તેને સર્વકાળ.

જેના વિષે સંતો બોલ્યા, તે તો આ પ્રભુનો તન;
ને પેગંબરોએ આપ્યાં, એના વિષે સુવચન
૩ આખરે પ્રકાશ્યો તે તો; કરો સ્વામીનાં સ્તવન;
ભજો તેને સર્વકાળ.

હે આકાશો, સ્તવો તેને, દુતો, ગાઓ તેનાં ગાન;
નમો, અધિકારો અને, રાજાને આપો વખાણ.
૪ શ્વાસવંતાં સંધા પ્રાણી, માને એને સ્તુતિવાન;
ભજો તેને સર્વકાળ.

હે ઠરાવેલા મસીહા, પીતા ને શુદ્ધાત્મા સાથ;
થાકયા વિના તુંગીનો ગાશું, અમો આજે સૌ સંતાન.
૫ મહીમાં, માન, સ્તુતિ, જય, હે ઇસુ અમારા નાથ,
થાઓ તને સર્વકાળ. આમેન.

---

૨૯ અઘ હરતા થઇ દુઃખ હરે છે, પાપીને કાજે ઇસુ મરે છે; ટેક.

૧ કંટક મુગટ પોતે પહેર્યો, ગૌરવનો તાજ પાપીને દે છે. અઘ.
૨ તેનાં અંગ ભંજાયાં ત્રાથી, એથી પાપીને રૂઝ વળે છે. અઘ.
૩ રૂધીર ધારા અંગથી ઝરતી, તે તો પાપીને સ્વચ્છ કરે છે. અઘ.
૪ અધમ જનોને ન્યાયી બનાવવા, પોતે તો ગુન્હેગાર ઠરે છે. અઘ.
૫ ખાટું કડવું તેણે પીધું, પાપીને અમૃત પાન ધરે છે અઘ.
૬ ૯ઠ્ઠાદારી મરણ તે પામ્યો, જીવનદાન એ અધમોને દે છે. અઘ.

---

૩૦ ત્રાતા દીનદયાળ, જગતે નવ જાણ્યો. ટેક.

૧ પ્રેમ કરી જગ પાસે આવ્યો, કીધો નહીં સ્વીકાર. જગતે.
૨ અજવાળું જગ કાજ હતું પણ, જગે ચહયો અંધકાર. જગતે.

૩ જગનાં કષ્ટો કાપ્યાં તોપણ, કીધો જગે અપકાર. જગતે.
૪ બહુ રોગીનાં રોગ નિવાર્યા, રાખી કરૂણા પ્યાર. જગતે.
૫ પણ જગતે તો કલેશી કીધો, તેને વારંવાર. જગતે.
૬ આંખ ઉઘાડી અંધાની કે, નિરખે સૃષ્ટિ શૃંગાર. જગતે.
૭ પણ જગતે ચક બંધ કરી, નવ નીરખ્યો દૃષ્ટિ દાતાર. જગતે.
૮ કૈંક મરેલાને કરૂણાથી, જીવાડયા તે વાર. જગતે.
૯ જગતે જીવનના દાતાને, ઇચ્છયો કરવા ઠાર. જગતે.
૧૦ જીવન દેવા જગને આવ્યો, પ્રેમ કરી જેવાર. જગતે.
૧૧ જગતે વધ કરવાને માગ્યો, પાડી બહુ પુકાર. જગતે.
૧૨ એવા જગથી જુદા થાજો, જો ત્રાતાનો પ્યાર. જગતે.

A. & M. 183. Bernard C. M.

૩૧ પાપોના ઘાથી ઘાયલ મન, બહુ નિર્ગત થાએ છે,
૧ ત્યારે, ઓ સ્વામી તારો હાથ, આરામ પમાડે છે.

મન મારૂં જ્યારે શોકિત હોય, ચક્ષુથી વહે નિર,
૨ તે વારે, તારૂં જખમી મન, મને આપે છે ધિર.

પાપના બોજાથી મારૂં મન, પરતાઇને રડે છે,
૩ તે વારે, તારા લોહીની ધાર, સૌ દાગને કાઢે છે.

ઇસુનું લોહી કરે શ્વેત, તેનો ભુજ કરે શાંત,
૪ આફતની વેળા તે આધાર, સહુ સુખોમાં સંઘાત.

ઘવાયલા હાથો લાંબા કર, ઉઘાડી ઝરણને,
૫ પાપોથી મારી રક્ષા કર, તુજ મનમાં જગ્યા દે. આમેન.

૩૨ દૃષ્ટિએ પડે થંભ જે પળે,
વિલાપકાર શોક હર્ખમાં ભળે;
દેવ પુત્ર, તેં થંભ તો ધરી,
૧ પડેલ દુષ્ટ કાજ મુકતતા કરી.

થંભ વેઠતાં ખ્રીસ્ત રાય રે,
અભાગ્ય લોક કાજ નાથ થાય રે;
પ્રાણ છોડિયો મોત પાડવા,
૨ ફરી થયો સજીવ મૃત્યુ કાડવા.

દુ:ખ વેઠિયું પાપ કાપવા.
લીધો અત્યંત દંડ પુણ્ય આપવા;
પુર્ણ ચિત્તથી માન્ય તો કરું,
૩ ખરી ઉદ્ધાર રીત ભાવથી ધરું.

વાકય પ્રેમનાં ખ્રીસ્તનાં ઘણાં
હ્રદે સદા ધરીશ સંશયો વણા;
નિત્ય શુદ્ધતા પામતો રહું,
૪ ધરી પવિત્ર માર્ગ સ્વર્ગમાં જઉં.

A. & M. 109. 8, 7.

૩૩ ક્રુસ પાસે જે વખત ગાળું, કેવો પ્રિય મધુકર;
૧ પાપીઓના મરતા રાયમાં, સુખ શાંતીનું છે ઝરણ.

અહીં શોભીને હું જોઉં, લોહીની ધારો છે ભરપુર,
૨ મન પર જ્યારે તે છંટાએ, તો પ્રભુને છું મંજુર.

ઇસુના વધસ્થંભ તળે, કેવું સુંદર મારૂં સ્થાન,
૩ તેની દયા દ્રષ્ટી વડે, દેવની આગળ પામું માન.

તુજપર નજર કરી સદા, મનમાં ધિરજ રાખી રૈશ,
૪ ને તારા પ્રકાશને સદા, મનમાં પ્રગટ થવા દૈશ. આમેન.

A. & M. 108 L. M.

૩૪ મહિમાનો રાજા મુઓ જ્યાં, તે અદ્ભુત ક્રુસને જોઇને,
૧ ગણું છું તોટો સંધું ત્યાં, મારો અભિમાન ખોઇને.

એવું તું કરજે ઓ પ્રભુ, કે ક્રુસ વિના બીજુ કશું,
૨ કદી ન જાણું હે વિભુ, ને તને અર્પણ થઇ રહું.

શુળોના તાજથી વ્હેતી ધાર, હાથે પગે ખીલાના માર,
૩ રૂદનમાં પ્રીતી છે અપાર, મુજ પાપીનો ઉપાડે ભાર.

ઓ પ્રભુ તારે માટે જાણુ, અર્પી દઉં છું મારો પ્રાણ,
૪ જગતનો સૌ તોટો સહું, ને તારી પ્રીતિમાં રહું.

પાપીઓ માટે કૃપા તેં, મેળવી છે લોહી પાડીને.
૫ સ્તુતિ ને સેવા સદાકાળ, હોજો તને હે દિનદયાળ. આમેન.

A. & M. 111 7, 6, 7, 6.

૩૫ ઓ મસ્તક લોહી ભરેલા,
કાંટાના મુગટ દાર,
ઓ મસ્તક જખમ વાળા,
સે' છે જે દુઃખનો ભાર;
આગળ તું તો ઊંચામાં,
રે'તો પિતાની પાસ,
પણ હમણા છે પિડામાં,
૧ મુજ પાપી માટે ખાસ.

જોઉં છું તારા બળને,
તે કેવું ઘટે છે,
ને મોતથી તારો ચ્હેરો,
નિસ્તેજ થએલો છે;
આ પ્યાર છે કેવો ખરો,
આહા તેનો વિસ્તાર,
ઓ સ્વામી તારો ચ્હેરો
૨ મુજ સેવકને દેખાડ.

તેં જે જે કંઇ સહ્યું છે,
તે મારે માટે જાણ,
મારા પાપોના સબબ,
[illegible] ધું ત્રાણ,
તારા વધસ્થંભ નીચે,
હું ગરીબ ઉભો છું,
આ ઉપકારસ્તુતિ લેજે,
૩ જે મનથી કરૂં છું.

પાળક પ્યારા પ્રેમે,
કર મારો અંગિકાર,
ને, મોત વેળાની નેમે,
તું પોતાને દેખાડ,
ને, તને વળગી રેવા,
ધર મને હે ધણી,
જો તારી સોડમાં મરૂં
૪ તો થાય ખુશી ઘણી.
આમેન.

A. & M. 104. Luthar. 87, 87, 887.

૩૬ ઉંડાણોથી હું પ્રભુને,
પોકારૂં છું રોઇ રોઇને,
તું મુજપર કૃપાદ્દષ્ટિ કર,
લે મારી અરજ કાને,
હા, જો તું સૌ પાપોનું રે,
પુરેપુરૂં લેખું કરે,
૧ કોણ તારી આગળ ઠરે,

તું દયાકૃપાથી ભરપુર,
આપે છે મોટી માફી
દાન તારૂં એ તો છે જરૂર,
ને તારૂં દાન લીધાથી,
અમારાં બધાં સારાં કામ,
ઠાલાં છે સહુ કચરા સમાન,
૨ તેથી તારણ ના મળે.

તનમનથી તને હે ધણી,
આંખો ઉઠાવી જોઉં;
તુજ વચનમાં શાંતી ઘણી,
તે મારી કરી લઉં,
તું આશ્રા છે ને મારો ગઢ,
દિલાસો આપે છે અચળ,
૩ એ મારી મોટી શાંતી.

પાપો અમારાં અગણીત,
ભુંડાઇ ઘણી ભારે
પણ તું છે એવો દયાવંત,
અપરાધો સંધાં કાઢે,
પ્રભુ છે આસરો દાસોનો
દયા કરવા ઉતાવળો,
૪ તુજપર ભરોસો કરીએ. આમેન.

A. & M. 107. Caswell. 65, 65.

૩૭ ગુણ ઇસુના ગાઓ, જેણે દુઃખ સહ્યું,
૧ મારે માટે પ્રાણ દઇ, લોહી વ્હેવડાવ્યું.

તે લોહીથી મળે, કૃપાને જીવન,
૨ ધન ધન તેના પ્રેમને, દયાને પણ ધન.

ખરીધું હલવાને, પાપી જગતને.
૩ પોતાને રૂધિરે, તાર્યાં બધાંને,

હાબેલના લોહીએ, બદલો માગ્યો તો,
૪ પણ ઈસુનું લોહી, માફી આપે લ્યો.

અપવિત્ર મનમાં, જયારે તે છંટાય,
૫ ત્યારે ચીસ પાડીને, શેતાન નાસી જાય.

પૃથ્વિ પર થાએ જ્યારે, ઇસુના વખાણ,
૬ આકાશે પણ ગાએ, દૂતો મહીમાવાન

હે વિશ્વાસી ભાઇઓ, ભેળા મળીને,
૭ ઉંચે સાદે ગાઓ, ખ્રીસ્તના લોહીને. આમેન.

A. & M. 103. Sicilian Mariners. 8, 7, 4,

૩૮ પાપી લોકો, દોડી આવો,
સઘળા જે ઘાયલ બીમાર,
ઇસુ પાસે જલદી આવો,
દયા કૃપા છે અપાર.
શક ન કરો; (૨)
૧ તે દયાળુ ને કૃપાળ.

ભૂખ્યા તરસ્યા લોકો આવો,
લોઃ પ્રભુના તારણને,
ચાલો પુર્ણ વિશ્વાસથી આવો,
આશીષના ખજાનાને
વિના પૈસે, [૨]
૨ ઇસુથી, તમ પામીલો.

થાકેલાં દુઃખીઆરાં બધાં,
પાપને લીધે બેઆરામ,
ઉંઘથી ઉઠી જાગો સંધા,
સાંભળો તમે ઇસુ નામ.
પાસે આવો, [૨]
૩ તેનાથી, પામો વિશ્રામ.

જુઓ બાગમાં તેના ઉપર,
પડયાં કેવાં શોક ને દુઃખ,
ટાંગી દીધો થંભના ઉપર,
ત્યારે ઉચર્યું તેનું મુખ,
પુરૂં થયું [૨]
૪ તારણ; પાપીઓને સુખ

ત્રીજે દિવસે જીવી ઉઠયો,
ને આકાશી રાજા થઈ;
બાપને જમણે હાથે બેઠો,
અમપર કૃપા કીધી જઈ,
ઇસુ તું છે [૨]
૫ દાસોનો સદા વિજય. આમેન.

From Urdu Tune A. & M. 103 Vesper Hymn 8,7,4.

૩૯ ઇસુ બાપનો ઘણો વ્હાલો,
વાડીમાં તે પડયો છે,
મરવા જેવો દુઃખી થએલો,
ગજબ તે પર પડયો છે,
મારે માટે (૨)
૧ હે ઇસુ, એ થયું છે.

શત્રુઓએ તને લઇને,
ઠઠ્ઠામાં ઉડાવ્યો હાય,
કોરડા મારી ને થુંકીને,
હાંસી કરતાં ચાલ્યાં જાય,
મારે માટે [૨]
૨ હે ઇસુ, એ સહુ કરાય.

પછી થંભે દુઃખ સહીને
વેઠયું મરણ મારે કાજ,
મારાં પાપો બધાં લઇને
ઉપાડયું તેં દુઃખને લાજ,
મારે માટે [૨]
૩ હે ઇસુ, આ ખરેખાત.

ત્રીજે દીવસ જીવી ઉઠયો,
બેઠો બાપને જમણે હાથ,
પવિત્રાત્માને વસિલે
રે છે તારા દાસો સાથ,
મારે માટે [૨]
૪ તું આકાશે છે સાક્ષાત.

હે ગુરૂજી, ઇસુ મારા તું એક મારો પ્યારો છે,
મારો તો, તું બદલો છે, હે ગુરૂજી [૨]
મુકિત પામું તારે દ્વારા, ૫ મને તારી પાસે લે. આમેન.

A. & M, 92. 7s.

૪૦ ચાલીસ દિવસ ચાળીસ રાત, વનમાં કીધોઉપવાસ,
૧ ચાલીસ દિવસ ચાળીસ રાત, પરખાયો વેઠીને ત્રાસ.

આખો દન સુરજનો તાપ, ઝાકળ ઠંડી આખી રાત,
૨ જંગલી જનાવરનો ધાક, સહ્યાં દુઃખો બહુ અમાપ.

પ્રાર્થના ને ઉપવાસોથી, તારી સાથે ખુશીથી,
૩ દુઃખ સહનમાં ભાગીદાર, થવાને છીએ તૈયાર.

શેતાન જગત દેહ સાથે, લઢતાં નિર્ગત થઇએ,
૪ તો તું માહાભારત હાથે, પડવાથી બચાવી લે.

ત્યારે, અમને પિતાની, શાંતી જરૂર મળવાની.
૫ અને દૂતો આવેશે, અમારી ખબર લેશે.

આવે જ્યારે અંતકાળ, પ્રિય ત્રાતા દિનદયાળ,
૬ ત્યારે અમોને જગાડ, સ્તુતિ ગાવા સદાકાળ, આમેન.

S. S. Peculiar Tune. 8. 7.

૪૧ સ્તંભ પર ઇસુ મુઓ છે, ઇસુનાં વખાણો ગાઓ,
૧ તે મારો ત્રાતા થયો છે, ઇસુનાં વખાણો ગાઓ.

ઇસુ, પ્રભુ, તું દયાવાન, બહુ વ્હાલું લાગે તારૂં નામઃ
તું જીવાડે છે મારી જાન, ઇસુનાં વખાણો ગાઓ. ટેક.

મસીહે લીધો મારો ભાર, ઇસુનાં વખાણો ગાઓ,
૨ મુજ પાપીનો તે મદદગાર, ઇસુનાં વખાણો ગાઓ.

મટયાં છે મારાં પાપ અથાગ, ઇસુના વખાણો ગાઓ;
૩ મેં ધર્યો છે આકાશી માર્ગ, ઇસુનાં વખાણો ગાઓ. ટેક.

તેની કથા આ થાએ છે, ઇસુનાં વખાણો ગાઓ.
૪ દુઃખીને સુખ પમાડે છે, ઇસુનાં વખાણો ગાઓ. ટેક

આયુષ્ય જ્યારે પુરૂં થાય, ઇસુનાં વખાણો ગાઓ;
૫ તેના સાથે ત્યારે રહેવાય; ઇસુનાં વખાણો ગાઓ. ટેક.

A. & M. 332. 8, 6 s.

૪૨ બહુ દૂર એક લીલો ડુંગર છે, એક શહેરના કોટની બાર;
૧ ત્યાં આપણું તારણ સાધવાને, ઇસુ થયો મરનાર.

જે ભારે કષ્ટ તેણે વેઠયું, તેનું ધ્યાન નહીં કરાય;
૨ પણ તેથી આપણો છુટકો છે, એવું નિશ્ચે જણાય.

માનવનું પાપ નિવારણ થાય, પવિત્રાઇ પણ મળે;
૩ એજ આશીષ ખ્રીસ્તના લોહીથી, બધાંને વાસ્તે છે.

પાપનો દંડ તેજ તો એકલો, સેવા બળવાન હતો,
૪ તેણે સ્વર્ગનું દ્વાર ઉઘાડયું, આવવાનો હક દીધો.

રે તેનો પ્રેમ અપાર છે, તેના પર પ્રેમ રાખજો;
૫ તેના પર વિશ્વાસ કર્યેથી, તેના જેવા થશો. આમેન.

A. & M. 625. Litany.

ખ્રીસ્તની છેલ્લી સાત વાણી વધસ્થંભ ઉપરથી.

"હે બાપ, તેઓને માફ કર; કેમકે જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી."

લુક ૨૩. ૩૪.

૪૩ ઇસુ, તારી મરતી વાર,
શત્રુ પાડે લોહી ધાર,
તોપણ માફી દે અપાર,
અમને તાર, હે ઇસુ.

અમે ભુલ ચુકો વડે,
તારા દુઃખ વધારીએ,
ત્યારે ત્રાતા માફી દે,
અમને તાર, હે ઇસુ.

એવું કર, હે દયાવાન,
જ્યારે સહિએ અપમાન.
ત્યારે તારૂં કરિએ ધ્યાન,
અમને તાર, હે ઇસુ.

"આજ તું મારી સાથે પારાદૈસમાં હોઇશ." લુક ૨૩; ૪૩.

૪૪ મરતા ચોરે પામી ત્રાસ,
વચન માગ્યું તારી પાસ,
ત્યારે કીધો નહીં નિરાશ,
અમને તાર, હે ઇસુ.

જો કે અમે મહાપાપી,
તારી દયા તથાપિ,
નહીં ખુટે કદાપિ,
અમને તાર, હે ઇસુ,

જેઓ રાખી તારો ડર,
કરે નજર તારા પર,
તેઓ પર તું દયા કર,
અમને તાર, હે ઇસુ.

"બાઇ, જો તારો દીકરો." યોહા. ૧૯; ૨૬, ૨૭.

૪૫ દુ:ખમાં જો કે હતો નાથ,
તોપણ ખરી પ્રીતિ સાથ,
માતા સાથે કીધી વાત,
અમને તાર, હે ઇસુ.

તારે લીધે અમોને,
કદી દુ:ખ વેઠવું પડે,
ત્યારે ત્રાતા, ખબર લે,
અમને તાર, હે ઇસુ.

અખુટ પ્રિતિના ભંડાર,
અમે તારા દાસ જે વાર,
એકઠાં થૈ કરીએ પોકાર,
અમને તાર, હે ઇસુ.

"મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મુકી દીધો છે?" માત્થી ૨૭; ૪૬.

૪૬ અણધારી આફત નડે,
ભુંડા સાથ લડવું પડે,
વારે કોઇ ના ચડે,
અમને તાર, હે ઇસુ.

જ્યારે એવું જણાએ,
કે અમ,પ્રાર્થે નિષ્ફળ થાએ,
ત્યારે તું અમ પાસે રે,
અમને તાર, હે ઇસુ.

બાપ ન સાંભળે પ્રાર્થના,
એવું દેખાએ કદા,
શિખવ સાથે છે સદા,
અમને તાર, હે ઇસુ.

"મને તરસ લાગી છે." યોહા. ૧૭; ૨૮.

૪૭ તૃષા લાગી દુઃખમાં
લોહી વ્હેતું ઘાઓમાં,
તોપણ પ્રીતિ આંખોમાં,
અમને તાર, હે ઇસુ.

હજી પણ વાટ જુએ તું,
કે તુજ પાસે આવું હું,
ને, સદા માટે રહું,
અમને તાર, હે ઇસુ.

તારી પ્રીતિની તૃષા,
મને લાગી જગદિશા,
જેથી સુધરે મજ દશા,
અમને તાર, હે ઇસુ.

"સંપુર્ણ થયું." યોહા. ૧૯; ૩૦.

૪૮. મારાં દુઃખો સહીને,
બધું કરજ ભરીને,
બાપની ઇચ્છા પુરી તેં,
અમને તાર, હે ઇસુ.

જ્યારે કો, અશાંતિ થાય,
દુઃખ કે સુખ જો આવી જાય,
બધામાં થજે સહાય,
અમને તાર, હે ઇસુ.

આખી ઉમર સાથે રે,
ચાલવા માટે શકિત દે,
પછી તારી પાસે લે,
અમને તાર, હે ઇસુ.

"ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું" લુક ૨૩; ૪૬

૪૯. ઇસુ તેં દુઃખ સહિને,
પુરૂં તારણ કરીને,
સોંપ્યો આત્મા પિતાને,
અમને તાર, હે ઇસુ.

જ્યારે અમારી ચોપાસ,
મૃત્યનો જો લાગે ત્રાસ,
ત્યારે ત્રાતા, દે વિશ્વાસ.
અમને તાર, હે ઇસુ.

કૃપા કરી એવું કર,
કે તારા નમુના પર,
પોંચીએ આકાશી ઘર,
અમનેતાર, હે ઇસુ.

From Urdu. Tune A. & M. 238 St. Peter. C. M.

૫૦ ઇસુ અમારો પ્રભુ છે, ત્રાતા બહુ દયાળ;
૧ જગતનો પણ, તું કર્ત્તા છે, ગ્રહ મંડળનો ભૂપાળ.

તુજ, પ્રેમને દયા છે, અખંડ, દેહધારી થયો તું;
૨ પાપોનો ભાર ઉપાડવાને, ક્રુસ ઉપર મુઓ તું.

તેં, બદલો ભરી, મોતના બંધ, પ્રભુજી તોડીને;
૩ પરાક્રમે, જીવી ઉઠયો, આસન પર બેસવાને.

આપ, તારી ઘણી દયા, ખાસ, કર શુધ્ધ અમારૂં મન.
૪ કે તારા આસનની, ચોપાસ, પામીએ નિત્યાનંદ. આમેન.

A. &. M. 134. Easter Hymn (Morgan.) 7s.

૫૧ આજે ઉઠયો પ્રભુ ખ્રીસ્ત, હાલીલુયા.
આજે ખુશી ખરે ખરી, હાલીલુયા.
બચાવવાને પાપી જન; હાલીલુયા.
૧ તેણે આપી દીધું તન. હાલીલુયા.

સુંદર ગીતો ગાઇને, હાલીલુયા.
આપણા રાજા ઇસુને, હાલીલુયા.
ઇસુ થયો છે અર્પણ, હાલીલુયા.
૨ કીધું છે પાપનું હરણ, હાલીલુયા.

મુઓ તો, પણ જીવતો છે, હાલીલુયા.
તેજ જીવનનો દાતા છે, હાલીલુયા.
હવે, દૂતો, ગાઓ, બહુ; હાલીલુયા.
૩ ઇસુને વધાવો સહુ, હાલીલુયા.

પીતાની સ્તુતિ ગાઇએ; હાલીલુયા.
પુત્રને વખાણીએ, હાલીલુયા.
૪ ગાઓ પવિત્ર આત્માને, હાલીલુયા. આમેન.

From Urdu, Tune A. & M. 152 St. Michael.

૫૨ મસીહા ઉઠયો છે, કર ખુશીના ઝણકાર,
૧ પાપ જગતને શેતાન ઉપર, ખ્રીસ્ત થયો જય જયકાર.

મસીહા ઉઠયો છે. ને કેદને કીધી કેદ,
૨ હવે હે સૌ વિશ્વાસીઓ, તારણની થઇ ઉમેદ.

મસીહા ઉઠયો છે, તેની સાથે આપણે.
૩ સદા કાળ જીવન પામીશું, સહુ જીવી ઉઠીને.

મસીહા ઉઠયો છે, ખુશીના સાથે ગા,
૪ દુતોની સાથે હર્ખીને તેનો ઉપકારી થા. આમેન.

A. & M. 130. 88, 84.

હાલીલુયા, હાલીલુલા, હાલીલુયા.

૫૩ સ્વર્ગનો રાજા કરી જીત, આજે તે ઉઠયો છે ખચિત,
૧ નાના મોટાં ગાઓ ગીત. હાલીલુયા.

ભાવિક સ્ત્રિઓ આજ દિને, પ્રભાતે વ્હેલી ઉઠીને,
૨ કબરે ગઇ દોડીને. હાલીલુયા.

ત્યાં તેજસ્વી દુત મળ્યો, કે, પ્રભુ તો ઉઠી ગયો,
૩ આ કબર ખાલી છે જુઓ. હાલીલુયા.

અતિ પવિત્ર આજનો વાર, ગાઓ ગીતો હજાર હજાર,
૪ પ્રભુને સ્તુતિ દો અપાર. હાલીલુયા
આમેન.

H C. 220. Lancashire. 7s. 6s.

૫૪ ખ્રિસ્ત પ્રભુ તું ગયો છે, જીત મેળવીને આકાશ,
કરૂબો તારી સાથે,સ્વર્ગી સેના પ્રકાશ.
પૃથ્વીના લોક ઉચ્ચારો, અમારૂં, હાડ ને માંસ,
૧ ઇમાનુએલ મહિમામાં, ગયો પિતાની પાસ.

આકાશી દ્વાર ઉઘડાયાં, તુજ માટે હે દાતાર,
તો પણ તું ભુલતો નથી, આ, નાની ઝુંડ કો'વાર.
તુજ છાતી પર લખેલાં, વિશ્વાસીઓનાં નામ,
૨ પૃથ્વી સ્વર્ગમાં અમ યાજક, તું, સદા છે બળવાન.

ત્યાં ઉભો રહીને કરે, પાપીની વકાલાત,
તુજ લોહીને પ્રતાપે, ઇશ્વર પિતાની પાસ.
ને, અમારાં, દુઃખ સુખમાં, ફીકર રાખે છે તું,
૩ નિરંતર પ્રાર્થનાએ, મદદ કરે બહુ.

ધન ધન છે, અખુટ પુન્ય, જે સ્થંભથી લીધું તેં,
અમારી ખોટ સુધારવા, આત્માનું દાન તું દે;
કે અમે મજબુત થઇને, ચઢીએ તારી પાસ,
૪ ને સુખ શાંતી મુકામે, કરીએ સદા વાસ. આમેન.

A. & M. 299 London New. C. M.

૫૫ આવો, ગાઇએ દુતો સાથ, પ્રભુના આસન પાસ,
૧ તેઓ ત્યાં છે હજાર હજાર, જ્યાં સદાનંદનો વાસ.

મુઓ તો હલવાન તેને ધન, એવાં ગીત ગાએ છે;
૨ અમે ઉત્તરમાં કહીએ ધન, અમ સાટે મુઓ તે,

ઇસુ ફક્ત તું લાયક છે, ઉંચ પદ્વિ લેવાને,
૩ માન પરાક્રમ મહિમા અમે, દઇએ છીએ તને,

ઉંચામાં જ્યાં પ્રભુ બેઠો, ત્યાં તેને ભજવાને,
૪ સૌ પૃથ્વીના લોકો આવો, હલવાનને ગાવાને. આમેન.

A. & M. 150. C. M.

૫૬ ઇસુ અમારા મનની આશ, ગા-ઇ-એ કૃપાને,
૧ જગતનો ત્રાતા અવિનાશ, કર્તા ને રાજા છે.

તારી મહાન દયા વડે, તેં તારા લોકોને,
૨ પાપોથી મોકળા કીધાં છે, ક્રુર મરણ સહીને.

ને હવે મોતનાં બંધનો, તોડી કરી બધાં,
૩ પિતાને આસને ગયો, મહિમામાં બેસવા.

રે, આ અખંડ પ્રીતીને, અમ પાપી મનોમાં,
૪ ઉતાર કે તને જોઇએ, આ તારા વૈભવમાં.

ઇસુ અમારો આનંદ તું, ને મોટું છે ઇનામ,
૫ હવેથી કર્યાં કરીશું, સદા તારા વખાણ.

તું આકાશમાં ચઢી ગયો, જયકારના નાદોથી,
૬ માન, મહિમા, ત્રએક તને હો, અનંતાનંત સુધી. આમેન.

A. & M. 148. 8, 7, D.

૫૭ જુઓ જય પામેલો રાજા, જીતી રાજ્ય ગૌરવે જાય;
વાદળાના રથે બિરાજી, પેસે સ્વર્ગી મહેલ માંય.
હર્ષાવેશે હાલેલુયાહ, ગાતાં સ્વર્ગી દુતો ધાર,
૧ આકાશી રાજાને લેવા ખુલ્લાં થાએ સ્વર્ગી દ્વાર.

ગૌરવે આવે છે તે કોણ, રણશીંગોના નાદો સાથ?
સૈન્યોનો પ્રભુ યહોવાહ, જય પામેલો યુદ્ધનો નાથ.
જેણે સ્તંભે દુઃખો સહ્યાં, ઉઠી આવ્યો કબર બ્હાર;
૨ પાપ, શેતાન ને સર્વ વૈરી, તેના મોતથી પામ્યા હાર.

પાપી માણસ ઉંચા કરી, લીધા દેવને જમણે હાથ;
આકાશી જગ્યામાં રે'શું, મહિમા મધ્યે તારી સાથ.
દુતોથી સ્તવેલો ઇસુ, રાજ્યાસને પામ્યો વાસ;
૩ સ્વર્ગારોહણ અમારૂં, તારામાં જુએ વિશ્વાસ.

સિદ્ધ કરવાને સ્વર્ગી મેહેલો, આગળ ગયો જુઓ જે;
સાર્થક અરજોની સાથે, હાલ મધ્યસ્થી કરે તે.
રણશીંગો ને દુતની સેના, સાથે આવશે વાદળ પર:
૪ તેડશે ઇનસાફને કાજે, તેની ગમ તું દૃષ્ટિ કર.

ભુથી સ્વર્ગે ઉંચા કરી, વિશ્વાસ પ્રેમની પાંખો દે;
શુદ્ધ ઇચ્છાનો વા ફેલાવી, સ્વર્ગી રાજમાં અમને લે;
જેથી સ્વર્ગી મનો થઇ, વસે પ્રભુની સંઘાત;
૬ સ્વરના ગૌરવી કિલ્લામાંહે, વસી રહીએ તેની સાથ.

અંતે જ્યારે તે દેખાશે, ઉઠી જઇએ કબર બ્હાર,
ગરૂડ સમ જુવાની દેજે, રાજાને જોવા તે વાર:
ગગન માંહે આકર્ષાઇ, વાદળોમાં મિલાપને કાજ;
૬ રાજ્યસ્થાને ઉભા રહી, ત્યાં નિરંતર કરીએ રાજ. આમેન.

A. & M. 254. Stephanos P. M.

૫૮ રોગી, દુઃખી, થાકેલાને, જેને નથી હામ,
૧ એક જણ કહે છે પાસે આવી, કર વિશ્રામ.
કેમ કરી હું સંતોષ પામું, કે તે પાળક છે?
૨ હાથને, પગમાં ઘાને, જોઇ; શાંતી લે.
રાજા જેવો મુગટ તેને, છે શું શોભાનો?
૩ હા, નિઃસંદેહ, છે ખરો, પણ કાંટાનો.
જો હું તેની પાછળ ચાલું; તો, શું મળશે ત્યાં?
૪ દુઃખ, મુસીબત, ઘણાં આંસુ વારંવાર.
અંત સુધી જો વળગી રહું તો, થશે શો પરિણામ?
૫ દુઃખ, પીકરથી, છુટી જઇશ; યર્દન પાર.
જો, હું તેની પાસે જાઉં, તો શું કહેશે ના?
૬ કદી નહિ, જો સહુ દુનિયા, થાય ફના.
શોધી, ઝાલી, વળગી રહું તો, દે શું આશિર્વાદ?
૭ સહુ સંતોએ, સાક્ષી આપી, ખરે ખાત. આમેન.

A & M. 198. Holy Church. 7s. 6s.

૫૯ હે ઇસુ, તું ઉભો છે, આ બંધ દરવાજા પર
૧ ને ધીરજથી જુએ છે, ક્યારે ઉઘાડું ઘર.
શરમ; શરમ, ઓ ભાઇઓ જો ઉભો રાખીએ,
૨ તેનું નામ ધરાવીને, આ પ્રિય પ્રભુને.

હે ઇસુ, તું ઠોકે છે, ઘવાયલા હાથોથી,
૩ મસ્તક પર કાંટા શુળો, અશ્રુ વ્હે આંખોથી.
ઓ પ્રીતિ, પ્રીતિ, પ્રીતિ, ધન છે આ ધીરજને,
૪ ધિક્કાર તને ઓ પાપી, જો બંધ કરે મનને.
ઇસુ બોલાવે મને, નમ્ર વાણી વડે,
૫ તારે લીધે હું મુઓ શું કાઢી દેશ મને.
પ્રભુ ઉઘાડીએ છીએ. અમારા મનનું ઘર,
૬ તારૂં આસન તું એને, સદાને માટે કર. આમેન.

From Urdu, Tune 7s.

૬૦ કોની પાસે પાપી જન, જઇને પામે મુક્તિ ધન?
૧ કોણ કાપે મનનું દુ:ખ, કોણથી મળે પ્રાણને સુખ?
માણસમાં એવો નવ કોઇ,સ્વર્ગી દુતોમાં પણ નહિ.
૨ પાપીને આપે જે સુખ, ભુખ્યા જનની ભાગે ભુખ.
દેવી, દેવતા ને શેતાન, તીરથ, દર્શન પુન ને દાન,
૩ પ્રાપ્તી તેથી નહિ થાય, ઠરે છે સૌ નીરૂપાય.
પ્રભુ ઇસુ દયાવંત, તેમાં જીવન છે અનંત,
૪ તે પર લાવે જે વિશ્વાસ, કદિ નહિ થાય નિરાશ.
પ્રભુ ઇસુ તારા પર, આશા રાખું જીવન ભર,
૫ સ્તુતિ તારી ગાઇશું, તુજથી શાંતી પામીશું. આમેન.

A. & M. 403 St. Andrew 8, 7,

૬૧ સંસાર સાગરમાં દુ:ખોના, મોજાં મારે મોટી છાળ;
૧ માટે ઇસુ નીત બોલાવે, ખ્રીસ્તી મારી પાછળ ચાલ.
ગાલીલના સમુદ્ર કાંઠે, અસલના પ્રેરિતોએ,
૨ બધું મુકયું તેને માટે, આપણ પણ તેમજ કરીએ.

જગની સેવા, મનની મુર્તી, ને જે કંઇ અટકાવ હોએ,
૩ તેમને ત્યાગી દૈને ખ્રીસ્તી, મુજપર અધિક પ્રેમ કરજે.

સુખ દુઃખના સૌ પ્રસંગોમાં, હો મેનત, કે હો નવરાસ;
૪ ઇસુ કેછે તે બધામાં, ખ્રીસ્તી મને રાખજે પાસ.

ઇસુ ત્રાતા વાણી તારી, સાંભળીને માની લેવા,
૫ મારૂં મન કર આજ્ઞા ધારી, પ્રેમે તુજ સેવા કરવા. આમેન.

લલિત વૃત.

૬૨

"શ્રમિત છે ખરે? ક્લાંત છે ખરે?
અતિશ દુઃખથી ખિન્ન તું ખરે?"
ઇસુ કહે મને "આવ હું કને,
૧ પદ મળે અહીં શાંતિનું તને."

કવણ ચિન્હથી "ભોમીયો ગણી,
મન કરી શકું એહની ભણી"?
ચરણ હાથ ને પાંસળી વિષે
૨ કઠિણ ઘા તણાં ચિન્હ જો દિસે.

મુગટ રાજનો છે શું એહને,
શિર વિરાજતો? તે કહો મને.
મુગટ મસ્તકે છે ખરેખરો,
૩ નહિ સુનાતણો શુળનો કર્યો.

કવણ લાભની આશા આં ધરૂં.
પુઠળ ખોળીને એહની સરૂં?
વિવિધ શોક ને મેનતો ઘણી,
૪ નયનથી વહે ધાર આંસુની.

અનુસરૂં કદી નિત્ય એહને,
દઇ શકે શું એ આખરે મને?
શ્રમ ટળે હઠે શોક સામટા,
૫ ભવતણો મહા પાર પામતાં.

શરણ પામવા વીનવું કદી,
કઠિણતા ધરે મુખ 'ના' વદી?
ધરણિ સ્વર્ગ બે વીતતાં લગી,
૬ 'નહિ' ન નિકળે ઇસુ મુખથી.

અનુસરે, જડે, સાચવે, મથે,
શુભ કરે ખરે એમ કો કથે?
ભવિષ્ય વાચકો, સાધુ પ્રેરિતો,
૭ દૃઢ મતે પડયા 'હા' ભણે જનો.

ચરણાકુલ.

૬૩ સહુ લોકો, પ્રભુ શરણે આવો, જય જયકાર કરીને ગાઓ:
૧ સેવ કરો આનંદિત સાદે, સમ્મુખ ગાઓ હર્ખીત નાદે.

જાણો કે પ્રભુ દેવ યહોવા, આવો, તેનો મહિમા જોવા;
૨ આપણ ઉપજ્યા નહિ પોતાથી, સહુ ઉત્પન્ન થયા કર્ત્તાથી.

તેના લોક છિયે સહુ બંદા, તેજ ચારાનાં ઘેટાં સંધા;
૩ પ્રભુદ્વારે સ્તુતિ કરતાં પેસો, પાડો ગાતાં ઘરમાં બેસો.

સહુ તેના ઉપકારો માનો, સર્વે તેનું નામ વખાણો;
૪ કાંકે ઇશ્વર પુર્ણ દયાળુ, પરમ ગુણીને બહુ કરૂણાળુ.

માર્ગ અનંત કૃપાનો ઝાલે, પેઢી દરપેઢી સત પાળે;
૫ સહુ તેના ઉપકારો માનો, સર્વે તેનું નામ વખાણો.

૬, ૬, ૮, ૬ સ્વરો.

૬૪ ઓ ખ્રીસ્ત. તુજ સ્વર મધુર, મુજને બોલાવે છે;
૧ તે સુણી આવું શુદ્ધ થવા, તુજ રક્તની મારફતે.

આવું છું તુજ પાસ, આવું આ પળે;
રક્તે મને ધોઇ નાંખ, જે ક્રુસથી નિકળે. ટેક.

લાચાર ને છેક અશુદ્ધ, પુણ્ય વગર આવું છું;
૨ સહુ દોષ તું પુરણ કાઢે છે, કે વગર ડાઘ હું થઉં. આવું છું.

હે ઇસુ તું કરાવ, સંપૂરણ પ્રેમ વિશ્વાસ;
૩ શાંત આશા મનમાં તું સ્થપાવ એ, અને તે તું પાસ. આવું છું.

હે પ્રીસ્ત, તુજ દયા કૃત, દિલમાં તું દઢ કરાવ;
૪ કૃપા ને વત્તી કૃપા આપ, ને પાપનું બળ દબાવ. આવું છું.

જય જય શુદ્ધ કરનાર રક્ત! ખરીદનાર કૃપા જય!
૫ જય જય પ્રીસ્તને, પ્રભુનું દાન, સદ્ભકતોને પણ જય! આવું છું.

S. S. 49.

જગતનો સૌથી ઉત્તમ વૈદ્ય, તે છે અમારો ઇસુ,
૧ જે સંધા, વેઠો પાપની કેદ, સુણો, બોલાવે ઇસુ.

સૌ સંસારમાં મીઠું નામ, પૃથ્વિ, સ્વર્ગમાં મીઠું નામ,
સૌથી પ્રીય મીઠું નામ, ઇસુ, ઇસુ, ઇસુ. ટેક.

તમારાં સૌથી મોટાં પાપ, ક્ષમા છે કહે ઇસુ,
૨ પામી લેજો સ્વર્ગી મેળાપ, કે મુક્તિ આપે ઇસુ, ટેક.

ઇસુનું નામ બચાવે છે, સૌ પાપ ને દુઃખથી, ઇસુ.
૩ પ્યારથી હવે બોલાવે છે, દયાનો સાગર ઇસુ. ટેક.

હે ભાઇઓ તેની સ્તુતિ ગાઓ, ગાઓ હરખે ઇસુ,
૪ હે, બ્હેનો તમે ગીત ઉઠાઓ, સ્વરે ચડાવો ઇસુ. ટેક.

છોકરાઓ રાગ કાઢો તમે, તમારો પણ છે ઇસુ
૫ ખજુરની ડાળી લઇને, જય જય પુકારો ઇસુ, ટેક.

સ્વર્ગે જે વારે ચઢીશું, જોઇશું આપણો ઇસુ,
૬ ત્યાં ફરી નહીં મરીશું, અનંતાનંદ છે ઇસુ. ટેક.

A. & M. 166. L. M.

૬૬ સહુ જગતના લોકો, આવો, હર્ખે દેવનાં ગીતો ગાઓ,
૧ તેની સેવા કરો ભાવે, બધા તેને શરણે આવે.

જાણો દેવ છે એક યહોવા, આવો તેનો મહીમા જોવા;
૨ આપણે ના પોતાથી થયાં, તેના હાથનાં છિયે છૈયાં,

તેના લોકો છિએ બધા, ને ચારાનાં ઘેટાં સદા;
૩ સ્તુતિ કરતાં બારણે પેસો, તેના ઘરમાં આવી બેસો,

તેના ઉપકાર સંધા માંનો, તેના નામને સૌઉ વખાણો;
૪ કેમકે પ્રભુ છે દયાળુ, સદા લગણ કરૂણાળુ.

પેઢી દર પેઢીને માથે, દયા કરશે દાતાર હાથે;
૫ તેના ઉપકાર સંધા માનો, તેના નામને સહુ વખાણો. આમેન.

વિક્રાંત, દ્વિપ્રાસ.

૬૭ ઘેર વળો, રે, ઘેર વળો, સહુ જે ભટકેલાં.
ઘેર વળો, તમ જે જગમાં ખાધાં દુઃખ ઠેલાં, ટેક.

કાં ઘર મુકી તો હવડાં તમ દુર ફરો છો ?
૧ દોષ તણું જયમ દુઃખ વધે ત્યમ કાંજ કરો છો. ઘેર૦

ઇસુ તો બોલાવ કરે, બહુ પ્રેમ કરીને;
૨ મોત સયું નિજ પ્રેમ થકી, વધસ્તંભ ધરીને. ઘેર૦

કન્યા તે પણ આવ કહી બહુ આશ જણાવે;
૩ ન્યાનાનો દેખાવ કરી તુજ ભાવ મનાવે. ઘેર૦

જ્ઞાન કહે, તમ સર્વ જણો, તજજો મન ઘેલું;
૫ વાર વિલંબ કરે મરશો. જ્યો સત્ય કહેલું. ઘેર૦

મોત થયે નહિ માફ પછી, ન પછી ફરવાનું;
૬ આ જગના દિન અલ્પ ઘણાં, એમાં તરવાનું. ઘેર૦

મારા વ્હાલા પ્રભુજી તારે પાયે નમું રે,
તમે આવો મારે ઘેર હું તો સાથે રમુ રે. ટેક.

૬૮ ૧ રમત ભગતની ભક્તિ તારી, હું તો તેમાં મગન મસ્ત થઇ રહું રે.
૨ જગમાં સંધું ભ્રમણુ મંડળ છે, સહુ કુડ કપટ જંજાળ તજું રે.
૩ અધર તખત પર ગુરૂજી બીરાજે, તમે જોતીસરૂપ હવે હું તો ભજું રે,
૪ ધન ધન શબ્દ દેવ પીતાના, તારૂં નામ ઇમાનુએલ ખરૂં રે.
૫ કઠોર મનનાં પાપી પ્રાણી, કોઇ માનો ના માનો હું તો તેને રટું રે,
૬ સેવક દહેરી ગરીબ બીચારો, દયાસીંધુ, હવે હું તને નીત વંદુ રે.

આદરી છંદ.

૬૯ ખ્રીસ્ત જીવતો ઝરો,
પાપથી અશુદ્ધ જે બંધાય સ્નાન ત્યાં કરો;
ખ્રીસ્ત તીર્થ છે ખરો,
તે વડે તમે તરો;
૧ એજ તીર્થ જો કરો, કદી ન પાપમાં મરો.

પાપ જો ઘણાં હશે,
શ્વેત ઉન પેઠ ખ્રીસ્ત તીર્થ સ્નાનથી થશે;
દેવ રાજમાં જશે,
શુદ્ધ લોકમાં વસે;
૨ જે રહે અશુદ્ધ તે કદી ન સ્વર્ગ પામશે.

ખ્રીસ્તથી પવિત્રતા,
અન્ય નામ, કામ, ઠામથી સદા અશુદ્ધતા;
ને અધાય દેવતા,
સર્વમાં મલીનતા;
૩ તીર્થ શુદ્ધ જે મનાય ત્યાં ઘણી અશુદ્ધતા.

દેવમાં પવિત્રતા;
લેશ ભાર દેવમાં મળે ન કૈં અશુદ્ધતા;
દૂતના ઘણા જથા,
તેહમાં પવિત્રતા;
૪ દેવ રાજમાં પવિત્ર લોકનો મિલાપ ત્યાં.

A. & M. 358. Ceylon 7s. 6s.

૭૦ ગ્રીનલેન્ડના ટાઢા દેશથી, ને હીંદ, ને ચીનથી પણ,
ને હબશ જે આગ્નેર્થી; ઉછાળે છે ઝરણ,
દરિયા, મેદાન, પહાડથી, હર બોલી, ને હર જાત,
૧ લોક વિનંતીના સાદથી, કે છે સુણાવો વાત.

દેવે તો બનાવ્યાં, માણસ, પવિત્ર, શુધ્ધ,
પણ શેતાને ફસાવ્યાં, થઇ ગયાં સહુ અશુધ્ધ;
પામે છે દાનો કેવાં, ઇસુના હાથથી તે,
૨ પણ વિના પાળક જેવાં, ભટકે છે સૌ વાતે.

પ્રકાશ પામેલાં આપણે, ને લાખો આર્શીવાદ,
શું, તેમને જોયાં કરીએ, કહીએ નહિ વાત?
તો ખુશીથી, હે ભાઇઓ, સુવાર્તાનો ઉપદેશ,
૩ ફેલાવવાને સજ્જ થાઓ, રાખી પુરો આવેશ.

પવિત્ર વાત ફેલાવો, ફેલાવો સાચો ધર્મ,
ઇસુનું નામ સંભળાવો, જાણો છે આપણું કર્મ;
જ્યાં સુધી તે નવ આવે, વિંધાયો જે મહારાજ,
૪ ને રાજ પોતાનું લાવે, ને પેરે સુંદર તાજ. આમેન.

ચોપાયા હિંદવી રાગ.

પર્વત્ત પરનું ભાષણ.

૭૧ સ્મરણ કરી શુભ વાચા માનો; પ્રભુ પ્રેમે બળ આપે. ટેક.

જે સહુને તો કાન હશે, રે, ખ્રીસ્ત કહે છે તેને,
૧ ધન્ય કહું જે દીન ધરે મન, સ્વર્ગે નૃપજશ તેને. સ્મરણ.

ધન્ય કહું જે શોક કરે છાં, થાય દિલાસો તેને;
૨ ધન્ય કહું જે નમ્ર ખરો જણ, ભૂતળ સંપત તેને. સ્મરણ.

ધન્ય કહું જે સતનો ભુખ્યો, તૃપ્તિ થશે બહુ તેને;
૩ ધન્ય કહું જે સતનો તરસ્યો, શીતળ જળાનદ તેને. સ્મરણ.

ધન્ય કહું જે વીર દયાળુ, દાન દયાનું તેને;
૪ ધન્ય કહું જે શુદ્ધ ધરે મન, ઇશ્વર દર્શણ તેને. સ્મરણ.

ધન્ય કહું જે શાંતિ કરાવે, પ્રભુ પુત્રનું જશ તેને;
૫ ધન્ય દુઃખી સતકારજ જે છે, સ્વર્ગે મુગટ તેને. સ્મરણ.

ધન્ય કહું જે વિધવિધ નિંદા, લોક કરે જો તેને;
૬ એમજ ભકતે સર્વ કહ્યું છે, દુષ્ટો મારે તેને. સ્મરણ.

S. S. 272. P. M.

૭૨ ફરી ફરીને મને કહો; જીવનની વાતો જે,
તેમાંની શોભા જોવા દો, જીવનની વાતો જે,
૧ આકાશી મર્મ ઉઘાડે, મારો ધર્મ શીખાડે.
જીવનની જે, જીવનની જે, જીવનની વાતો જે. (બેવાર) ટેક.

ઇસુ આપે છે સહુને, જીવનની વાતો જે,
ભાતુ હવે મહેને, જીવનની વાતો જે,
૨ આવો, મફ્ત આપે, સ્વર્ગના સુખમાં સ્થાપે. ટેક.

સુણાવો બધે જઇને, જીવનની વાતો જે,
પાપી ને શાંતી લેવાને, જીવનની વાતો જે.
૩ ઇસુ એકલો તારનાર, તેણે કીધો છે ઉધ્ધાર. ટેક ૩

ચોપાયા.

૭૩ વાત પુરાતન કાળતણી જે, તે મજને સુણાવો,
૧ સ્વરમાં જે અણદીઠ પડેલું, તે મજને સમજાવો.

ઇસુની હું વાત ચહું છું, ને તેના મહિમાની,
૨ ઇસુની, રે, વાત જણાવો, ને નિજ પ્રેમ ઘણાની.
નાના બાળકને જ્યમ કેશો સુલભ કરીને બોલો;
૩ કાંકે હું છું નિર્બળ, થાકયો, અનાથ, મેલો, ભોળો.
ધીરેથી તો વાર્તા કેજો, કે મજથી સમજાશે,
૪ કે કયમ અચરત પાપ નિવારણ ઇશ્વર રીતે થાશે.
ફરી ફરી તે વાર્તા કેજો, ભૂલું છું બહુ વેલો,
૫ લોપ થયું બળ જુવાનીનું, વખત થયો છે છેલ્લો.
ધીમેથી તે વાર્તા કેજો, સ્વર ગંભીર કરીને,
૬ જેને તારવા ઇસુ આવ્યો, તે હું છું જાણીને.
ફરી ફરી તે વાર્તા કેજો, જો તમ ઇચ્છા એવી,
૭ કે દુઃખ વેળા ને ગભરાટે મજને ધીરજ દેવી.
તે ને તેજ પુરાતન વાર્તા દયા કરીને કેજો,
૮ જે જે વારે મજ પર જોતાં તમમાં બીક થશે જો.
કે આ જગનો ઠાલો મહિમા મજ પર જોર કરે છે,
૯ ને આત્માની હાની કરતાં જૂઠે મોહી લે છે.
હા, ને જ્યારે સ્વર્ગી મહિમા ઉદય થતો દેખાશે,
૧૦ ત્યારે પૂરૂં હેત કરીને ઉભા રેતા પાસે.
તે ને તેજ પુરાતન વાર્તા મજ કાને તો કેજો,
૧૧ કે "ઇસુથી શુદ્ધ થશે તું," એમ દિલાસો દેજો.

A. & M. 219. 7, 6D

૭૪ પ્રભુજી તારી કૃપા, તું અમ ઉપર ઉતાર,
ને તારા મુખનો પ્રકાશ, આ દાસોને દેખાડ.
કે દેશજાતીઓ જાણે, તારી સુવાર્તાને,
૧ ને ખરા મનથી માને, ઇસુની વાતોને.

પ્રભુ રાજ તારૂં જ્યારે, જમીનપર સ્થાપિત થાય,
તો દેશજાતીઓ ત્યારે, મળીને કિર્તન ગાય.
તું ન્યાયીપણાથી કરશે, બધા લોકોનો ન્યાય,
૨ ને સત્યતાથી કરશે, અન્યાયપણાનો ક્ષય.

સૌ લોકો તારા નામના, કરશે સદા વખાણ,
ધરતીની સઘળી ઉપજ, લાવીને દેશે માન.
પામીને આશીર્વાદો, કરશે અતિશય ગાન,
૩ જમીનની સઘળી જાતો, ઓ પ્રભુ ધન્યવાન. આમેન.

A. & M. 220. L. M.

૭૫ પ્રકાશે સુર્યકિરણ જ્યાં, ઇસુનો અમલ થશે ત્યાં;
૧ નાશ પામતાં લગી સોમ, હમેશ રાજ તેનું વધશે દેશેદેશ.

તે માટે પ્રાર્થના થશે નીત, ફેલાવશે કીર્તી ઘણાં ગીત;
૨ સુગંધી તુલ્ય તેનું નામ ઉડશે પ્રભાતિયે સૌ ઠામ.

પ્રેમ તેનો સ્તવી મહિમાવાન સૌ દેશની પ્રજા કરશે ગાન;
૩ ને કોમળ બાળો કાઢી સૂર ગુણ ગાશે ઇસુના મધૂર.

રાજ તેનું અતિ આશિષયુક્ત, થાય કેદી તેમાં બંધન મુક્ત
૪ લે આરામ સદા શ્રમિત જન, ને કંગાળ પામે પુષ્કળ અન્ન

ભુપ તેને બુજી શક્તિમાન, સૌ પ્રાણી આપો શ્રેષ્ઠ માન;
દૂત આભે ઉડતાં સ્તવન ગાય, "આમેન"થી ભૂતળ ગાજતું થાય. આમેન.

A. & M. 577. 8, 7, 4 7.

૭૬ ઓ પ્રભુજી તારી કૃપા, આખા જગતમાં વર્સાવ.
તારા વચન અને નામને, દેશ જાતોમાં તું ફેલાવ.
૧ દેશજાતોમાં, તારા નામને તું ફેલાવ.

સઘળી મુર્તીપુજા કાઢી, શેતાનનું તોડીને જોર,
અધર્મ સઘળો દે મટાડી, ન્યાય પ્રકાશથી તેને તોડ,
૨ ન્યાય પ્રકાશથી, અંધારાના જોરને તોડ.

એવું, કરકે, ત્રાણુની વાટથી, સહુ કો જાણીતા થાય,
અને ચારે દિશામાંથી, બધા લોકો ખ્રીસ્તી થાય,
૩ બધા લોકો, વ્હેલા વ્હેલા ખ્રીસ્તી થાય.

ઓ પ્રભુ આકાશ પૃથ્વીનો, તારોછે સહુ અધિકાર,
તું હમેશાં મંડળીનો, સાથી રે ને મદદગાર,
૪ કે તે તારો, કરે બધા પર પ્રસાર.

જ્યાં કંઇ તારો ઉપદેશ થાએ, આશીશ આત્માનો ઉતાર,
તારા પ-વિ-ત્ર રાજ્યને, આખા જગતમાં ફેલાવ,
૪ અને તેનો, સદા મહિમા કરાવ. આમેન.

8, 7.

૭૭ ખોટા ધર્મીઓની જાતો, દૃષ્ટિ કરો ત્યાંની ગમ;
જુઓ, લોકની બહુ જમાતો, ભટકી કરે મોટો ભ્રમ;
૧ સહુ અંધારૂં, લોકો કરે છે વ્યર્થ શ્રમ.

હે ચાલનારાંના અજવાળા, ઉગી તેજ ફેલાવી નાંખ;
પારકાઓ પર બહુ દયાળુ, છાંયા કરી પ્રસાર પાંખ;
૨ રાજા પ્રજા, સુખે જુઓ તારી આંખ.

રે વિદેશીઓ, કેમ પુજો, લાકડાં પત્થરો સાકાર?
આવો, ખરા દેવને ભજો, માનો પ્રભુનો આભાર;
૩ એનો મહિમા, ફેલો સાગરાનુસાર.

હે ત્રાતા, તું સહુનો કર્ત્તા, બોલ તો તારા હુકમ પર,
ઘણા પ્રેરિત ફરતા ફરતા, ઉપદેશ કરશે જગતભર;
૪ તું તેઓને, સર્વદા સહાય કર.

---

૭૮ પ્રભુ શરણ વિના દુઃખ સાગર સંસારનો, પાર ન આવે,
નર, ચિંતા કર, પાપોના ભારા બાંધી, શીદ લાવે. ટેક.

જે, જળ, થળ, વાયુનો કર્તા, સહુ, જીવ જનાવરનો, ભર્તા,
કેમ લાજ ધરે તેને ધરતાં; પ્રભુ શરણ વિના. ૧

આ જોબન જુવાની તારી, ઝટપટમાં થાશે ખુવારી.
કેમ, ગઇ અક્કલ તારી મારી, પ્રભુ શરણ વિના. ૨

આ, મોહોલ,હવેલી,સંપત જે, એમાંનું કંઇ પણ નહિ રહે,
શીદ, ઠાલી, ઠાઠે, મગન ફરે; પ્રભુ શરણ વિના. ૩

એક નેમ ધણીનો જાણી લે; તે ઉપર હૈડું તારૂં દે.
જો દુ:ખ પડે તો તેને કહે; પ્રભુ શરણ વિના. ૪

આવી ભજે તો માફી આપે, તારા સંકટ સંધા તે કાપે,
તને ઝગમગ જોતીમાં થાપે; પ્રભુ શરણ વિના. ૫

કહે લ્હેરી ગુરૂને, પ્રતાપે; તેની અકળ કળાને, કો' માપે.
આવી લે ઇસુ પ્રતાપે; પ્રભુ શરણ વિના. ૬

A. &. M. 360. 6,6,4, 6,6,6,4.

૭૯ મહા શબ્દ સાંભળી,
અંધારૂં ગયું ટળી,
ને થયું દુર.
સાંભળ તું વિનંતી,
જ્યાં સુવાર્તા નથી,
ત્યાં કરી દો જ્યોતિ,
૧ થાઓ પ્રકાશ.

ત્રાતા સ્વપાંખો પર,
આરોગ્ય સુખકર,
તેં આણી છે.
હરો મનો વિકાર,
અંધાપાને નિવાર,
રાષ્ટ્રોનો કર નિસ્તાર,
૨ થાઓ પ્રકાશ.

હે સત્ય પ્રેમાત્મા,
અને જીવનદાતા,
ઉતાવળો આવ;
જળ ઉપર હાલવા,
કૃપા દીપક લાવવા,
અંધારી જગતમાં,
૩ થાઓ પ્રકાશ.

હે ત્રીએક ભગવાન,
બુદ્ધિ પ્રેમે મહાન,
સહુને જગાડ.
અસીમ મોજા પ્રમાણ,
કરવા સહુનું કલ્યાણ,
પૃથ્વીને આપવા ત્રાણ,
૪ થાઓ પ્રકાશ. આમેન.

દોહા

૮૦ લાખો પૂજક મુર્તિના, નિત નિત નાશે જાય,
૧ દોડો સેવક ખ્રીસ્તના, કરવા જીવ ઉપાય.
કરજો શુભ ઉપદેશથી, પ્રભુની વાત પ્રકાશ,
૨ ધન ખરચી મેનત કરી, દેખાડો આકાશ.
પ્રાણુ તજો આ કામમાં, તજવો જો પણ પ્રાણ,
૩ તન મન ધન સોંપી કરો, જેથી થાય સુજાણ.
ઇસુ ખ્રીસ્તે આપણે, અર્થે કીધું એમ,
૪ તેના સેવક તો થઇ, કહો ન કરીએ કેમ.
વેલા વળગો કામમાં, વાર ન થાય લગાર,
૫ તમ પોંચ્યા પેલા ઘણાં, જશે મરણને દ્વાર.

ચોપાયા

૮૧ કેમ તજું હવે ગુરૂજી મારા પ્રભુ ઇસુ તમ સાચા રે.
રામા, કૃષ્ણ, મચ્છ, કચ્છ, વારાહ, ગયાં છે ગોથાં ખાતાં રે,
૧ બ્રાહ્મણ, પંડિત, ધુતાગુરૂ જે, પામી ગયા નીરાશા રે.
મોટી મોટી જટા વધારે, ડીલપર ખાખ લગાડે રે,
૨ મોઢા ઉપર તીલક ચઢાવે, ભોળાને ઠગાવે રે.
ભટકી ભટકી થાકી ગયો હું, કોઇ ન દે દિલાસા રે,
૩ તુજમાં મારૂં મનડું લાગ્યું, પુરી થઇ મજ આશા રે.
સાચી ભક્તિ સાચો મારગ, સુણોને ભાઇઓ મારા રે,
૪ ઇસુ પ્રભુથી શીખી લઇને, શીખોને ધારા સારા રે.

A. & M. 215. 7, 6,

૮૨ મંડળીનો પાયો એકજ તે પ્રભુ ઇસુ ધાર,
ઉપજાવી નવી છેકજ, વચનને પાણી દ્વાર.
સ્વર્ગેથી કન્યા લેવા. તે આવ્યો નીચે જાણ;
૧ ને તેને જીવન દેવા, પોતાનો આપ્યો પ્રાણ.

સહુ દેશોથી તેં લીધા, તો પણ તે એકજ ખાસ,
એકજ ઇશ્વરનો વિધી પાળી રાખે વિશ્વાસ;
એક દેવનાં ગીતો ગાઇ, એક કરે શુદ્ધાહાર,
૨ ને કૃપાથી જીવાઇ, હીંડે એક આશા દ્વાર.

તેની મહા પીડા ધારી જગત નીંદાથી જોય,
ને ફુટો દીસે ભારી, દુર્મતથી દુઃખી હોય;
પણ સંતો તો પોકારે, "ક્યાં સુધી, હે ધણી ?"
૩ રૂદનની રાત્રી ભારે, વિત્યે ખુશી ઘણી.

મારે લઢાઇ કરે, ને વેઠે દુઃખો હાલ,
શાંતિની આશા ધરે, કે મળે તે સહુ કાળ;
ગૌરવને દેખી ત્યારે તૃપ્ત થઇ જશે,
૪ ને જયવંત મંડળી ભારે શાંતિવાળી થશે.

ભૂએ તે સંબંધ રાખે, ત્રીએક પ્રભુ સંઘાત,
ને શુદ્ધ સંગત દાખે, વિશ્રામ પામેલા સાથ;
હા, શુદ્ધ ને સુખી કેવા! હે પ્રભુ, દે તે વાસ,
૫ ને નમ્ર જનો જેવા, થૈ રહિયે તારી પાસ. આમેન.

ચોપાઈ.

૮૩ જે પ્રભુનો છે શુદ્ધ સમાજ, હર્ખ કરી તમ ગાઓ આજ;
૧ કરમાં વાજું, મુખમાં છંદ, રાખી જાણો પરમાનંદ.

થયો તમારો પુર્ણોદ્ધાર, રિપુનો પુર્ણ થયો સંહાર;
૨ જગત વિષેનો જે કંકાસ, હવે થયો છે તેનો નાશ.

નહિ જાણો કે થાય વિલંબ, અહીંથી સુખનો છે આરંભ;
૩ કામ કરો તમ પ્રભુને ધામ, આનંદે સાધો સહુ કામ.

થોડા દિન પર થાય વિકાર, મરણતણા જે નદને પાર;
૪ તૈં તો ઝાંખું કંઇ ન જણાય, પડદા સંધા દુર કરાય.

સર્વ અપુરૂં બળ ને જ્ઞાન, સર્વ અધુરાં મત ને શાણ;
૫ ફીક્કા ભાવ, અબળ વિશ્વાસ, બીકથકી જે કાચી આશ,

એવું કંઇ પણ તેં ન જણાય, કાંક તેં સહુ પુર્ણ કરાય;
૬ એવાંનો ત્યાં નહિ આધાર, એ સંઘાં ત્યાં લોપ થનાર.

A. & M. 396. 8, 7.

૮૪ ખ્રીસ્ત મુખ્ય જે મથાળું, તે પાયો સદાય છે,
તેથી તેનું મહિમાવાળુ, મંડળ એક થાય છે.
૧ તે સિયોનનો કૃપાળુ, ત્રાતા ને સહાય છે.

એ પવિત્ર શેર માંહ્ય, તેની સ્તુતિ થાય છે,
તેના લોક ગીતો ત્યાંય, અત્યાનંદે ગાય છે,
૨ પુરે હર્ષે ત્યાં સદાય, દેવ ત્રિએક પુજાય છે.

ખ્રીસ્ત, મંદીર આ સ્વિકાર, આજ તને બોલાવીએ.
કાન પ્રેમે ધર જે વાર, પ્રાર્થના ચઢાવીએ;
૩ ને તુજ આશીર્વાદ પ્રસાર, જ્યાં સન્નિધ આવીએ.

તારા સેવકો આ ઠામે, તુજ આરાધના કરે,
ત્યારે સહુ માગેલું પામે, ને તું સાથે આખરે
૪ સ્વર્ગના પવિત્ર ધામે, રાજ્ય સર્વદા કરે.

મહિમા, સ્તુતિ હો પિતાને, સર્વ શક્તિમાન જે;
મહિમા, સ્તુતિ હો દિકરાને, દેવનો હલવાન જે,
૫ મહિમા સ્તુતિ શુદ્ધાત્માને, પ્રભુને વખાણજે. આમેન.

H. C. 200 Belmont. C. M.

૮૫ મહીમાવાન પાળક સાંભળ તું, સાંભળ મારો અવાજ,
૧ સેવા માટે જેમ ઘર દીધું, તેમ ઉમંગ પણ દે આજ.

આ સભાસ્થાનમાં પ્રીતિ ને, સર્વ સદ્ગુણો વધાર,
૨ ત્યાં અશાંતોને શાંતિ દે, ને ઘાયલ મન સુધાર.

દયાળુ પ્રભુ, એવું કર, જે શાસ્ત્ર શીખી ને,
૩ વીનંતિયો ચઢાવીએ, પોંચે તુજ આસને. આમે

A. & M. 427. All Saints. 87, 87, 7,7.

૮૬ કોણ છે પેલા આસન સામે? પેરી મુગટ ઉભાં જે;
તારા જેવાં તેઓ ચળકે, સુંદર સુર જેનાં ગાજે,
૧ હાલીલુયા ગાએ છે, રાયને ગીત સુણાવે છે.

તેજ છે તેમનું કેવું ઘણું; વસ્ત્રો પવિત્ર શોભિત.
એતો ખ્રીસ્તનું ન્યાયીપણું; જે અવિનાશી પ્રકાશિત,
૨ ઉત્તમ ભેટો લાવ્યા છે, કયાંથી તેઓ આવ્યાછે?

એતો જેણે દેવને માટે, સંધું ઉઠાવી નુકશાન,
અને ભકિત શીરને સાટે, કીધી સહીને અપમાન;
૩ રણમાં શુરા હતા જે, હવે ખ્રીસ્તના સાથી છે.

ભારે આફતોથી નીકળી, પરિક્ષણ ભારે સહ્યાં.
પ્રાર્થના કરી જય મેળવી, પ્રભુ સાથે હવે થયાં,
૪ તેમની આંખોનાં આંસુ, લુંછી નાખે જે પ્રભુ.

સેવા કરવા તેની આગળ, તૈયાર હતા તે હર વાર
હવે જુઓ કેવા પ્રબળ, કરે ખુશીના પુકાર;
૫ તેમનો ત્યાં આદર સત્કાર. ને આનંદનો નથી પાર. આમેન.

---

૮૭ સેવ કરો પ્રભુ દેવ તણી, સહુ સંત તમો;
૧ સેવ કરો વિશ્વાસ થકી. પ્રભુ પાય નમો.

ત્રાણ થયું તમ સર્વ તણું, પ્રભુ ખ્રીસ્ત થકી;
૨ પાપ તણો પરિહાર થયો, અઘ દુર નકી,

દાસ નહીં તમ ખ્રીસ્ત તણા, પણ મિત્ર થયા,
૩ એ હક ખ્રીસ્ત દઇ તમને, સ્વર ધામ ગયા.

પ્રેમ ઘણો જગ તારકનો, હદ પાર નહીં,
૪ પ્રેમ અમુલ અખંડ ખરો, તમ કાજ સહી.

પ્રિત કરો જગ તારકની, સહુ સંત, ઘણી,
૫ પ્રીત કરો સહુ ઢોંગ વિના, પ્રભુ ઇશ તણી.

જીવ ટકે લગ ખ્રિસ્ત તણો, મહિમાજ કરો,
૬ મોત પછી મળશે બદલો, દૃઢ આશ ધરો.

કામ કરો જગ તારકનાં, મન હામ ધરી;
૭ જોર અને ધન જ્ઞાન વડે, સહુ દેશ ફરી.

A. & M. 328. C. M.

૮૮ જો આજથી કરે અંગિકાર, કે તું ઇસુનો છે,
૧ કરીએ તારા માથા પર, ક્રુસની નીશાણીને.

તું, તેનાથી ના શરમાએ, માટે કરીએ નીશાન,
૨ દુઃખ નિંદા જો કદી થાએ, તો તેમાં આનંદ માન.

ને ઇસુનો સીપાઇ થા; હિમ્મતવાન ને બ્હાદુર;
૩ ધજા તળે રહી લડવાને, દર વખત રે તૈયાર.

ઇસુના નમુના ઉપર, સ્તંભ ઉપાડીને, ચાલ;
૪ તે રસ્તેથી આકાશી ઘર, તું સુખનો મારગ ભાળ.

તેનો થવાને કરીએ આજ, આ મુદ્રા મસ્તકપર;
૫ કે તેની સાથે કરે રાજ, પોંચી આકાશી ઘર. આમેન.

H. C. 399. Rockingham, L. M.

૮૯ પવિત્ર આત્મા તું ખરો, બાપ્તિસ્માનો તું દેનારો,
૧ આ વખતે લગાડી છાપ, ને પાણી વડે સાક્ષી આપ.

દિવ્ય પરાક્રમ રેડીને, ઇસુનું લોહી છાંટી દે,
૨ પિતા, પૂત્ર અને આત્મા, આ... ..ને લે રક્ષામાં. આમેન.

---

૯૦ પ્રભુ મને નહીં હાંકી કાઢો; શરણુ પતિત હું આવું રે, ટેક.
ક્ષણે ક્ષણે મેં પાપો કીધાં, મન મારૂં અકળાએ રે.
૧ કેમ કરૂં ક્યાં જાઉં, પ્રભુ હું, અંતર બહુ દુઃખાએ રે,

માત પિતા ને ભ્રાતુ મારો, સ્નેહી તુજને જાણું રે,
૨ તારે માટે સેવું પડે કંઇ, તો હું આનંદ માનું રે.

તુંજ અન્ન ને તું છે પાણી, તું આભુષણ મારૂં રે,
૩ ધીક પડે મુજ જીવતરને, જો, આ પ્રિતીને નકારૂં રે.

જગ નીંદે ને મીત્રો હાંસે, વિણી વિણીને મારે રે,
૪ તો પણ ટેક કદી નવ ચુકું, રહીશ તારે દ્વારે રે.

સ્નાન કરી તુજ રૂધીર માંહે, પુરો ચોખ્ખો થાઉં રે,
૫ તન મન મારૂં અર્પી દઇને, નિશદિન ગુણો ગાઉં રે.

જ્યાં દોરે ત્યાં હાજર થાઉં, ઇસુ પ્રાણથી પ્યારા રે,
૬ પુરી કરો મારી અભિલાષા, ગાવાને ગુણ તારા રે.

7, 8, 7, 8, 6, 6, 6, 8s.

૯૧ મુજ પાપના ડાઘ ધોશે કોણ? ઇસુનું રૂધીર છે વ્હેતું;
૧ મજને સાજો કરશે કોણ? ઇસુનું રૂધીર છે વ્હેતું;
અમૂલ્ય છે ખરે, શ્વેત બરફ સમ કરે;
અન્ય ઝરો ન મળે, ઇસુનું રૂધીર છે વ્હેતું. ટેક.

શુદ્ધ કરનારૂં જોઉં એજ, ઇસુનું રૂધીર છે વ્હેતું;
૨ મુજ માફીનો ઉત્તર તેજ, ઇસુનું રૂધીર છે વ્હેતું.

બીજાથી પાપ દુર ના થાય, ઇસુનું રૂધીર છે વ્હેતું,
૩ મુજ પાસે નહિ સુકૃત કાંય, ઇસુનું રૂધીર છે વ્હેતું.

મુજ શાંતિ ને આશા એજ, ઇસુનું રૂધીર છે વ્હેતું,
૪ મારૂં ન્યાયીપણું પણ તેજ; ઇસુનું રૂધીર છે વ્હેતું.

8, 8, 8, 6s.

૯૨ હે ઇસુ, જગતના તારનાર, તું એકલો પાપને દુર કરનાર;
૧ તારી દયા અનંત અપાર, તું મારાં પાપ મટાડ.

મજ ગરીબની પાસે નથી પુણ, પણ મારે માથે આત્મિક રૂણ;
૨ હે ત્રાતા, મારી અરજી સુણ, ને મારાં પાપ મટાડ.

તેં છોડયું આકાશમાંનું સુખ, માનવને કાજે વેઠયું દુઃખ,
૩ કે તારા લોકને મળે સુખ, તું મારાં પાપ મટાડ.

તેં લોકને સારૂ સહ્યું મરણ, ને એમજ કીધું પાપનું હરણ;
૪ હે ત્રાતા, આવું તારે શરણ, તું મારાં પાપ મટાડ.

મારા પર ચડયો પાપનો ભાર, તેથી નરકમાં છું ડુબનાર;
૫ દયાળુ ઇસુ, મને તાર, ને મારાં પાપ મટાડ.

પાપથી બહુ થયો મને ત્રાસ, પણ હવે તારા પર વિશ્વાસ;
૬ મને ન થવા દે નિરાશ, તું મારાં પાપ મટાડ.

A. & M. 311 L. M.

૯૩ ભુખ્યા તરસ્યાં જે કોઇ હો, વિશ્વાસથી આવો પાસ,
૧ જેઓ વિશ્વાસથી આવો છો, તે નહીં થશો નિરાશ.

પોતાના હાથ લંબાવીને, ને મનમાં રાખી પ્યાર,
૨ તે સહુને બોલાવે છે, આવો ઉતારે ભાર.

ઇસુનું મન ઘણું વિશાળ, છે પ્રીતિથી ભરપુર,
૩ મળવા આવે છે તે દયાળ, જોવાને દુઃખી ઉર.

ચાલો આવો વિશ્વાસીઓ, બોલાવે સંધાને,
૪ મધુર અવાજને સાંભળો, લો આત્મિક ભોજનને. આમેન.

From Urdu Tune, Winchester Old C. M.

૯૪ ઇસુ તું સુરજ આકાશી, ને શોભા સ્વર્ગી જાણ,
૧ નામ તારૂં મને, હે દયાળ, છે આનંદનુ પ્રમાણ.

આકાશનું સુખ ને પરમાનંદ, નિર્મળ ઝરણનું જળ,
૨ જે તુંજથી ખાએ પીએ છે, પામે છે સુખ અચળ.

ઇસુ તું રાંક ને નરમ જે, વિનંતી કાને ધર,
૩ દાસોની વાણી સાંભળીને, મદદ અમારી કર.

હે ઇસુ, સાથે રહી દેખાડ, શુભ આકાશી પ્રકાશ;
૪ સૌના ઉપર તેજ પાડીને, અંધારાનો કર નાશ.

ઇસુ અમારા હેત ને વ્હાલ, મનને આપો આરામ,
૫ સ્તુતિ સેવા, તને થાઓ, હમણાં ને સદાકાળ આમેન.

A. & M. 311. L. M.

૯૫ તૈયાર થા હવે મારા પ્રાણ, કે પીરસાયું છે ભોજન જાણ;
૧ ચાલ, પોતાને તપાસીને, તૈયાર થા ભોજન જમવાને.

તેં હે પ્રભુ, દીધી ખરી, પુત્રતા મને મ્હેર કરી,
૨ હે બાપ દયાળ હું તારો બાળ, તું સદા મારી કર સંભાળ.

તારા અતિશય પ્રેમ પ્રમાણ, આ, આત્મિક ભોજન, ને જમાડ;
૩ સૌ, શોક ને ભાર લઇ પાપોનો, ભરી દો વિશ્વાસ ત્રાતાનો.

પ્રભુ, તું મારો ઉત્તમ વૈદ, હું તારો રોગી છું ગરીબ;
૪ હું, ભુખ્યો, તરસ્યો આવું છું, ને તૃપ્તિ પામવા ચાહું છું.

ખ્રીસ્ત હે, દાન આ, જે તારૂં છે, તેથીજ કલ્યાણ અમારૂં છે;
૫ તૈયાર થા હવે મારા પ્રાણ, કે, પીરસાયું છે ભાણું જાણ. આમે

A. &. M. 313. Lammas. 10, 10.

૯૬ ૧ પુર્ણ વિશ્વાસથી, બધાં ઇસુ દાસ, પવિત્ર સંગત, લેવા આવો પાસ.
૨ ઇસુનું શરીર, ખરૂં ખાવાનું, તેનું શુદ્ધ લોહી, પણ છે પીવાનું.
૩ દેવનું હલવાન જે, બળીદાન થયું, તેના લોહીથી, મારૂં પાપ ગયું.
૪ તેં તારા લોહીથી, ખરીદ્યા એકવાર તું પોતે થયો, યાજક ને સરદાર. આમેન

---

૯૭ નમું છું પ્રભુ મુજ પ્રાણથી પ્યારા.
દીધાં મટાડી તેં પાપો અમારાં. ટેક.

આ ભોજનથી યાદી કરૂં હું,
૧ ક્રુસ ઉપર વીંધ્યા અંગ તારાં.

સફર અમારી અનિશ્ચય ભારી,
૨ માર્ગો છે વાંકાચુંકા નઠારા.
સંગ નથી કોઇ સાથી અમારો,
૩ તુજ વિણુ રક્ષક ઇસુ પ્યારા.
તુજ ભોજનથી શકિત લઇને,
૪ પામું છું કૃપાના, દાનો સારાં.
સંકટ, શત્રુ જોખમ ભાસે,
૫ તો, હાજર થઇ મમ ભય હરનારા.
નહીં,નહીં,નહીં,હવે મુકું હું તુજને,
૬ અથાગ પાપોના મોચન હારા.
કેમ કરી કયારે હું વાળું,
૭ બદલો બધાનો એ દિનદયાળા.

From Urdu, Tune 7s.

૯૮ પ્રભુ ઇસુ સત અવતાર, તે છે મારો તારનાર,
૧ ધરૂં તેના ચરણને, લઉં તેના શરણને.
કોની પાસે હું જઇશ? કોનાથી મુકતી પામીશ,
૨ પ્રભુ ઇસુ, તું વિના, કોઇ મુકિત આપે ના.
પવિત્રાત્માને મોકલ, નવો જનમ મારો કર,
૩ માર્ગે તે ચલાવે છે, સ્વર્ગે તે પોંચાડે છે.
ઇસુને જાણું છું હું, બીજા કોઇને નહીં માનું,
૪ કેવળ ઇસુ સત અવતાર, જગતનો તે તારનાર. આમેન.

A. &. M. 633. All Saints C. M,

૯૯ ઇમાનુએલના લોહીનો, એક ઝરો વહે છે;
૧ તેમાં નાહીને પાપીઓ, ઉજળાં થઇ જાય છે.

તેને જોઇને મરતી વાર, ચોર થયો આશાવાન;
૨ આ સેવક પણ તેમાં નાહી, પામ્યો છે મુક્તિદાન.

તારા રૂધિરમાં, હે હલવાન, રે છે કેવી અસર,
૩ તું આખી મંડળી તેમાં ધો, ને સુપવિત્ર કર.

જ્યારથી છંટાયું છે રૂધિર, મન મારાની ઉપર,
૪ પ્રેમ તારામાં રહું મગન, ને રહીશ ઉમર ભર.

જ્યાં સુધી જીવન ટકે આ, ત્યાં સુધી આનંદે,
૫ ગાયા કરૂં પરાક્રમને, જે તુંજથી નીકળે.

પ્રભુ તેં મારે ગાવાને, સોનેરી વાજાથી,
૬ તૈયાર કીધું છે નવું ગીત, પવિત્ર લોહીથી.

તે વાજાનો રાગ છે મધુર, ને સુંદર તેનો સુર,
૭ તે ઉપર હું ગાઇશ જરૂર, મુજ પીતાની હજુર. આમેન.

A. & M. 347. L. M.

૧૦૦ પવિત્ર આત્મા ઉતરી આવ, જીવનદાયક વચન સંભળાવ,
૧ ને મારૂં મન કર તારૂં ઘર, આકાશી આશીર્વાદથી ભર.

સંબોધક તને વિનવીએ, તું મોટું દાન પ્રભુનું છે,
૨ જીવનનું ઝરણ, પ્રેમની આગ, મુજ આત્માને કદી ન ત્યાગ.

દયાળુ દેવ આ લોકો પર, આકાશી કૃપા તારી કર;
૩ બીજ વચનનાં વવાએ જે, તેઓના મનમાં વધવા દે.

જે હાજર થવા ચાહે છે, ફરીથી વચન સ્થાપે છે,
૪ સ્થિરીકરણ તું તેમનું કર, ને તારો આત્મા મનમાં ભર.

જે હમણાં કરે છે કરાર, તે મનથી થવા દે દાતાર,
૫ તું તેમને ઉન્નતિ બહુ આલ, કે ચાલે ખ્રીસ્તીઓની ચાલ.

તું તારી ઝુંસરી એમના પર, મુકીને દાસો તારાં કર,
૬ કે જ્યારે દોડ આ પુરી થાય, ત્યારે તારી પાસે જવાય. આમેન.

H. C, 247. Farrant. C. M.

૧૦૧ આવ, આવીને અમને ઉઠાડ, પવિત્રાત્મા પ્રેમાળ;
૧ અને આ, સુતાં મન જગાડ, ને તારો પ્રેમ દેખાડ.

અમારૂં મન ગુંથાયું છે, આ, નાશવંત વાનાંપર;
૨ ને મેળવવાને સ્વર્ગાનંદ, નથી કાંઇ ફીકર.

અમારાં રાગને ગાયનો, દેખાવના જેવાં છે;
૩ હોસાના ગાવા નથી જીવ, અમારી જીભોને.

હે, પ્રીય પ્રભુ, મારો પ્રેમ, કેવો ઠંડો દેખાય:
૪ શું, એવોને એવો રહું, જ્યાં તારો પ્રેમ ઉભરાય.

આવ, આવીને અમને જગાડ, પવિત્રાત્મા પ્રેમાળ;
૫ આવી ત્રાતાનો પ્રેમ દેખાડ, ને, મુજમાં પ્રેમ જગાડ.

---

૧૦૨ દેવ, રેડ આતમા,
દોષ જાય દિલનો જવાય ખ્રીસ્ત રાજમાં;
દુનિયાઇ વાતમાં,
આત્મિક જ્ઞાનમાં,
૧ ખ્રીસ્ત માન, ખ્રીસ્ત નામ દીપશે સ્વઠામમાં.

માગનારને કદી,
દેવ કાઢતો નથી, સુણે વિનંતી તે બધી;
માગનારની કદી,
માગણી જશે રદી?
૨ ના, દયાભરેલ દેવ તું થવા ન દે કદી.

આતમા વિના અમે,
આંધળાં છિયે બધાં, સુખી ન સર્વ કો સમે:
જેમ આંધળા ભમે,
તેમ તો બધાં અમે,
૩ અંધકાર પાપનો કુમાર્ગ સર્વદા ગમે.

રેડ આતમા, ધણી,
ઉરમાં પ્રકાશ પાડ જાય રાત પાપની ;
દેખ ખ્રીસ્તની ભણી,
તાર સર્વ પાપણી;
૪ એજ ટુંક પ્રાર્થના કબૂલ રાખ દાસની.

H. C. 246. Wiltshire C. M.

૧૦૩ પવિત્ર આત્મા આવીને, તારો વાસો અહીં કર;
૧ અમારી સેવામાં પ્રભુ, તું તારી શક્તિ ભર.

અગ્નિ રૂપે તું આવીને, અર્પણ બળે છે જેમ;
૨ અમારાં તનમન થવા દે, ત્રાતાને માટે તેમ.

ઝાકળની પેઠે વરસીને, કર લીલું મારૂં મન;
૩ સહુ સુકાપણું કાઢી લે, ઉગાવ, મહા આનંદ.

અજવાળા રૂપે આવીને, આ પાપી મન સુધાર;
૪ અયોગ્યતા સહુ કાઢીને, આકાશી માર્ગ દેખાડ.

કબુતર પેઠે આવી રે, કે પ્રેમ શાંતી દેખાય;
૫ ને પૃથ્વી પરની મંડળી, આકાશના જેવી થાય.

પવિત્ર આત્મા આવીને, ખોવાયલા જગતમાં;
૬ તું, તારો વાસો કરીને, લઇજા આનંદમાં. આમેન.

A. & M. 349. St. Peter. C. M.

૧૦૪ ઓ પ્રભુ મારૂં અંતર લે, ને તેને તારૂં કર,
૧ કે કદી તુજથી ભટકીને, નહીં રખડું ઉમર ભર.

ક્રુસ આગળ હું સદા રહું, આવી પડી જગગાય,
૨ ને પાપો ત્યાં ચોઢી દઉં, કે ખ્રીસ્ત સૌમાં સૌ થાય.

રેડ અભિષેકની કૃપાને, ને કર મુદ્રિત આ દાસ,
૩ કે જોઇ તારા ચ્હેરાને, હું સેવું આસન પાસ.

દરેક વિચાર, કામ વાતોને, સોંપી દઉં આ વાર,
૪ અર્પું છું જીવન પ્રભુને, કે મોત થાય સ્વર્ગનું દ્વાર.
પિતાને હે જો મહિમા, મ–હિ–મા પુત્રને,
૫ ને પવિત્ર આત્માને, ત્રયમાં એક દેવ છે જે. આમેન.

A. & M. 157. Veni Creator.

૧૦૫ પવિત્ર આત્મા અમને પ્રેર, આકાશી અગ્નિથી ચોમેર,
૧ અભિ–ષે–કના આત્મા હે, તારા સાત દાનો આપી દે.
પ્રેરણા જે તારી ઉપરની, છે શાંતી જીવન પ્રેમાગ્નિ,
૨ નિરંતર પાડી ને પ્રકાશ, અંધાપાનો કરી દે નાશ.
તારી ઘણી કૃપા વડે, આ વ્યાકુળોને આનંદ દે,
૩ દે શાંતી વૈરીને નસાડ, ને સાથે રહી દુઃખ મટાડ.
પિતા પુત્રને આત્મા, દેવ નિએક, તેનું જ્ઞાન સદા,
૪ શિખાડવાને થા દયાળ, કે ગાયા કરીએ સદા કાળ.
સ્તવિએ તારા પુન્યને; પિતા. પુત્ર ને આત્મા હે. આમેન,

A. & M. 508. Veni Creator.

૧૦૬ પવિત્રાત્મા, સનાતન દેવ, ઉપરથી આવે તું,
૧ પિતા અને પુત્રમાંથી, પ્રેમ શાંતીના પ્રભુ.
અમારાં મનમાં આવીને, આકાશી કૃપા ભર,
૨ કે સત અને સુભક્તિમાં, વિતે બધી ઉમર.
તું સાચો શાંતી દાતા છે, પરાત્પર દેવના દાન,
૩ કેમ કરી નિર્બળ જીભ વડે, કરૂં પુરાં વખાણ.
આકાશી આનંદોનો તું. ઝરો છે વાસ્તવિક,
૪ પ્રકાશિત અગ્નિ માહે પ્રેમ, ને દિક્ષા આત્મિક.
તારાં દાનો અતિ ઘણાં, છે મંડળીનાં સ્થંભ,
૫ ઓ, દેવની આંગળી લખે તું, મન ઉપર તુજ નીયમ.

તુજ વચન પ્રમાણે પ્રભુ, વાચાનું આપો દાન,
૬ કે તે વડે સૌ સ્થળોમાં, પ્રભુને ગાઇએ ગાન.

પવિત્રાત્મા અમ મનોમાં, લાવ આકાશી પ્રકાશ,
૭ ને રાત દિવસ સેવા કરવા, આસ્થાને દે ઉલ્લાસ.

અમારી નબળી દશા જોઇ, પ્રભુ તું થા સહાય,
૮ કે, શેતાન જગત અને દેહ, અમને ન જીતી જાય.

શત્રુ હઠાવી મદદ કર, કે, દેવને માનવ સાથ,
૯ અમારાં મનો રહે નિડર, પુર શાંતીમાં અમાપ.

તું થા, અમારો હે પ્રભુ, વાટસુચક ને દોરનાર,
૧૦ કે પાપના ફાંદાથી બચી, લઉં તારો આધાર.

એવા પરિમાણે કૃપા, તું અમ ઉપર ઉતાર,
૧૧ કે ન્યાયના ભયંકર દિને, શાંતીનો થા દેનાર.

સહુ તડાં, ફાટ ફુટો જે, પ્રભુ તું કાઢી દે,
૧૨ જોડી દે પ્રેમના બંધને, સૌ ખ્રીસ્તી દેશોને.

સર્વશક્તિમાન પિતાને, ઓળખાવવા થા પ્રસન્ન,
૧૩ કે તેના પ્રિય પુત્રના, કરીએ સુદર્શન.

પુનઃ ભરોસાથી તને, માનીને કરીએ સેવ,
૧૪ આત્મા પિતા ને પુત્રનો, ત્રી વ્યક્તિમાં એક દેવ.

દેવ પિતાને મહિમા હોજો, ને ધન્ય પુત્રને,
૧૫ કૃપાના પવિત્રાત્માને, જે એકમાં સમ ત્રય છે.

જેઓ તને કબુલ કરે, તે સહુ લોકો પર,
૧૬ તું તારો આત્મા મોકલી દે, ઓ પ્રભુજી જીવન ભર. આમેન.

A. & M. 645. C. M

૧૦૭ પ્રભુ તું મારા મનને લે, ને સંધું તારૂં કર,
૧ કે તને કદી હે દાતાર, ન છોડું ઉમર ભર.

પ્રભુ પ્રભુ તું એવું કર, કે હવે પછી હું,
૨ જગ વિષે મુએલો થઇ, તુજ આધિન થઇ રહું.

તું મારા મન પર મુદ્રા કર, પવિત્ર આત્માની,
૩ કે મને તારા આસને, પળ મળે જોવાની.

તને સોંપું છું મન વિચાર, ને કામો મારાં જે,
૪ કે જ્યારે મારૂં મરણ થાય, તો પ્હોંચું આકાશે.

મ-હિ-મા પિતા પ્રભુને, ને પુત્ર જે અકાળ,
૫ મ-હિ-મા પવિત્રાત્માને, હમણાંથી સદાકાળ. આમેન.

A. & M. 350. St. Alphege. 7s. 6s.

૧૦૮ આદનમાં જ્યારે પહેલાં, બંધાયું વચન જે.
૧ તે મુળ લગનનો આશિષ, હમણા પણ રહે છે.

અત્યારે જે વર કન્યા, આ, વિવાહમાં જોડાય,
૨ પ્રભુની તે પર દયા, ને આશિષ બહુ રેડાય.

પ્રેમ ને વિશ્વાસની વૃદ્ધિ, ને, ફળદ્રુપ થવા હાલ,
૩ આ ઐક્યતા તો બાંધી, ન, ટુટે જીવન કાળ.

આપી હવા આદમને, તેમ હાજર થઇ હાલ,
૪ આ કન્યાને સોંપીને, એઓને આશિષ આલ.

આ, પ્રેમી હાથો જોડવા, ત્રાતા તું હાજર થા,
૫ તુજ, મહિમા છે મોટો, ને કૃપાળુ સત્તા.

હાજર થા પવિત્રાત્મા, આશિર્વાદ દેવાને,
૬ આ, વર ને કન્યા ઉપર, કે, સુખી થાએ તે. આમેન.

ભુજંગી.

૧૦૯ રચી દેવ તેં દુનિયા ખૂબ સારી,
નિહાળી વખાણું તને વાર વારી.
કર્યું માનવી, દેવ તેં ધુળમાંથી,
૧ ધર્યો શ્વાસ પોતાતણો મુખમાંથી.

બધી ચીજથી માનવી શ્રેષ્ટ કીધું,
અને આત્મા, જ્ઞાન, વિવેક દીધું;
ન'તી પાસ બેલું, લીધું માંસ તેનું,
૨ કરી નાર આપી, 'હવા' નામ એનું.

નિહાળી પછી આદમે આંખ ધારી,
ભલા માંસ મારૂં થઇ મુજ નારી.
થયા તે બન્નેના વિવા દેવ હાથે,
૩ સુખી ઐા થયાં દેવથી સર્વ વાતે.

વિવા જે કરે શાસ્રની રીત જાણી,
રહે દેવની તે ઘરે મેહેરબાની.
સુખી જો થવા ધારશો લગ્નવાદી,
૪ રહો પ્રેમમાં તો થશે દૂર વ્યાધી.

ખરા દીલથી દેવનો પ્રેમ રાખો,
અને એક બીજાતણું હીત તાકો.
વ-હુ-એ ધણીને ખરૂં માન દેવું,
૫ કરારો પ્રમાણે કહ્યામાંજ રેવું.

ધણી એમ વહુનો ખરો પ્રેમ રાખે,
અને અંગ પોતાતણું એમ તાકે.
નહીં દૂષ પોતાતણો કો ન કીધો,
૬ ઇસુ મંડળી કારણે જીવ દીધો.

બધાં આપણે ખ્રીસ્તનાં અંગ જાણો,
અને શીર તે આપણો ઇષ્ટ માનો.
મુકી માનવી માત ને તાત કોરે,
૭ વહુ સાથ રેશે લગી જાય ઘોરે.

ઇસુ મંડળીનું ખરૂં શીર જાણો,
વહુઓ તમારા ધણી શીર માનો,
હવે ઐં તમે જે કરો છો કરારો;
૮ સદા પાળવા, કોલ આપો તમારો.

યહોવા અને મંડળી સાક્ષ જાણી,
કરારો તમે પાળશો એમ માની.
યહોવા, હવે આપ આશીષ તારો,
૯ અને સેવકોનો થજે પાળનારો.

સુકાળે દુકાળે દિલાસોજ દેજે,
સદા એમને ઘેર તું વાસ લેજે.
વિનંતી પિતા માનજે ખ્રીસ્ત નામે,
૧૦ સદા કાળ આમેન આમેન જામે.

દોહરા.

૧૧૦ જેમ સદા દેખાય છે, ગગને સુર્ય પ્રકાશ,
સહુ દેશે સહુ લોકની, પુરી કરતાં આશ;
એમ સદા મજ હાથમાં, દીપક રૂપી પત્ર,
૧ સહુ કાળે સહુ જાતને, જ્યોતિ કરે સર્વત્ર.

સુર્ય તણી તો દીપિકા, સળગાવે ભવનાથ,
આપે છે પણ લેખની, પ્રકાશરૂપી વાત,
બન્નેમાં દેખાય છે, પ્રેમ તણો ઉપકાર,
૨ આત્માને ને દેહને, અજવાળું દેનાર.

સુર્ય વિના તો ભૂતળે, સંધાં નાશે જાય,
વાક્ય વિના તો જીવનું, મોત સદાનું થાય.
રવિ તેજે તો જયમ સરે, લૌકિકનાં સહુ સાર,
૩ લેખ થકી પ્રગટાય છે, આત્માનો ઉદ્ધાર.

રવિ સામા તો દેખતાં, છાંયો પુઠે જાય,
પુઠે કરતાં સુર્યને, આગળ છાંયો થાય.
ખ્રીસ્ત ભણી તો ભાળતાં, પછવાડે સહુ પાપ,
૪ અવળું ફરતાં ખ્રીસ્તથી, સામો છે સંતાપ.

દોહરા.

૧૧૧ ઇશ્વરનું તો શાસ્ત્ર જે, વિશાળ છે ભંડાર,
૧ જે જે ખપતું હોય છે, તે તે તાં મળનાર.

વાણી જીવન ભેદની, સુખ દેનારી વાત,
૨ ઔષધરૂપી વાક્ય પણ, અન્ન તણી તે સાથ.

ઢાલ વળી તરવાર છે, જ્ઞાનતણા પણ મર્મ,
૩ ભુલ બતાવે માર્ગની, કાર્ય તણાં અપકર્મ.
જગત ઘણી નીંદા કરે, છો કરતાં જે ગ્રંથ;
૪ પાસ હશે ભંડાર એ, ન્યુન કદી ન જણાંય.

ચોપાઈ.

૧૧૨ શાસ્ત્ર પવિત્ર ખરો ભંડાર, જ્ઞાન સનાતન ત્યાં મળનાર,
૧ છે મજ મુળતણું ત્યાં જ્ઞાન, છે મજ જાતતણું ત્યાં શાણ.
છે મજ ચુક વિષે ત્યાં બોધ, છે મજ ભૂલ વિષે ત્યાં શોધ,
૨ છે મજ ઇશ્વરની ત્યાં રેમ, છે મજ ત્રાતાનો ત્યાં પ્રેમ.
છે મજ ન્યાયતણો ચુકાવ, છે મજ ત્રાણ વિષેનો ભાવ,
૩ છે મજ દોષ વિષેનો માર, છે મજ નબળાનો ઉદ્ધાર,
છે મજ બીકતણી ત્યાં શાંત, છે મજ તારણનું વૃતાંત.
૪ છે મજ પાપ તજ્યાનું ચિત્ત, છે મજ વૈરી પરની જીત,
છે મજ સૌખ્ય વિષે વિશ્વાસ, છે મજ તાજ તણી ત્યાં આશ.
૫ એ ભંડાર પવિત્ર અમુલ્ય, નિત નિત આપે જ્ઞાન અતુલ્ય.
તે મજ કરમાં છે આપેલ, ઇશ્વર પ્રેમ થકી દીધેલ,
૬ તેજ જણાવે જીવ અનંત, તેજ સદા શિરોમણિ ગ્રંથ.

A. & M. 531. Southwell C. M.

૧૧૩ ઓ બાપ ખજાનો શો અમુલ, છે તારા વચનમાં,
૧ આભાર માની કરૂં કબુલ, ને લઉં મનમાં.
એમાંથી ભુખ્યા નબળા જન, ખાવાનુ પામેછે,
૨ ને નિરાધારનું આશ્રયસ્થાન, સૌ સુખો આપે છે.
નિર્ગત મનોને નિભાવવા, ત્યાં ઝરણુ વહે છે,
૩ ને તરસ્યા જીવને તૃપ્ત કરવા, મીષ્ટ શાંતિ મળે છે.

પ્રભુની મોઠી વાણી જ્યાં, ને ઇસુ ખ્રીસ્તની,
૪ જે વાણીના ભણકારામાં, છે મારી પાપોની.
આ આકાશી પાનાઓને, ખુશીથી વાંચીએ,
૫ કે તેથી સમજ મેળવીને, પ્રકાશિત થઇએ. આમેન.

A. & M. 261. S. M.

૧૧૪ પ્રભુ તું અરજ મારી સુણ ને મારી મદદ કર,
૧ કે પવિત્ર વચનને હું, યાદ રાખું ઉમર ભર.
જો મુજમાં ગફલતો જણાય, કરી દે તેમને દુર,
૨ કે મનમાં તે નિષ્ફળ ન થાય, ફળે બહુ જરૂર.
સાંભળવા કાન પ્રભુ તું દે, પવિત્ર આત્મા આવ,
૩ ને નમ્ર મન પણ મને દે, ને તેમાં તે ઠસાવ.
મારામાં તેની જડ ઉતાર, કે તારૂં પ્રિય નામ,
૪ પ્રગટ કરૂં આખી ઉમર, ને કરૂં નિત વખાણ. આમેન.

તોટક.

૧૧૫ સત વેદ કહે, નહિ પાપ કરો, સત ચાલ વિષે દ્દઢ પંથ ધરો,
૧ બહુ દોષ વધે બદ ચાલથકી, નરનાયક થાયજ પૂર્ણ નકી.
નર પાપ કરી નરકેજ પડે, બહુ દુઃખ પડે સહુ કાળ રડે,
૨ સતવેદ કહે, નહિ ખૂન કરો, જગ માલકથી સહુ લોક ડરો.
સતવેદ કહે, નહિ મુર્ત્તી ભજો, જડ મૂરતને તમ લોક તજો,
૩ સતવેદ કહે, નર નાર સુણો, તમ પાપ ઘણાં શિર છેજ રૂણો.
સતવેદ કહે દુર કોણ કરે, ભવસાગરના અઘ કોણ હરે,
૪ સતવેદ કહે વિર ખ્રીસ્ત ખરો, સત ખ્રીસ્ત થકી ભવપાર તરો.
સતવેદ કહે વિશ્વાસ કરો, સત પંથ ભણી નરનાર ફરો,
૫ ભવપાર તરી નરનાર ગયાં, સત ખ્રીસ્ત થકી અઘ દુર થયાં.

S. S. 63. Tune. 8. 5.

૧૧૬ મુકી ન દે નમ્ર ત્રાતા, સાંભળ મારો સાદ,
૧ બીજાંઓને આવો કહેતાં, કર મને પણ યાદ.

ત્રાતા, ત્રાતા, સાંભળ મારો સાદ,
બીજાઓને આવો કહેતાં, કર મને પણ યાદ, ટેક.

તારા દયાસન આગળ, આવી પડું આ વાર,
૨ હૃદય ભંગિતનું સાંભળ, મદદ મારી કર, ટેક

તારા પુન્ય પ્રતાપે, રાખી ભરોસો હું,
૩ આવું તો પાપો કાપે, સદાનું સુખ લઉં. ટેક

મારી શાંતીના ઝરણુ, આપે છે નિર્મળ નીર,
૪ ધરણી આકાશે છે ત્રાણ, મને જે આપે ધીર. ટેક.

A. & M. 255. L. M.

૧૧૭ હું જેવો છું, વિના આધાર, તેવોજ આવુંછું, દે ઉદ્ધાર,
૧ જોઇને તારા રક્તની ધાર, ઇસુ, હું આવું છું.

હું જેવો છું, અબળ લાચાર, શોક સંદેહોનો નથી પાર,
૨ તું એકલો ભારનો ઉંચકનાર, ઇસુ, હું આવું છું.

હું જેવો છું હૃદય ભંગિત, પણ તું કરે છે ઘણી પ્રિત,
૩ જે જોઇએ તે આપે નીત. ઇસુ, હું આવું છું.

હું જેવો છું. તેવો આવીશ, મારી ને શુદ્ધતા લઇશ,
૪ તુજ વચનને માની જગદિશ, ઇસુ, હું આવું છું.

હું જેવો છું, દુઃખે ભરપૂર, પણ તારો પ્રેમ તે કરે દૂર,
૫ ને તારો થઇને રહું જરૂર, ઇસુ, હું આવું છું.

હું જેવો છું, તુજ પ્રેમ વિશાળ, અતિશય મોટા હે દયાળ,
૬ આ જીવનમાં, ને સદાકાળ, ઇસુ, હું આવું છું. આમેન.

વિક્રાંત, દ્વિપ્રાસ.

૧૧૮ જન્મ થકી અવળી મજ વાતો સર્વ ગએલી;
૧ સંધી ચાલ વિષે બહુ અંધી ચૂક થએલી.

હે ત્રાતા બળવાન ભણી, હું દીન ફરું છું;
૨ તોડો બેડી પાપ તણી, એ પ્રાર્થ કરું છું.

આંખ વિષે તુજ તેજ કરી, જન્માંધ મટાડો,
૩ સાંભળતા કરતાં મારો, બેરાટ હટાડો.

આત્મા જે મૃતરૂપ થયો, તે ચેતન પામે;
૪ તેને જીવ મળ્યો દીસે, તારે સહુ કામે.

આ હૈડું પાષાણતણું, કર્ત્તા, બદલાવો;
૫ આપી જન્મ નવો, ચોખો વ્યવહાર ચલાવો.

પ્રેમ નવો ને ભાવ નવો, સારાં કરવાને;
૬ દ્વેષ નવો આપો, સહુ દુષ્ટ તજી ફરવાને.

A. & M. 184 7s.

૧૧૯ જીવતી ખડક, ખરી આડ, મારા ઉપર છાંયા પાડ!
તારી કુખથી વહ્યું જળ, તથા લોહી; તેનું ફળ,
૧ થાઓ પાપના બે ઇલાજ, દોષ મટાડો, ટાળો રાજ!

મારા હાથનાં ઘણા કર્મ પૂરાં કરતાં નથી ધર્મ;
મારો હોંસ નિરંતર હોત, મારો આત્મા સદા રોત,
૨ તો પણ કેવળ પ્રાયશ્ચિત્ત, તારી શકે છે ખચીત.

ખાલી હાથે આવું છું, તારો ઇમાન લાવું છું;
નાગો, માગું છું લેબાસ, અબળ કરૂંછું વિશ્વાસ;
૩ તારે ઝરે મને લાવ, અને ધોઇને બચાવ!

ટકે જીવનનું અજવાળ, અથવા આવે અંતકાળ,
તારી આગળ હોઇને, ને ન્યાયાસન જોઇને,
૪ જીવતી ખડક, ખરી આડ, મારા ઉપર છાંયા પાડ. આમેન.

A. & M. 238. 7, 6s.

૧૨૦ જેમ પાણી વાસ્તે હરણ, બહુ તૃષા લાગે છે,
૧ તેમ મારૂં અંતઃકરણ, ઇશ્વરને માગે છે.

ઓ ખરા દેવ યહોવા, હૃદયમાં આશા થાય,
૨ કે તારા મુખને જોવા, ને તારી સેવા થાય.

હું રડીને રાત દહાડે, થયો છું બહુ નિર્જીવ,
૩ કે તેઓ પુછવા માંડે, કયાં હશે તારો દેવ?

ને એવી વાત સંભરાવી, હું દિલે રાંકડો થઇશ;
૪ ને સભા મધ્યે આવી, હું સ્તોત્રો કરી જઇશ.

ને તારાં પર્વો પાળીશ, હું શાનો શોકાતુર?
૫ હું તેને હૃદય વાળીશ, જે તારક છે જરૂર. આમેન.

7s.

૧૨૧ પ્રભુ, મારી જીંદગી લે, મારાં તનમન તારાં છે;
૧ તું લે મારા હોઠનું ફળ, દરેક દિવસ, દરેક પળ.

પ્રભુ, મારા હોઠ ઉઘાડ, સ્તુતિ મારાથી ગવાડ;
૨ મારાં હાથકામ તું કરાવ, મારાં પગલાં તું ચલાવ.

પ્રભુ, મારાં નાણાં લે; દરેક અર્ધી તારી છે;
૩ મારૂં જ્ઞાન તું કામમાં લે, સારી બુદ્ધિ મને દે.

તારી મરજી મારી કર, મારૂં દિલ એ તારૂં ઘર,
૪ ખ્રીસ્ત, હું તું પર હેત કરીશ, તારી આજ્ઞા હું પાળીશ.

પ્રભુ, મારી જીંદગી લે, મારાં તનમન તારાં છે;
૫ તારા સેવકને સંભાળ, તારે કાજે સર્વકાળ.

A. & M. 368. 8, 7.

૧૨૨ ૧ મરતાં, રોગી, દુઃખી જે કોઇ, આવે જ્યારે તારી પાસ,
દયાથી તું તેમને જોઇ, કદી કાઢે નહીં નીરાશ,

અમે પણ ઇસુ પ્રભુ, આ-વી-એ કબુલ કર તું,

હમણાના દુઃખીઓ ઉપર, ભાઇ બ્હેનના જેવું હેત,
કરવા અમે થઇએ તત્પર, આવી તુજ કૃપા સમેત,
૨ અર્પણ જે આ સેવાનું, લાવીએ કબુલ કર તું.

એવું કર કે સહુ કોઇ, તન, મન, ધનથી તારી પાસ,
તારો મોટો પ્રેમ સંભારી, દુઃખીતોની પુરે આશ,
૩ અર્પણ જે કંઇ સેવાનું, લાવે તે કબુલ કર તું.

પાપ, બીમારી, ને ઉદાસી, તારી શકતીથી મટાડ,
ને સહુ માંદા સાજા કરી, તારો પરાક્રમ દેખાડ,
૪ કે તુજ સાથે મળીને, અંતકાળે આનંદ કરીએ. આમેન.

A. & M. 196. 8, 7, 48.

૧૨૩ ઓ યહોવા, સર્વ ત્રાણી, તારે પ્રેમે મને પાળ,
હું છું નિર્બળ દુર્બળ પ્રાણી, તારે હાથે મને ઝાલ,
૧ ત્રાતા બળવંત, તું થા મારૂં બળ અનંત.

આશ્રા વગર હું મરૂં છું, લોકમાં નથી ઠામ કે ઘર,
હું નિરાશમાં રોજ ફરૂં છું, જાણે લાચાર મુસાફર,
૨ સ્વર્ગી આહાર, તું થા મારો અન્નદાતાર.

જીવતા જળનું ઝરણ ખોલજે,સ્વર્ગી જીવનના આપનાર,
દિલમાં તું દિલાસો બોલજે, ખરા સુખમાં તું સ્થાપનાર,
૩ આકાશી બાપ, નામ દિકરાનું મને આપ.

જીવ જ્યાં સુધી મને રેશે, તારા પ્રેમથી મને ધર,
જ્યારે મરણ જીવને લેશે, સ્વર્ગે આપજે મને ઘર.
૪ સુખી થાઉં, કીર્તન હું સદા ગાઉં. આમેન.

---

૧૨૪ પ્રભુ મજ, તારણ દે પતિતોને, તારણ દે પતિતોને,
પ્રભુ મજ, તારણ દે પતિતોને. ટેક.
૧ પુણ્ય નથી, પ્રભુ મારી પાસે, પાપ ઘણાં મજ માથે; પ્રભુ૰
૨ નિશદિનના તો બહુ અપરાધે છું અતિ દોષિત સાથે; પ્રભુ૰
૩ વૈદ્ય નથી, પ્રભુ, તુજ વિણ કોઈ, સાજો કર સહુ વાતે; પ્રભુ૰
૪ સર્વ સમર્થ ખરો તું ત્રાતા, રાખ મને તુજ હાથે; પ્રભુ૰
૫ શું કરવું તે કે પ્રભુ નાથા, મૂર્ખ ઘણો છું જાતે; પ્રભુ૰
૬ તુજ સ્તવનો હું ત્યારે ગાઉં, સંતોની સંઘાતે; પ્રભુ૰

6, 6, 8. 6s.

૧૨૫ યહોવા રખેવાળ, ને મારો મદદગાર,
૧ આવે દૂકાળ કે ખોટો હાલ, તો મારો તે આધાર.
જો ધરતી કાંપી જાય, ને પહાડો બહુ ધુજે,
૨ ને પડી જાય સમુદ્રમાંય, તો કુશળતા સુઝે.
હા તેના મોજાથી, જો મોટો ઘાંટો થાય,
૩ ને ધુજ્યાથી, ને સુઝયાથી પર્વતો હાલી જાય.
પણ જીવતી નદીમાંય, નાહે છે તેના ભકત,
૪ ને સમુદાય બહુ તાજો થાય, અને હર્ખાય હર વકત.
ને નદને કાંઠે શહેર, ને ખરૂં શુદ્ધ સ્થાન;
૫ ન લાગે વેર, પ્રભુની મહેર પમાડે કૃપાદાન.

From the Urdu. Tune. A. & M. 274. 87,87, Batty.

૧૨૬ ઓ અમારા બાપ આકાશી;
તારૂં નામ પવિત્ર થાઓ,
તારૂં રાજ જગમાં ફેલાવી;
૧ સહુને તારૂં તેજ જણાવ.

તારી ઇચ્છા જેમ આકાશે
પ્રભુ પુરી થાએ છે;
તેમ પૃથ્વી ઉપર પણ થાએ:
૨ આજની રોટલી અમને દે.

રૂણીઓને માફ જેમ કરીએ,
તેમ તું રૂણો માફ કરજે;
પરિક્ષણથી પણ બચાવી,
૩ ભુંડાથી, છુટકારો દે.

સ્તુતિ સેવા, ને વડાઇ,
પરમ પવિત્ર પરમેશ;
હમણા ને સદાકાળ થજો,
૪ તને હે ખરા જગદેશ.
આમેન.

S. S. 318. D. L. M. 8s.

૧૨૭ ધન ઘડી પ્રાર્થના કરવાની, જો છોડી ફીકર દુનિયાની,
મુજ પવિત્ર પિતા હજુર, સૌ માગું તેથી જે જરૂર,
પ્રાર્થનાથી ઘટે દુઃખ સંતાપ, શાંતી પામે છે જીવ અમાપ,
૧ પરિક્ષાથી પણ બચું છું, પ્રાર્થ જયારે કરી જાગું છું.

ધન ઘડી પ્રાર્થના કરવાની, જયારે પિતાના વચનની,
યાદ કરી સ્મરૂં તેનો પ્યાર, ને આશીષનો થાઉં ઉમેદવાર,
"તું મારા મુખને શોધી લે" એ સુણી શોધું છું તને,
૨ ને મારી ફીકરો નિડર, પ્રાર્થનામાં નાખું તારા પર.

ધન ઘડી પ્રાર્થના કરવાની, શાંતી શાંતી મળે ઘણી,
થા મારી જયાં લગ જાઉં આકાશ, ને પામું સદાનો નિવાસ,
ત્યાં ધુળથી ઉઠી ઇસુ પાસ, આકાશી પામીશું પોશાક,
૩ ને સદા તેની આગળ હું, આનંદાનંદ કરતો રહું. આમેન.

5, 5, 218 D. L. M. 8, 5.

૧૨૮ મિષ્ટ ભજનકાળ! મિષ્ટ ભજનકાળ! ભવચિન્તમાંથી નોતરી હાલ,
વળો પિતાના આસન પાસ, કરવા જાહેર અગત ને આશ.
શોક, સંકટ, શક પડયા જયારે, આરામ પામ્યો મજ જીવ ત્યારે;
૧ છુટયો તોડી ભુંડાની જાળ, આવ્યાથી તું મિષ્ટ ભજનકાળ!

મિષ્ટ ભજનકાળ! મીષ્ટ ભજનકાળ! મજ અર્જી લે તુજ પાંખપર હાલ;
વિશ્વાસુ દેવને ચરણે ધર, સત જેનું ને પ્રીત છે તત્પર,

આતુર આત્માને આપવા સુખ, ફરજે, "ધર ભાવ ને શોધ મજ મુખ";
૨ નાખીશ તેનાપર મજ જંજાળ, જોઈ વાટ તારી મિષ્ટ ભજનકાળ!
મિષ્ટ ભજનકાળ! મિષ્ટ ભજનકાળ! દિલાસો તારો મજને આલ;
ને પિસગા પરથી દીઠા બાદ, મજ દેશ ને ભૂપનું સ્થાન આબાદ,
જાઇશ ઉડી, ફેંકી આ દેહ, સદાનું જ્યાં મજ ઇનામ રે;
૩ ગગનમાંથી જાતાં અંતરાળ, પ્રણામ કરીશ મિષ્ટ ભજનકાળ!

A. & M. 194, 6,5.

૧૨૯ દેવના દિકરા ઇસુ, નમ્ર ને દયાળ,
૧ મારી વાણી સાંભળ, ઓ ઇસુ કૃપાળ.
માફ કરી સહુ પાપો, સાંકળોથી છોડ,
૨ મનમાં હો'જે મુર્તી, તે બધીને તોડ
અમને છુટા કરી, મનમાં પ્રેમ ઠસાવ,
૩ તારા આકર્ષણથી, ઉપર લઇ વસાવ.
આખી વાટે દોરી, રસ્તો પોતે થા,
૪ જગના અં-ધ-કારથી, આકાશે લૈ જા.
દેવના દિકરા ઇસુ, નમ્ર ને દયાળ,
૫ મારી વાણી સાંભળ, ઓ પ્રભુ કૃપાળ. આમેન.

ભુજંગી.

૧૩૦ કરો પ્રાર્થના સંત સહુ એક ચિત્ત.
કરો સેવ ઇસુતણી શુદ્ધ રીતે;
કરો પ્રાર્થના, થાક તેમાં ન જાણો,
૧ કરી સેવ સદે કદી કો ન આણો.
પ્રભુ તો સુણે પ્રાર્થના સૌ તમારી,
વિવેકી વિખે તે કરે પ્રીત સારી;

મળે માગતાં દેવથી દાન સારૂં,
૨ અમે માગિયે, દેવ, દે જ્ઞાન તારૂં.

તમો પાસ તો માગવા દાસ આવ્યા,
અમોને તમોએ દયાથીજ ચાહ્યાં;
અમોને ઇસુએ દીધો છે દિલાસો,
૩ અમે તો થયા ખ્રીસ્તના પુર્ણ દાસો.

અમોને હવે કોણની બીક લાગે?
બધા દુષ્ટનાં બાણ તો ખ્રીસ્ત ભાંગે.
અમે સર્વદા ખ્રીસ્તના વ્હાલ થૈશું,
૪ ઇસુને પ્રતાપે ખરૂં સૌખ્ય લૈશું.

A. & M. 93. St Mary, C. M.

૧૩૧ ઓ પ્રભુ તુજ મુખ ના સંતાડ, સુણ અરજ પાપીની,
૧ રોઇ રોઇને હું તો આવું છું, કર નજર દયાની.

જેઓ કરીને પશ્ચાતાપ, આવે છે તારી પાસ,
૨ તેઓના બધાં પાપો કાપ, ને મારી પણ પુર આશ.

જે જે પાપો મે કીધાં છે, તેનો હિસાબ ન કર,
૩ મારૂં અંતર તું જાણે છે, ઓ પ્રભુ ધણીશ્વર.

તારી દયા પ્રભુ દયાળ, જે પર મારો આધાર,
૪ ને તે વડે તું હે કૃપાળ, મુજ પાપીને ઉગાર. આમેન.

A. & M. 132. Canterbury, 7, 7.

૧૩૨ ઇસુ અરજ સાંભળીને, તારા ઉરમાં જગ્યા દે,
૧ જખમી બાજુમાં મને, સર્વ-દા સંતાડી લે.

દુષ્ટ હુમલો જો કરે, જગત પરિક્ષા ધરે,
૨ ત્યારે રહીશ શાંતિમાં, તારી ઘાયલ બાજુમાં.

ને જો દૈહિક વિષયો, કરે આત્મા પર હલ્લો,
૩ તોએ રહીશ શાંતિમાં, તારી ઘાયલ બાજુમાં.
મારૂં મોત આવે જ્યારે, ત્રાતા સાથે રે ત્યારે,
૪ કે રહું હું શાંતિમાં, તારી ઘાયલ બાજુમાં. આમેન.

H. C. 128. Babylon's Streams. L. M.

૧૩૩ ભાંગેલા મનને અર્પેવા, હું આવું છું જગદિશ્વરા;
૧ તું કૃપાથી કરે કબુલ, એમાં નથી જરાએ ભુલ.
જીવ મારો વ્યાકૂળ થાએ છે, ન્યાયાસનનો ડર લાગે છે;
૨ દયા કરી મને બચાવ, ને અનંત દુઃખોથી છોડાવ.
કે આખા જગમાં ફરી હું, તારૂં તારણ શીખાડી દઉં;
૩ ત્રાતાના લોહીને આસરે, સહુ લોક તારી સ્તુતિ કરે.
પ્રીતિથી પ્રેર મુજ જીભને, કે તન મનથી પુરે બળે,
૪ તારણનું ગીત ગાયા કરૂં, પ્રભુ છે, મારૂં ન્યાયીપણું. આમેન.

A. & M. 629. St. Agnes. C. M.

૧૩૪ આગળ વધીને મારા પ્રાણ, ઇસુના આસન પાસ,
૧ નમ્રતાથી પડ પગ ઉપર, તે નહિ કરે નિરાશ.
તુજ વચન મારો આશ્રો છે, તે લૈને આવું છું,
૨ પાપીનો ભાર ઉતારે છે, ને હું પણ પાપી છું.
પાપોના ભારથી કણું છું, ને પીડયો શેતાને,
૩ તુજ પાસે હુ તો આવું છું, વિશ્રાંતી લેવાને.
હે મારી ઢાલ ને આશ્રયસ્થાન, તુજ ઓથે આવીને,
૪ શેતાનનો કરૂં તિરસ્કાર, તારૂં નામ દઇને.
ઓ પ્રીય પ્રભુ, મુઓ તું, સહી શરમ અને માર,
૫ કે મારા જેવા પાપીનો, થાએ પૂરો ઉદ્ધાર. આમેન.

A. &. M. 283. Abridge. C. M.

૧૩૫ અંતઃકરણ ઉઠાવું છું, તુજ પાસે હે દાતાર,
૧ શોકી, દુઃખી હું આવું છું, પ્રભુ મને સંભાર.
મુજ દુઃખીઆરા મનને, પાપનો બહુ લાગે ભાર;
૨ શાંતિ ને માફી આપીને, પ્રભુ મને સંભાર.
પરિક્ષણોથી ડરી જઇ, જો શોધું તારી આડ,
૩ ત્યારે તું મારૂં બળ થઇ, પ્રભુ મને સંભાર.
જો તારા નામને કારણે, થાય નીંદા કે અપમાન;
૪ તો, તેમાં આનંદ માનવાને, પ્રભુ મને સંભાર.
ને આવે જ્યારે મૃત્યુકાળ, દેખાડી તારો પ્યાર,
૫ મને આ પ્રાર્થના કરવા દે, પ્રભુ મને સંભાર. આમેન.

H. C. 452. Winchester Old. L. M.

૧૩૬ જાગી ઉઠી, હે મારા પ્રાણ, કાઢી દે આળસને,
૧ આકાશી દોડનો આસ્થાવાન, થઇને મુગટ લે.
શાહેદોની જો, ભીડ ચોપાસ, તને નિહાળે છે;
૨ માટે સૌ બોજો નાંખી દે, દોડ, આગળ થવાને.
ઉપરથી પોતે જો પ્રભુ, તને બોલાવે છે,
૩ નીજ હાથે ઇનામ દેવાને, વાટ જોઇ ઉભો છે.
પ્રીય ત્રાતા, તારા વડે, દોડ શરૂ કીધી મેં,
૪ ને તારા પગને પ્રતાપે, લઇશ આ ઇનામ ને. આમેન.

A. & M. 542. 7,. 6, D.

૧૩૭ ચાલો તમ ઉભા થાઓ, સ્થંભના સિપા-ઇ-ઓ,
તેની ધજા ઉરાડો, નીચે નહીં પડવા દો,
જયથી જય થતાં લગી, તે દોરશે તેનું સેન,
૧ શત્રુનો વિનાશ ખચિત, ખ્રીસ્ત કરશે નકિક એમ.

ચાલો તમ ઉભા થાઓ, રણશીંગા વાગે છે,
યુદ્ધમાં સહુ જોડાઓ, પ્રતાપી દીન આજે.
તમે જે તેના સેવક, શત્રુને દેવા માર,
૨ હિમ્મત ચઢાવી ઉઠો, કરી દો સૌને હાર.

ચાલો તમ ઉભા થાઓ, તેના બળને આધાર,
તમારૂં બળ ન ચાલે, તેમાં નથી કૈં સાર,
સુવાર્તાના હથીઆરો, સજીને ઓ રણધીર,
૩ પ્રાર્થનામાં જાગૃત થઇને, ચાલો હવે શુરવીર.

ચાલો તમ ઉભા થાઓ, હવે નથી કંઇ વાર,
સંગ્રામની ધુમ સંભળાએ, પાછળ જયના પોકાર;
જે જીતે છે તેઓને, જીવનનો મુગટ છે,
૪ મહિમાના રાજા સાથે, સદાકાળ રાજ કરશે. આમેન.

A. & M. 322. 11, S.

૧૩૮ યુદ્ધે ખ્રીસ્તી યોદ્ધા, ચાલી અગ્રે થાઓ;
સ્તંભ જે આગળ ચાલે, તેની પુઠે જાઓ.
ઇસુ નૃપ થઇ દોરે, શત્રુની સામે;
૧ જુઓ, ધ્વજા એની, ચાલે સંગ્રામે.

યુધ્ધે ખ્રીસ્તી યોદ્ધા, ચાલી અગ્રે થાઓ,
સ્તંભ જે આગળ ચાલે, તેની પુઠે જાઓ. ટેક.

જય ચિન્હ જોતાં નાસે, શૈતાની સમાજ;
માટે યોદ્ધા આગળ, ચાલો જયને કાજ.
સ્તોત્રોના અવાજે, ડોલે નર્કાસન;
૨ ભ્રાતૃ ગર્જો ગાઓ, જુસ્સાથી કીર્તન.

દેવની મંડળી ચાલે, બળવાન ફોજની જેમ;
ભ્રાતૃ, સંતો ચાલ્યા, જાઇએ છીએ તેમ.
જુદા નથી, એકજ, છીએ એકજ અંગ;
૩ આશા, પ્રીતિ, મતમાં, છીએ સહુ સંગ.

મુગટ, ગાદી, નાશ થાય, રાજનો અસ્તોદય,
પણ જે ખ્રીસ્તનું મંડળ, પામે નહીં ક્ષય.
તે પર નર્કનું રાજ્ય બળ, ફાવી ન જનાર;
૪ ખ્રીસ્તનું વચન કો દિન, વ્યર્થ ન થનાર.

આનંદી ટોળીમાં, આવી આગળ થાઓ;
જય સ્તોત્રોનાં ગીતો, સંયુક્ત થઇ ગાઓ.
"રાજા ખ્રીસ્તને થાઓ, ગૌરવ, સ્તુતિ, માન;"
૫ સદા માનવ દૂતો, ગાય છે એ ગાન.

8, 5s.

૧૩૯ જો, સજોદ્ધા, જો ધજા રે, ઊંચ દીસે જો;
૧ સાહ્યકારી પોંચશે, જો, જીત થાશે હો.
"દુર્ગ રાખો, હું આવું છું," ખ્રીસ્ત દાખે આ;
ઉત્તરે તો વાકય વાળો, "તવ દયાએ હા." ટેક.

જો, બળિષ્ટો માર્ગ કાપે, દુષ્ટ દોરે જ્યાં;
૨ જો, પડે રે વીર મોટા, હામ મુકી ત્યાં,
દુર્ગ રાખો.

જો, ધજા રે દિષ્ત દિસે, શીંગ વાગે બહુ;
૩ નાથ નામે જીત થાશે, શત્રુ હારે સહુ.
દુર્ગ રાખો.

ઉગ્ર, લાંબું જુદ્ધ ચાલે, સાહ્ય પાસે છે;
૪ જો, નિયંતા આવી પોચ્યો "જે" કહો રે "જે"
દુર્ગ રાખો.

---

૧૪૦ હે પ્રભુ દર્શન આપી આજ, ધન્ય કરાવ અમારાં કાજ,
૧ હે પ્રભુ ઝાંખું કરજે દૂર, તુજ મુખનું દેખાડી નૂર.
મરણ તણું શિર રાખી કામ, ખ્રીસ્તે મુકયો સ્વરનો ઠામ;
૨ પાપી જનના તારણ કાજ, કાંટાનો પણ લીધો તાજ.

પુત્ર પિતાને આત્મા શુદ્ધ, લડજો મારા શત્રુ વિરૂદ્ધ;
૩ દૂર કરાવી સહુ કલ્પાંત, દાસ તણે મન લાવો શાંત.

સ્વર્ગ વિષે જે પરમોલ્લાસ, તેનું અહિં પણ ચાખે દાસ,
૪ ભૂતળમાં પણ પામી પ્રેમ, સ્વર્ગતણું તે જાણે ક્ષેમ.

ઇસુનો જે નિર્મળ ન્યાય, તેનું દાન મને અહિં થાય,
૫ તો હું શુદ્ધ ચલાવી યુદ્ધ, નિત્ય લડું શેતાન વિરૂદ્ધ.

તેમાં હું હારી ન જનાર, કાંકે ખ્રીસ્ત ખરો આધાર;
૬ ખ્રીસ્ત નિયંતા જ્યારે થાય, ત્યારે સર્વે શત્રુ હરાય.

A. & M. 439. St. Anne C. M.

૧૪૧ દેવપુત્ર યુધ્ધે ચાલીને રાજ મુગટ લેવા જાય,
રક્તવર્ણી ધ્વજા ફરકે દુર, કોણ તેની પુઠે જાય ?
જે દર્દ પર જય પામીને, દુઃખ પ્યાલું લે મુખમાંય,
૧ જે ધૈર્યતાથી ઉંચકે સ્થંભ, તે તેની પુઠે જાય.

મરણની પેલી પાર જઇ, પ્હોંચી સાક્ષીની આંખ,
પ્રભુને નભમાં જોઇને, સહાયની મારી હાંક,
થઇ પ્રભુ જેવો ક્ષમાવાન, સહી વેદના મોત લગ કાય,
૨ શત્રુને માટે માગે માફ, કોણ તેની પુઠે જાય ?

એક ગૌરવી મંડળ નીવડેલ, જે પર આત્મા આવ્યો,
તે બારોએ જાણી નીજ આશ, સ્થંભ જ્વાળને તુચ્છ કર્યો,
ક્રુર ભૂપની તેજી તરવારને, સિંહ કેશ સબીધ સેવાય;
૩ નમાવી કોટ મોત ભોગવવા, કોણ તેની પુઠે જાય ?

નર નારી બાળો બાળિકા, એક મોટા સૈન્યમાં વાસ;
શ્વેત વસ્ત્ર પહેરી હરખે છે, ત્રાતાના આસન પાસ;
જે માર્ગ ઉંચો સ્વરનો તે, શ્રમ પીડામાં થઇ જાય;
૪ હે પ્રભુ સહુને કૃપા આપ, કે તેઓ પુઠે જાય. આમેન.

---

૧૪૨ ચોગરદા તો જુદ્ધની બીક ઘણી એ કાળ !
લડવા સિદ્ધ થયા ઘણા, ક્રોધ કરી વિકરાળ !
શસ્ત્ર સજી હણનારના, તત્પર છે નર ક્રુર,
૧ મનમાં પ્રેમ ન રાખતાં, દયા કરે બહુ દૂર.

પિતા ન ભાળે પુત્રને, ભાઇ ન ભાળે ભ્રાત,
મિત્ર તજીને મિત્રને, દોડે કરવા ઘાત.
એમાં દયાળુ દેવની કરિયે સર્વે પ્રાર્થ.
૨ વિશ્વપતિ, તું ખાળજે કુપાત્ર માનવ સ્વાર્થ.

ઇશ્વર, તું બળવાન છે, તુજ હાથે સામર્થ્ય,
રોકી એવા ક્રોધને, બંધ કરાવ અનર્થ.
સાગરમાં મોજા ચડે, ચાલે વાનું જોર;
૩ ગગને વિજળી ગર્જના, જળાથળમાં પણ શોર.

ઉખડે ઝાડો મૂળથી, નરમાં ભય વિકરાળ,
તે તું એકજ શબ્દથી બંધ કરે તત્કાળ.
આંધિતણો જ્યારે થશે દરિયામાં ધમકાર,
૪ તું તેને આજ્ઞા કરી, "ચેન થજો" કેનાર.

ક્રોધ સમુદ્રે આ ખરૂં ક્રૂરતણું તોફાન,
તેમાં તું આજ્ઞા કરી, વેલો કર વિશ્રામ.
જો જો, માનવના પિતા, રક્તતણી આ રેલ,
૫ જળના જેવો રૂધિરનદ, દેશ ઘણો વટલેલ.

માટે તું કરૂણા કરી, આ તો બીક મટાડ,
તપતા ક્રોધજ હોલવી, શીતળભાવ પમાડ,
માનવમાં પ્રેમે થજો, ભાઇપણાનો બંધ,
૬ વેર મટો, ને પ્રેમમાં, પૂર્ણ થજો આનંદ.

A. & M. 370. Melita 8,8.

૧૪૩ અનાદિ પિતા સર્વાધાર,
તેં પ્રીતે કીધો જગોધ્ધાર,
અમો તું ભણી જોતાં સૌ,
ને પામ્યા તારી કૃપા બૌ.
અમારી ધ્વજાને હે ઇશ,
૧ જળે સ્થળે દે તું આશીષ.

અમારા રાજ્યને ભૂપાળ,
કિનારા સંધા તું સંભાળ.
છીએ અમો અયોગ્ય નાથ,
ના સેવ્યો તને પ્રીતિ સાથ,
છતાં પ્રભુ સુણી પુકાર,
૨ અમારી ભૂમિને ઉગાર.

નાવિકોની તું રક્ષા કર,
ભેટે વૈરી વારી ઉપર.
બચાવીને તું દે આશીષ,
બધા આત્મા છે તારા ઇશ.
માગીએ એવું મહારાજ,
૩ અમારા નાવિકોને કાજ.

રક્ષા કર પિતા સર્વે ઠામ,
યોધ્ધાઓ લઢે જ્યાંય સંગ્રામ.
કિલ્લાને મુકામે રે સાથ,
દે કૃપા શત્રુ ભીડે બાથ.
માગીએ અમો એવું આજ,
૪ પીડામાં ઘેરાયેલા કાજ.

દુઃખી ઘરોને દે આશીષ,
જ્યાં ઘરની રે'છે અહોનિશ.
સાચાની વારે ધા તું નાથ,
દે મારી સૌને શાંતિ સાથ.
માગીએ અમો એવું આજ,
૫ રાજ્યની સર્વ પ્રજા કાજ.
આમેન.

A. & M. 225. 76, 76.

૧૪૪ આ જીવન ટુંકું છે, ટુંક કાળ છે દુઃખ એનું,
૧ પણ આકાશમાંનું જીવન દુઃખ વિના સદાનું.
કેવો સુખી બદલો, દુઃખ થોડું સુખ અપાર;
૨ મૃતક પાપી કાજે, આકાશમાં છે તૈયાર.
અહીં લડવી છે લડાઇ, પણ ત્યાં કરીશું રાજ;
૩ કે, વિશ્વાસીને મળે, કેવો અવિનાશી તાજ.
અહીં દોડવું છે ને જાગવું. શુભ આશાથી ભરપુર;
૪ કે બાબેલના પ્રવાસી, સીહોન જશે જરૂર.

ને જેને અમે માન્યો, તેને ત્યાં જોઇશું;
૫ જઇને અનંત સુખમાં, સદાકાળ રહીશું.

જેમ કાળક ને અંધારૂં, પ્રભાથી નાસે દૂર;
૬ તેમ ખરા વિશ્વાસીઓ, ચળકશે ત્યાં જરૂર.

પ્રભુ આપણા રાજાને, જોઇ જોઇને હર્ખીશું;
૭ ને સદા વંદન કરી, ત્યાં આગળ રહીશું.

પ્રભુના નિવાડીતોનો, ઓ દેશ, તું મીઠો દેશ,
૮ તુજમાં આવી રેવાને, મારો છે આવેશ,

ઇસુ દયાથી લઇજા, મને તું આ સ્વદેશ,
૯ જ્યાં પિતા પવિત્રાત્મા, સાથ રે છે, તું હમેશ. આમેન.

વિક્રાંત, ત્રિપ્રાસ.

૧૪૫ પ્રેમ ફરે નહિ ઇસુનો, નહિ તે કરમાશે. ટેક.

જો પણ ફુલતણી શોભા બહુ આજ જણાશે,
તો પણ જોતાંમાં, કાલે કરમી સહુ જાશે,
૧ થોડી વાર પછી, જુઓ, તેનો ક્ષય થાશે.
પણ પ્રેમ.

જોબન કાળ ઘણો દીપે, તાજા બળ સથે,
સર્વ પ્રસંગે હર્ખ કરે, નહિ લે દુઃખ માથે;
૨ થોડા વર્ષ પછી બદલે, ગોથાં બહુ ખાતે.
પણ પ્રેમ.

રાત્રિ વિષે તો ચંદ્રનણી શોભા બહુ ભાસે,
પૂનેમ સુધી તો વધતાં, શુભ જ્યોતિ પ્રકાશે;
૩ તો પણ તાંથી નિત્ય ઘટી, તેનો ક્ષય થાશે.
પણ પ્રેમ.

દીપે સુર્ય ઘણો ઉગતાં, ચળકે શુભ કાંતિ;
મધ્ય લગી જાશે ચડતો, નમશે ગતિ તાંથી;
૪ તેનો વૈભવ લોપ થશે, તો અસ્ત થતાંથી.
પણ પ્રેમ.

મોટા સિંધુનણી ભરતી, તે કેમ ભરે છે!
ચાલી તે ધમકાર થકી, બહુ જોર કરે છે;
૫ તોય પછી,તાં ઓટ થતે, જળ પાછ ફરે છે.
પણ પ્રેમ.

H. C. 333. 6, 4s.

૧૪૬ હ્યાં હું પરદેશી છું, સ્વદેશ આકાશ;
રાનનો રેવાસી છું, સ્વદેશ આકાશ;
ચારો ગમ દુઃખ ને ડર,
ઘેરે છે ધર્મી નર,
૧ આકાશમાં બાપનું ઘર, સ્વદેશ આકાશ;

તોફાનની ચીંતા શી? સ્વદેશ આકાશ;
થોડીજ મુસાફરી, સ્વદેશ આકાશ;
પવનનો કડવો માર,
તેને રે થોડી વાર,
૨ ત્યારે હું જઇશ પાર, સ્વદેશ આકાશ;

ત્યાં મારા તારનાર પાસ, સ્વદેશ આકાશ;
આનંદે કરીશ વાસ, સ્વદેશ આકાશ;
ત્યાં સારાં સુખી છે,
ત્યાં મારાં મુખી છે,
૩ ન કોઇ દુઃખી છે, સ્વદેશ આકાશ.

હાલનું દુઃખ કેવું પણ, સ્વદેશ આકાશ;
કાંઇ રે ન બોલવું જન, સ્વદેશ આકાશ;
અનાદિ બાપના બાળ,
બાપને ઘેર સર્વકાળ,
૪ ભોગવશે સુખનો હાલ, સ્વદેશ આકાશ. આમેન.

From Urdu. Tune A. & M. 109 Sychar 8s. 7s.

૧૪૭ અબાન-એઝર ધણી મારા, તેં મારી મદદ કીધી;
૧ ફરી એક વર્ષ તુજ દયાથી, રહી મારી જીંદગી.

દુઃખ કે સુખ જે મળ્યાં મને, હતાં તારા તરફથી,
૨ મારા માથાનો એક વાળ પણ, તુજ વિણ પડવાનો નથી.

અપરાધ મારા હોએ જે કાંઇ, તેમને પાછળ ફેંકી દે.
૩ ને સૌ દાનોના બદલામાં; ઉપકાર સ્તુતિ માની લે.

પ્રભુ દરરોજ નવા વર્ષમાં, મારી ખબર લેતો રહે,
૪ જે જે વાતો અણગમતી હોયે, તેમાં મને ધીરજ દે.

હે ખ્રીસ્ત ઇસુ તારૂં આવવું, કદી નવા વર્ષમાં થાય,
૫ તો મને દે હોંશીઆરી, કે મળવા તૈયાર થવાય. આમેન.

A. & M. 289. St. Sylvester 8,7, 8.

૧૪૮ દિવસ વ્હેલા જતાં રે છે, અંતકાળ પાસે આવતો જાય,
૧ ધુળમાં બધાં મળી જાએ, હોએ રંક કે હોએ રાય.

થોડી વારમાં જીવ અમારો, પ્રભુ પાસે જવાનો,
૨ માટે પ્રભુ તારો આશ્રો, લઇને હું તો રેવાનો.

ઓ, અમારા તારણદાતા, તારી એવી કૃપા આલ,
૩ કે જ્યાં સુધી રહીએ જીવતાં, ત્યાં સુધી તું હો રખવાળ.

અમે કયાંથી આવ્યા છીએ, અને જઇએ છીએ કયાં?
૪ તે વિચારવા સમજ દેજે, પળે પળ સૌ દિવસ જ્યાં.

અને જ્યારે મરણ આવે, ત્યારે એવી કૃપા આલ,
૫ તુજ પાસ આવી કરી ભાવે, તારા રહીએ સદાકાળ. આમેન.

From Urdu, Tune A. & M. 189 C. M.

૧૪૯ ધન ધન તને પ્રભુ કૃપાળ, કે ગયા વ–ર–સમાં,
૧ અમારી કીધી તેં સંભાળ, સુખ અને દુઃખોમાં.
હવે, આ નવા વરસમાં, રે'જે અમારી સાથ,
૨ અમારાં બધાં કામોમાં, દે તારો આશીર્વાદ.
ઓ ઇસુ તારી દયાથી, તું માણસ થયો છે,
૩ ને તારા કીમતી લોહીથી, અમોને તારે છે.
પવિત્ર આત્મા ઉતરી આવ, અમારાં મનો—માં,
૪ અંધારૂં બધું દુર કરાવ, કે ચાલું જ્યોતિમાં.
ઓ પિતા, પુત્ર, આત્મા, સનાતન ત્રય પ્રભુ,
૫ રે' સંતોના સમાગમમાં, સાક્ષ કરવા સ્વયંભુ. આમેન.

From Urdu, Tune A. M. 512 C. M.

૧૫૦ બૈતલના દિનથી સેવકનો, તું રક્ષક રહ્યો છે,
૧ પેઢી હર પેઢી બધાંનો, તું આશ્રો થયો છે.
હમેશાં તારા લોકની, કર રક્ષા મારા ઇશ,
૨ ને સેવા તારા દાસોની, કબુલ કર હે જગદિશ.
કદી આ નવા વરસમાં, આવે કોઇ સંતાપ,
૩ તો સાથે રહી તેઓમાં, જે જોઇએ તે આપ.
જ્યાં સુધી અમે પોંચીએ, આકાશી બાપને ઘેર,
૪ ત્યાં સુધી અમને દોરી લે, તુજ છાંયાથી ચોમેર. આમેન.

A. & M. 236. Southwell. C. M.

૧૫૧ યરૂશાલેમ મુજ સુખી ઘર, પ્રીય છે તારૂં નામ;
૧ કયારે કષ્ટોથી છુટીને, પોંચુ આનંદી ધામ.
તારી શોભા અતિ ઘણી, દરવાજા મોતીના;
૨ તારણની જ્યાં કારીગરી, રસ્તા છે સોનાના.

આદન કરતાં ત્યાં સુખ અપાર, નથી ત્યાં પાપ કે શોક;
૩ હીરા જડીત બેઠકો, ચાલો ત્યાં બધા લોક.

જગતના દુઃખ ને સંકટથી, ને મોતથી નહિ ગભરાટ:
૪ કનાનનો વતની થવાને, ધીરજથી કાપું વાટ.

ધર્માર્પિતો, ને પ્રેરિતો, ત્યાં ત્રાતાની ચોપાસ;
૫ ને જ્યાંના ખરા ખ્રીસ્તિઓ, બધાંનો ત્યાં છે વાસ.

યરૂશાલેમ મુજ સુખી ઘર, મારો જીવ શોધે લાગ;
૬ કયારે આવી તુજમાં રહું, ને આનંદમાં લઉં ભાગ? આમેન.

H. C. 446. 6. 4, 6, 4, 6, 6, 6,4s.

૧૫૨ એક છે આનંદી દેશ, તે નિરાળુ;
રાત વિના ત્યાં હમેશ, છે અજવાળું;
કેવાં મિઠાં ગીત ગાય,
તારનારની સ્તુતિ થાય,
૧ તેની વખાણ સંભળાય, તે દયાળુ.

આવો, સુખને દેશે, ચાલો, આવો,
કોણ બ્રાંત મધ્યે રેશે? ઇમાન લાવો:
આપણે સુખ ભોગવીશું,
પાપ દુઃખને છોડીશું,
૨ ખ્રીસ્ત સાથે રહીશું, ગીત ગીત ગાઓ.

તે દેશમાં નથી પાપ, તેમાં હર્ષ નિત;
તેમાં છે આપણો બાપ, ને પ્રેમ અમૃત;
ચાલો અહીં ફરો,
તાજ રાજ મહિમા ધરો,
૩ અને સદા કરો સંપૂર્ણ પ્રીત. આમેન.

H. C. 442. 7. 7, 6s.

૧૫૩ જ્યાં તો શોક દુઃખ થાય છે,
મિત્રો આવી જાય છે,
૧ આકાશમાં એમ ન થાય.

કેવો થશે આનંદ, આનંદ, આનંદ, આનંદ;
કેવો થશે આનંદ, જ્યારે આવી કોઇ ન જાએ. ટેક.

જેઓ કરે ખ્રીસ્તનું હેત,
તેઓ તેના લોક સમેત,
૨ આકાશનાં ગીતો ગાય. કેવો થશે આનંદ.

ત્યાં તો બાળકો મળે,
ઇશ્વર પ્રાર્થના કરતા જે,
૩ ઘણી નિશાળો માંય. કેવો થશે આનંદ.

ધર્મી માતા પિતાજી,
ને વિશ્વાસી બેનાજી,
૪ તેઓ પણ હાજર થાય. કેવો થશે આનંદ.

કેવા સુખી હોઇશું,
આપણે તારનાર જોઇશું,
૫ તે વૈભવે દેખાય, કેવો થશે આનંદ.

સ્તુતિ કરતા જઇશું,
સદા સુખી થઇશું,
૬ પ્રભુની સેવામાં માંય. કેવો થશે આનંદ.

ચોપાયા.

૧૫૪ ભક્તતણી છે શુભ શુભ નગરી, સ્વરના ઉંચા વાસો,
૧ કંચનના રસ્તા પર તેમાં ચાલે છે પ્રભુ દાસો.

ભક્તતણી છે શુભ શુભ ગંગા, સ્વરમાં ઉંચી વેતી,
૨ તેના જળનું નિત નિત પીએ, સાચાના સહુ હેતી.

ભક્તતતણાં છે શુભ શુભ ગીતો, સ્વરને ઉંચે રાગે,
૩ પ્રભુને નામે કીર્તન સાથે, કંચન વાજાં વાગે.

ભક્તતણાં છે શુભ શુભ ઠામો, સ્વરમાં સિદ્ધ કરેલાં,
૪ ઇસુએ ત્યાં સિદ્ધ કર્યાં છે, જ્યાં પોતેજ ગએલા.

ભક્તો સાથે શુભ શુભ દૂતો, સ્વર્ગ સભામાં રેહે છે,
૫ સેવામાં પ્રભુ આસન ઘેરી, પૂર્ણાનંદજ લે છે,

ભક્તતણે કાજે છે એવાં, સ્વરમાં, શુભ શુભ વાનાં,
૬ કોએ મનમાં જે નહિ ધાર્યાં, તાં પોંચી લેવાના.

A. & M. 42. C M. Belmont.

૧૫૫ હર આંધીમાં છે એક અવાજ, હર ફુલમાં એક બખાન,
૧ જે તારી સ્તુતિ કરે છે, પ્રભુજી મહેરબાન.

પક્ષિઓ પણ નીજ કર્તાની, વખાણો ગાએ છે,
૨ ને ૠતુઓની સહુ અવાજ, કળા દેખાડે છે.

હું એકલો શું, આ જગતમાં, ના જાણું મારૂં કામ?
૩ ને મારા મુખથી ન લઉં, તારૂં પવિત્ર નામ?

જગતની શોભા થોડી છે, સહુ ટળી જવાની,
૪ પણ તેં તો મને આપી છે, જીંદગી હમેશાંની. આમેન.

A. M. 300. Tune, Mi'es Lane.

૧૫૬ સૌ વખાણો ઇસુ નામ,
દૂતો પણ લાગે પાય,
રાજેશ્રી, મુગટ, લાવીને;
૧ શૃંગારો (૪) ખ્રીસ્તભૂપાળ.

પ્રભાતના તારાઓ તમે,
આ ભુમિના શૃંગાર;
ઇસ્રાએલના સામર્થ્યને,
૨ શૃંગારો (૪) ખ્રીસ્તભૂપાળ.

પ્રભુને નામે મરનારા
વેદીથી દો પુકાર,
યસીના થડને સ્તવિને,
૩ શૃંગારો (૪) ખ્રીસ્તભૂપાળ.

સહુ ઇસ્રાએલ, સહુ વિદેશી,
હવે ન કરો વાર;
તમારાં મન અર્પણ કરી,
૪ શૃંગારો (૩) ખ્રીસ્તભૂપાળ.

સૌ દેશના લોક આવીને સાથ,
લાગીએ તેને પાય,
ને ગાઇએ જોડીને હાથ,
૫ શૃંગારો (૪) ખ્રીસ્તભૂપાળ.
આમેન.

A. & M. 178. St. Agnes. C. M.

૧૫૭ ઇસુ, મન તુજ પર રાખીને, છું ખુશીથી ભરપુર;
૧ તારા દર્શનને આનંદે, ઉલ્લાસી છું જરૂર.
પ્રભુ હે, મને તું ઉગાર, હું તો છું રાખ ને ધૂળ;
૨ પાપો છે મારાં તો અપાર, મને ન કદિ ભૂલ.
તું શક્તિવાન ને છે સબળ, આ અરજ કર કબુલ;
૩ હું આવું છું તારી પાછળ, મને ન કદિ ભૂલ.
બિમારી ને સહુ હાલતમાં, મને ન કદિ ભૂલ;
૪ મોત વેળા, ને અદાલતમાં, મને ન કદિ ભૂલ. આમેન.

From Urdu. Tune, Martyrdom. C. M.

૧૫૮ ઇસુ પ્રભુ, તું મારો છે, તું છે સહુનું મૂળ;
૧ ડુબેલાનો તું તારો છે, મને ન કદિ ભૂલ.
ઇસુના જેવું કોઇ નામ, બહુ પ્રીય ને મધુર;
૨ કો વર્ણવી શકે તે નામ, એવો નથી ચતૂર.
તું દાસોનો આશ્રય અને આશ, ખુશી ગરીબોની,
૩ તું શોધકોને રાખી પાસ, કર નજર દયાની.
આહા, ઇસુનો પ્રેમ અપાર, જે આવે તેની પાસ,
૪ તે પ્રેમનું ભોજન ચાખે છે, તેના સેવકો ખાસ.
હે ઇસુ, અમે તારા દાસ, ને લોકો થઇશું,
૫ તારો ચળકે છે જ્યાં પ્રકાશ, ત્યાં આવી રહીશું. આમેન.

7, 6s.

૧૫૯ રે જીવ, તું કેમ થાકેલો, ને કેમ નિરાશ છે આજ?
૧ ચીંતાએ કેમ ભરેલો, શું દુઃખમાં નથી તાજ?

ઇસુએ તને શોધ્યો, ને આપ્યું તને સુખ,
૨ તેણે તો નથી છોડયો, તો કેમ થાએ છે દુઃખ?

જે દેવે તને તાણ્યો, તે પર ભરોસો ઘાલ;
૩ જે પ્રેમે તને આણ્યો, સ્થિર રાખે સદાકાળ.

આ દુઃખની રાત તો જશે, સવારમાં થાય આનંદ;
૪ આંસુની આંખથી થશે, જે કરે બહુ પસંદ.

ચોપાયા હીંદવી રાગ.

૧૬૦ જગતારકના ગુણ ગાઓ, અકથ ગુણ તેના માનતાં. ટેક.

સ્ત્રી ઉદરે જે દેહ કરાયો, અદ્‌ભુત ઉત્પતિ જેની,
૧ જાણ પડે નહિ એકે મર્મે, અણકળ વાર્તા તેની.

જીવજનો ને વૃખની જાતિ, ચેતન, જડનો કર્ત્તા,
૨ લેખક, ભાષક, સહુ જુગ કહે, વર્ણન તેનું કર્ત્તાં. જગ.

સહુનો કર્ત્તા, કારણ તે છે, સર્વ પરાક્રમ પૂરો;
૩ શોધક, બોધક, જે જગમાં છે, સહુનો યત્ન અધૂરો. જગ.

જગત્રાતા, તું દીન દયાળુ, માનવ દોષ મટાડો;
૪ માફ કરો અપરાધ અમારા, સતનુ જ્ઞાન પમાડો. જગ.

પુણ્ય દિવાકર ખ્રીસ્ત પ્રકાશે, લજિત ઉગે જ્યામ ચંદા;
૫ દોષિત મનમાં સુખ ઉપજાવે, હર્ખ કરે તુજ બંદા. જગ.

લલિત રાગ.

૧૬૧ જો કદી અરે, મરવું પડે,
ડરૂં નહિ તે કાળ; શત્રુ છો ચડે.
નામ તાહરૂં, ખ્રીસ્ત રાય રે,
૧ રટયા કરૂં, હમેશ; ગમે તે થાય રે.

લલિત રાગથી, સુસ્વર ચઢાવીને,
ક્ષણીક દુનીઆમાં, તુજ દાસ ગાય રે,
મહેર કરજે ઓ ત્રાણાધિપતિ,
૨ નથી અમારી પાસ કંઇએ સુમતિ.

હરઘડીને વક્ત, ખ્રીસ્ત રાય રે,
રીઝવીએ તને, ગમે તે થાય રે,
ભાખીએ, ઓ દેવ, ત્રાણ આપજે,
૩ ઇસુ પ્રભુને, નામ પાપ કાપજે.

A. & M. 537. 10.

૧૬૨ શાંત પુરી શાંત, આ પાપી પૃથ્વી માંય,
૧ ખ્રીસ્ત રક્ત વડે, માંહે શાંતિ થાય.

શાંત પુરી શાંત, રે ઝાઝાં દીસે કામ,
૨ ખ્રીસ્ત ઇચ્છા કરો, તેમાં છે આરામ.

શાંત પુરી શાંત, દુઃખોના મોજાં માંય,
૩ ખ્રીસ્ત ઉરે છે નહિ, શાંતી વિના કાંઇ.

શાંત પુરી શાંત, છે વ્હાલાં આઘાં સૌ,
૪ ઇસુમાં કુશળ, તેઓ, અમો, સૌ.

શાંત પુરી શાંત, ભવિષ્યના અજાણ,
૫ ખ્રીસ્ત ગાદી પર, અમને તેનું જ્ઞાન.

શાંત પુરી શાંત, ઢાંકે છે મૃત્યુ છાંય.
૬ ખ્રીસ્ત જીત્યો મરણ, હાની નહિ થાય.

ટળી જશે સંસારી વ્યાધી જે,
૭ ખ્રીસ્ત શાંતી દેવા, સ્વર્ગે તેડે છે. આમેન.

રાગ હોરી.

૧૬૩ તુજમાં છે,આશ અમારી, પ્રભુ એક તુજમાંછે, આશ અમારી. ટેક.

આદમ હવાએ, ઉન્મતપણાથી આજ્ઞા તમારી ટાળી.
૧ દંડ લઇને, ખોઇ તે બેઠાં, સુંદર એદન વાડી. પ્રભુ.

તોપણ, દયાનિધી, દયા કરીને વચન દીધું શુભકારી,
૨ શેતાન સામે જુદ્ધ મચાવા, આપ્યો જીવન અધિકારી. પ્રભુ.

ધન ધન દેવ કુંવર ધન તુજને, જોઇ તારી બલિહારી,
૩ શત્રુને મારી ખુબ, હંફાવ્યો, આદમની સંતતિ તારી. પ્રભુ.

છેવટે એ જગના ધર્તા, મરણની આવી વારી,
૪ મૃત્યને મારી, જીવી ઉઠયો, જય જય બુમ પુકારી. પ્રભુ.

કેમ રૂએ ઓ માતા મરીઅમ, કબર જોઇ ઉઘાડી,
૫ લેખો તપાસી, ધ્યાન કરે તો, ચીંતા બધી દે વિસારી. પ્રભુ.

ઉઠીને, પ્રભુ અલોપ થવા પહેલાં, દીધાં દર્શન ભારી,
૬ ફરી ફરીને, ખાત્રી કરાવી, સૌને, સાખ પુરાવી. પ્રભુ.

ચાળીસ દિવસે ત્રાતા મારા, ગગને ગયા રે પધારી,
૭ ચેલાઓને આજ્ઞા ફરમાવી, ભુલો ના, વાત આ મ્હારી પ્રભુ.

જગમાં જઇ, મુજ નામ ચલાવો, સતનો પંથ શીખાડી,
૮ નર્ક દંડથી, બચવા જે ચાહે, તેને લઉં ઉગારી. પ્રભુ.

ધન ધન, દેવ કુંવર ધન તુજને, જાઉં હું વારીવારી,
૯ કીંકર લ્હેરી કયાં લગ ગાએ, જીભ હારી જાય મ્હારી. પ્રભુ.

A. & M. 577. 8, 7, 4, 7.

૧૬૪ ઓ ઇશ્વર, તું વિદાય કરી, આત્માઓમાં શાંતિ ભર;
અમે તારાં છોકરાં ઠરી, ભાવ રાખિયે તારા પર;
૧ જંગલ મધ્યે, (૨) અમોને તું તાજા કર.

અમે સુવર્ત્તમાન ધરીને, તારો માનિયે ઉપકાર;
અને આજ્ઞાકાર કરીને, કરિયે નિત્ય શુદ્ધાચાર;
સાધ્ય કરીને, (૨) પ્રીય ત્રાતા અમને તાર. આમેન,

A. & M. 280. 7s. Weber.

૧૬૫ તારાં છીએ કૃપાનાથ, રાખ તું અમને તારી પાસ,
૧ સુણ અમારી પ્રાર્થના, ને બચાવો સર્વદા.

તારાં છીએ પ્રાણનાથ, લડતી વેળા રહે તું સાથ,
૨ જીવન સત ને માર્ગ તું જે, અમને સદા દોરજે.

તારાં છીએ દીનાનાથ, અમને સંતોષિ મન આપ;
૩ ત્રાતા રક્ષક સ્વીર્ગિ રાય, અંત સુધી થજે સહાય.

તારાં ઘેટાં હે રખવાળ, અમે છીએ કર સંભાળ;
૪ અમને એકલાં લાગે બીક, કેવળ તુંજથી રહીશું ઠીક.

તારાં છીએ હે દયાળ, અમારા બાપ પૂરા પાડ;
૫ સાધ્ય થઇ પાપ ક્ષમા કર, અમને લઇ જા સ્વર્ગી ઘર. આમેન.

7,5.

૧૬૬ ઇસુ, ઇસુ, દયારૂપ, ઇસુ ખ્રીસ્ત, દયાનો ભુપ,
દયાસાગર, દયાવંત, દયા તેમાં છે અનંત.
જન્મથી હું પાપી ભ્રષ્ટ, જન્મથી છે પાપનું કષ્ટ;
૧ જ્યારે લીધો પેહેલો શ્વાસ, પાપી લોકમાં ત્યારથી વાસ.

મારા મનમાં પાપ વિચાર, અંગે વળગ્યા પાપ વિકાર;
પુરો હું અપરાધી જન, એથી દુઃખી મારૂં મન.
ઇસુ, ઇસુ, દયારૂપ, પાપીને દયાનો ભુપ,
૨ મારે થાઉં તારો દાસ, ભાવે રહું તારી પાસ.

જપ,ને તપ,ને વનમાં વાસ, સ્નાન,ને દાન, ને ઉપવાસ,
બધાં છે વૃથા ઉપાય, છુટકો તેઓથી ન થાય.
વૃથા છે પણ હોમ, હવન, તેથી ન છુટે દુર્જન;
૩ યાત્રા, તીર્થ, ને ગંગાજળ, એકેમાં ન મળે બળ.

બીજાનો કરીને ત્યાગ, તું માં શોધું પુરો ભાગ;
થાજે મારો ધન્ય ભુપ, ઉરમાં કરજે પુણ્ય રૂપ.
થા ન કદી દાસથી દૂર, વસ્તી કરજે મારે ઊર;
૪ કરજે પાપનો પરિહાર, આપજે મને ધન ઉદ્ધાર.

A. & M. 98. St. Alphege. 7s. 6s.

૧૬૭ સૌ માન પરાક્રમ મહિમા, તને હો ત્રાતા રાય,
સૌ બાળકોના નાદો, તને હોસાન્ના ગાય. ટેક.
તું ઇસ્રાએલનો રાજા, રાજેશ્રી દાઉદ સુત;
પ્રભુને નામે આવે, પરાક્રમી અદભૂત.
૧ સૌ માન પરાક્રમ. ટેક.

દૂતોની મહાન ફોજો, વખાણે છે તને,
ને મૃતક માણસ બધાં, વધાવો ગાયને.
૨ સૌ માન પરાક્રમ. ટેક.

સાચા ઇસ્રાએલ સાથે, ડાળીઓ લઇને;
સ્તુતિ સેવા ચઢાવીએ, ગાયનો ગાઇને.
૩ સૌ માન પરાક્રમ. ટેક.

જેમ તારા મરણ પહેલાં સ્તુતિ ગવાઇ હતી;
તેમ હમણા ઉંચસ્થાને, ગાઇએ સ્તોત્રોથી,
૪ સૌ માન પરાક્રમ. ટેક.

જેમ તે સેવા તેં લીધી, તેમજ કબુલ કર આજ;
અમારી સ્તુતિ સેવા, હે કૃપાળુ મહારાજ.
૫ સૌ માન પરાક્રમ. ટેક.

આમેન.

H. C. 440. 7. 6 s.

૧૬૮ ઇસુને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત;
ત્યાં તેના પ્રેમની છાંયે, હું પામું મિષ્ટ નિરાંત. ટેક.

રે, દૂતનો સૂર તો એ છે, પ્રકાશિત સાગરથી,
૧ મહિમાના ક્ષેત્ર પરથી, મુજ શ્રવણ થઇ વાણી.

ઇસુને હાથ સલામત, ક્ષયકરણ ચિંતા મૂકત;
૨ જગ જોખમથી સલામત, ત્યાં નહિ પાપ કલેશથી યુકત.

જીવભેદક શોકથી છુટો, મુજ શક ભયથી છેટે;
૩ પરીક્ષા માત્ર થોડી, ને આંસુ થોડાં વહે.

ઇસુ, મુજ વહાલ જીવાશ્રો, મુજ લીધે મુઓ તે;
૪ જીવાળ ખડક પર સદા, અચળ મુજ વિશ્વાસ રહે.

ત્યાં ધીરજથી હું રહું, રાત જાય ત્યાં લગી;
૫ પોહ સુવર્ણને કિનારે, મુજથી જોવાય ફાટી.આમેન.

From Urdu Tune A. & M. 226. 7, 6. D.

૧૬૯ તારી ભેટ લેવાને, શી રીતે થાઉં તૈયાર?
તું જગતનું અજવાળું, તુજ ઉપર મુજ આધાર.
ઓ ઇસુ, ઇસુ, મને, હવે પ્રકાશિત કર,
૧ કે જે હોય પસંદ તને, તે કરૂં ઉમર ભર.

લોકોએ તારી વાટમાં, બીછાવી ડાળીઓ,
ને હું પણ મારા મનમાં, કરૂં છું સ્તુતિઓ,
હમેશાં તારા નામના, કર્યા કરીશ વખાણ,
૨ મન મારૂં છે ઉલ્લાસી, તારી આગળ હરવાર.

જે કોઇ દુઃખમાં હોએ, તેને છોડાવે છે,
ને સૌ ગભરાટોમાંથી, ખુશી પમાડે છે,
ગરીબ ને નિરાધારને, તું કરે છે ધનવાન,
૩ આ તારા નબળા દાસને, તું કરી દે બળવાન.

આકાશથી તારૂં આવવું, તે કેવું મોટું દાન,
જે પ્રીતિથી તું આવ્યો તે કેવી અપ્રમાણ,
કે દુનિયાને બચાવે, હજારો દુઃખોથી,
૪ પાપોનો ભાર ઉપાડે, મરીને અમ વતી. આમેન.

A. & M. 279. Bedford. C. M.

૧૭૦ પ્રભુજી જો તું મારો હોય, તો બન્ને જગતની,
૧ સૌ સારી ચીજો સેવકને, નિઃસંશય મળવાની.

પ્રભુજી જો તું મારો હોય, તો મને શી જરૂર,
૨ દુઃખ કે સુખ જે કાંઇ હોએ, તે મારે છે મંજુર.

પ્રભુજી જો તું મારો હોય, સતાવે જો શેતાન,
૩ કદી નહીં તેથી ડરૂં, કરીશ તારાં વખાણ.

પ્રભુજી જો તું મારો હોય, રહીશ હું આનંદે,
૪ સંહિઓ કદી મુકી દે, સહીશ હું સંધું તે.

પ્રભુજી જો તું મારો હોય, મોતથી પણ ડરૂં નહી,
૫ બીક નહીં લાગે સેવકને, કે મોત છે જીંદગી. આમેન.

A. & M. 290. Wiltshire. C. M.

૧૭૧ જગતના ફેરબદલીમાં, દુઃખ કે સુખ સહુ સમાન,
૧ તે બધામાં ગાયા કરૂં, પ્રભુને સ્તુતિ ગાન.

મારી સાથે મળી કરો, પ્રભુ ના જયકાર,
૨ દુઃખમાં મેં તેને સંભાર્યો, ઝટ લીધી મારી વાર.

ન્યા-ઇ-ઓના વાસા પાસે, છે દૂતોના સંગ્રામ,
૩ જે તેની આશા ધરે છે, દે બધાંને આરામ.

તેની પ્રીતિને પારખો, તો ખા-ત-રી થશે,
૪ તેના સતમાં રેનારાઓ, આશીર્વાદિત છે.

ઓ ભકતો તેની બીક ધરો, તો બીજા કશાની,
૫ લાગે ન બીહીક કદીએ, આશીષ રે ધણીની.

પિતા, પુત્ર ને આત્મા, પ્રભુ જે પૂજ્યમાન,
૬ તેને સદા સુધી હોજો, મહિમા, સ્તુતિ ને માન. આમેન.

A. & M. 379. 6, 7, 6.

૧૭૨ હે સર્વે ખ્રીસ્તીઓ, પ્રભુનો પાડ માનો,
તેના અદ્ભૂત કામ, હર્ષાનંદે વખાણો.
તેણે તો જન્મથી, આપણને પાળ્યા છે,
૧ ને આજ સુધીએ, પ્રેમે સંભાળ્યા છે.

હે દાનશીળ દેવ, અમારી પાસે રેજે,
ને આનંદીત મન ને શ્રેષ્ટ શાંતિ દેજે;
ને તારી કૃપાથી, અમને નિભાવજે.
૨ ને સર્વ દુઃખોથી સદા બચાવજે.

પિતાને, પુત્રને, ને શુદ્ધ આત્માને.
ત્રિએક દેવને, આકાશી રાજ્યસ્થાને,
જેવાં આરંભમાં, ને થાએ વળી હાલ,
૩ તેવાં સ્તુત, મહિમા, માન, સહુ દેજો સર્વકાળ. આમેન.

ચોપાયા.

૧૭૩ હું નહિ કોનો ઓસીઆળો, કોથી નહિ ડરનારો;
૧ હું નહિ કોનો તો બાંધેલો, કોણ મને હરનારો.

સહુ લોકો તો દ્વેષ કરીને, મારો ત્યાગ કરે છે;
૨ મારી મારીને સઘળા તો, મજને દુર કરે છે.

પણ એની નહિ ચીંતા રાખું, એમાં બીક ન જાણું;
૩ એથી હાર્યો હું ન જવાનો, તો દુઃખ શાને માનું ?

વિશ્વાસે જે આશા પૂરી, તેને કોઇ ન પાડે;
૪ સ્વર્ગ વિષે જે સંપત મારી, તેને કો ન બગાડે.
તે છે ઇશ્વરથી રાખેલી, હું પણ છું રાખેલો;
૫ તો દિલની હું હામ તજીને, કેમ જણાઉં ઘેલો?
હું તે કાજે, તે મજ કાજે, ઇશ્વરથી પાળેલી;
૬ આશ ખરી છે પૂરી, સીધી, ઇશ્વરની આપેલી.
રે મજ દિલને કોણ હુલાવી અમથી બીક કરાવે?
૭ કેમ કરીને કો' પણ મારો, એ વિશ્વાસ હરાવે?
ઇશ્વરથી મજ જન્મ થએલો, આત્મા નિત્ય સુધારે;
૮ સ્વર્ગ વિષે શુભ ભાગ ઠરાવી, પગ રાખે પથ સારે.
પગ નીચે તો જગત કરીને, ધુળે છુંદું તેને;
૯ ઇશ્વરનું સત માથે રાખી, માનું એકજ એને.
સ્વર્ગ ભણી હું આંખ કરૂં છું, ઇશ્વર આસન જ્યાં છે;
૧૦ ખ્રીસ્તે જે તૈયાર કર્યું છે, સિદ્ધ રહેલું ત્યાં છે.
જગ ફાંદાથી બાર થયો છું, પાપ કલંક ગયું છે,
૧૧ કાળીંગાનું બળ ભંગાયું, આત્માદાન થયું છે.
ખ્રીસ્તી મારૂં નામ ગણું છું, ખ્રીસ્તી ન્યાતજ મારી,
૧૨ ખ્રીસ્તી મારા લોક ખરા છે. ખ્રીસ્તી છું શુભકારી,

ચોપાયા હિંદવી રાગ.

૧૭૪ જય, જય પરમ દયામય સ્વામી, સ્મારક ગાન કરો રે. ટેક.
જીવ, જનાવર, અંડજ પક્ષી, રાય, પ્રજા, જન જોતા,
૧ ચેતન, જડ, મન, બુદ્ધિ, વિચારો, કારક, ભાષક શ્રોતા. જય.
ભકત સમાજ નિરંતર તેને, સાથ ભજો અનુરાગે,
૨ નિશદિન ઇશ્વરના ગુણ ગાઓ, પ્રેમ સુ ગાયક જાગે. જય.
ઇશ્વરકૃત તન જીવ હમારાં, અદભુત કાર્ય અનુપા,
૩ જીવનદાતા શુભ પ્રતિપાલા, ધન્ય દયામય ભુપા. જય.

સહુ જગ જોગ કરે તુજ સેવા, શુભ શુભ સાદ ઉઠાવી,
૪ ગાન વખાણુ કરો સહુ હામે, અંતર મન હરખાવી. જય.

A. & M. 8. L. M.

૧૭૫ પ્રભુજીના ઓ, મારા પ્રાણ, તું કર બહુ વિધે વખાણ,
૧ ને તેના ઉપકારો ન ભુલ, સ્તુતિમાં તેમને કર કબુલ.
ઇસુને લીધે પ્રભુ બાપ, માફ કરે તારાં બધાં પાપ,
૨ ને દુઃખ બીમારીથી તમામ, તે તને આપે છે આરામ.
નુકસાનોથી તે તારો પ્રાણ, બચાવે છે ભયમાંથી જાણ,
૩ ને પોતિકા પ્રેમી હાથે, તાજ મુકે છે તારે માથે.
તે આપે છે સૌ સારી ચીજ, દેહ આત્માને માટે ઘણીજ,
૪ કે જેથી કરી તારૂં બળ, ગરૂડના જેવું થાય પ્રબળ.
હે મારા જીવ, હે મારા પ્રાણ, પ્રભુજીના તું કર વખાણ,
૫ તું તેના ઉપકારો ન ભુલ, સ્તુતિમાં તેમને કર કબુલ. આમેન.

A. & M. 197. 8, 7.

૧૭૬ પ્રીતિનો રાય મુજ પાળક છે, ખોટ પડશે નહીં મને,
૧ તે સદા મને રાખે છે, બોલાવી તેની કને.
જીવતા પાણીના ઝરણુમાં, મુજ આત્માને તે દોરે,
૨ ને સુંદર લીલા બીડોમાં, આકાશી અન્ન જમાડે.
રખડતો હું ભુલો પડી, પણ તેણે મને શોધ્યો,
૩ ને ખભે બેસાડી કરી, આનંદી ઘરમાં દોર્યો.
મોતની ખીણુમાં થઇ ચાલું હું, પ્રભુ છે મારી સાથે,
૪ જો તેનો હાથ ધરી રહું, કશો પણ ભો ન લાગે.
તું ભાણું તૈયાર કરીને, તુજ કૃપાથી ખવાડે,
૫ આશિષનો વાટકો લઇને, તૃષા મારી મટાડે.

ઘેર પ્હોંચી જવાય ત્યાંસુધી, તું સાથે રે' પાસ મારી,
૬ ને સાહ્ય કરજે આખર સુધી; ગાવાને સ્તુતિ તારી. આમેન.

From Urdu. Tune A. & M. 109. 8, 7.

૧૭૭ પ્રભુ તું મને ઓળખે છે, મને તું તપાસે છે,
૧ મારૂં ઉઠવું મારૂં બેસવું, સંધું તને માલુમ છે.
દૂરથી મારા સૌ વિચારો, પેલાંથી તું જાણે છે,
૨ મારૂં સુવું મારૂં જાગવું, મારી વાત તું જાણે છે.
વાટમાં, ઘરમાં, બહાર, ભિતર, સૌ કંઇ તને જાહેર છે,
૩ મારા મનની હરેક વાતથી, તું ઓ પ્રભુ, માહેર છે.
આગળ પાછળ ધરી રાખી, છે હર વેળા મારી સાથ,
૪ બીજાથી જો હોઉં છુપો, મુજ પર રોજ છે તારો હાથ.
એવી હાલત કેવી અજબ, મુજ સમજથી બાહેર છે,
૫ મારી બધી ખરી વિગત, તારી આગળ જાહેર છે.
મારા મન પર આ લખી દે, કે તું બધે હાજર છે,
૬ જે હું બોલું ધારૂં કરૂં, તે બધું તું જાણે છે. આમેન.

ચોપાઈ.

૧૭૮ તું બળવાન ખરો, મજ નાથ, ખાળી કોણ શકે તુજ હાથ?
૧ જ્યારે તારૂં બળ પ્રગટાય, તારા વૈરી સહુ વેરાય.
જો પણ પુત્રો દુઃખી આજ, તો પણ મળશે સુખમાં રાજ;
૨ દુઃખ સહી જે માર્ગે જાય, અંતે તેને હર્ષજ થાય.
ભક્ત ન ડુબે સંકટ કાળ, નહિ ખોશે નિજ આત્મિક માલ;
૩ કાંકે પ્રભુ છે તેની પાસ, તે પાળે છે તેનો દાસ.
તે સંભારે માનવ ભૂલ, જાણે છે કે માનવ ધૂળ;
૪ જાણે કે સહુ પાપે લીન, માટે કેવા છે બળહીન.

સ્મરશે પણ નિજ પ્રેમ વિચાર, જે પર પ્રગટ્યો જગતોદ્ધાર;
૫ માટે સહુના દુઃખમાં, જાણ, દુઃખ જોઇને લાગે બાણ.
તે જાણે છે સહુનો કલેશ, જાણીને નવ ભૂલે લેશ;
૬ પુત્ર ઉપર આવે સંતાપ, તો તત્કાળજ બુઝે બાપ.
સુત પર જયમ છે બાપ દયાળ, ત્યમ પ્રભુ દાસ વિષે સહુ કાળ;
૭ હે પ્રભુ, કર મારી સંભાળ, દેવ પરાક્રમ મારી ઢાલ.

રૂચિરા છંદ.

૧૭૯ આવો, ઇસુ, જગના રાજા, ભાવ કરીને મન આલું;
૧ સતપંથની જે રૂડી રીતો, અંતર લૈ તે સહુ પાળું.
સેવા કરતાં સઘળું ત્યાગું, કશું ન રાખું મજ કાજે;
૨ સતપંથ જીવન તુંમાં જાણી, સેવ કરૂં હું મન સાજે.
ઘટ ભીતરથી ખટપટ ટાળું, સેવા સાચી મન ધારૂં;
૩ ઇસુ દેખી શીશ નમાવું, હર્ષે અર્પું તન મારૂં.
ઉરે પ્રેમી સેજ બિછાવું, સંગત જોડું તુજ સાથે;
૪ જ્ઞાનતણી મન જોત લગાડું, અઘ હું ત્યાગું મજ હાથે.
શુદ્ધ ભક્તિ આભુષણ જાણી શાંતિ ધરૂં બહુ મન મારે;
૫ સહન કરીને સહુંનું સાંખુ, પ્રભુ બાળક છું જગધારે,
સહુ સંગે સત પ્રેમે ચાલું, પિતાતણું હું મન રાખું,
૬ કે તે સાચો પૂર્ણ દયાળુ, હું પણ તેના ગુણ ભાખું.
દાસો આવી ઇસુ પાસે, લેજો રૂડું મન માગી,
૭ જગમાં તેનું માન કરાવો, તે તમને દે નહિ ત્યાગી.

---

૧૮૦ ખ્રીસ્ત રાજ્ય રાય છે,
રાજ, કાજ, તાજ, આજ ખ્રીસ્તનાં મનાય છે;
સર્વે જે કરાય છે,
તે થકીજ થાય છે,
૧ તેતણાજ હાથમાંય નીતિ નેમ ન્યાય છે.

પૂર્ણ ખ્રીસ્ત કામ છે,
દેવ રાજ્યમાં, મનુષ્ય કાજમાં, સુનામ છે;
ખ્રીસ્ત શાંતી ઠામ છે,
તે સદા વિશ્રામ છે,
૨ ભકતની સભા વિષે સુધારનું સુધામ છે.

ખ્રીસ્તનેજ માનજે,
ખ્રીસ્ત કામ, ખ્રીસ્ત નામ પૂર્ણ શુદ્ધ જાણજે;
યોગ્ય ગાન આણજે,
ખ્રીસ્તને વખાણજે,
૩ સૌ કરે સદાય સેવ, વૃદ્ધ ને જુવાન જે.

માન ખ્રીસ્તનું કરો,
પાપ ભ્રાંતને તજી પવિત્ર પંથમાં ફરો;
દંડથી તમો ડરો,
કાં તમો વૃથા મરો ?
૪ જીવદાન ખ્રીસ્ત દે, લઇ સુધામને ધરો. આમેન.

પોમાવતી છંદ.

૧૮૧ ઇશ્વર પુર્ણ કૃપા કરનારો, તેના પ્રેમસુ થાઓ ઉલ્લાસી. ટેક.

કો જણ તેનો આદિ ન શોધે, તેના ગુણ છે અમિત પ્રકાશી;
૧ ત્રિલોક મંડળ તેણે કીધાં, અગમ પ્રકાશતણો તે વાસી. ઇ.

નબળા,બળિયા,તે સહુ સરખા, નિસ્સત તે સહુ જાશે નાસી;
૨ અક્ષય માનો ઇશ્વર મહિમા, થાય ન તેનું રાજ વિનાશી. ઇ.

અંત દિને જગ સહુ ટળી જાશે, ટળશે રવિ, શશિ, બારે રાશી;
૩ ઇશ્વર આશ્રો, માનવ, લે તું, આશ અટળ રેશે તુજ ખાસી. ઇ.

ચોપાયા.

૧૮૨ અંતઃકરણ મને દે તારૂં,' એવું કેહે છે ત્રાતા,
તે સાંભળજો, બાળક સર્વે, સાદ ઘણો સુખદાતા.
હવે તમારા બાળપણાના દિનમાં થાજો ડાહ્યાં,
૧ એવાં કામ કરો, કે જેથી રીઝે બહુ જગરાયા.

આવો, બાળક, કૃપા કરગરી, માગો પ્રભુની પાસે;
જેવું ઉત્તર તે માગે છે, આપો અતિ ઉલ્લાસે.
જો તું હે પ્રભુ, અમે સદા મુખ, શોધ્યા કરિયે તારૂં,
૨ ભાવથકી પણ અર્પણ કરિયે, અંતઃકરણ અમારૂં.

A. & M. 331. L. M.

૧૮૩ સહુ છીએ આપણે નાના બાળ, નિરૂપાય, નબળાં, કંગાલ,
૧ શું કરી શકીએ ઇસુ માટ, જે મોટો, મહિમાવાન્ સાક્ષાત?

વિશ્વાસી બાળને શીરે રોજ, ઘણો છે ઉપાડવાનો બોજ;
૨ યુદ્ધ છે કરવાનું પાપની સાથ, એ બધું છે ત્રાતાને માટ.

ગુસ્સાને ગર્વના વિચાર, ઉઠે છે જ્યારે દિલમોઝાર,
૩ જીભ ઉપર આવે સખત્ વાત, ને આંખો કરે અશ્રુપાત.

ત્યારે તે દાબીએ વિચાર, સુવાક્યનો કરિયે ઉચ્ચાર,
૪ વદીએ જીભે મીઠી વાત, તે યુદ્ધ કરિએ પ્રભુ માટ.

પ્રેમાળુ તથા હસતું મુખ બધાંને આપે ઘણું સુખ;
૫ મ્હોં પર દેખાએ ચળકાટ. આ બધું કરિએ ઇસુ માટ.

હોય નાનું અથવા મોટું બાળ, સ્તંભ લેવો જોઇએ સહુ કાળ;
૬ સ્તુતિ ને પ્રીતિનાં જે કામ, તે કરી શકે ઇસુ નામ. આમેન.

તોટક છંદ.

૧૮૪ શ્રમ નિત્ય કરો, પળ આ ટળશે, પળ જાય ન હાથ ફરી મળશે;
૧ શ્રમ રોજ કરો તમ ભાવ કરી, જગતારણ કાજ ઉમંગ ધરી.

રજની ઝટ વેગથકી પડશે, તત્ર કામતણું પળ ના જડશે;
૨ ધન દેવ કહે, તન કામ કરો, જન જે મનમાં તમ આશ ધરો.
પરિપૂર્ણ થશો મજ દાન થકી, શ્રમ આજ કરો પળ જાય નકી;
૩ મન ભંગ થશે તન થાક વડે, પરલોકતણું સુખ ધામ જડે.
શ્રમ એજ કરો શુભ અર્થ ફળે, જન દ્વેષ ટળે મન શાંત વળે;
૪ પણ ખ્રીસ્તતણોજ ઉમંગ કહ્યો, ભવતારક વાટજ ખ્રીસ્ત સહી.
જયકાર થશે બહુ ખ્રીસ્ત ભણી, જગ શીર ધજા ઉડશેજ ઘણી;
૫ શ્રમ પૂર્ણ કરો બળ જ્ઞાન મળી, ધટ જાય મરી પળ એજ ટળી.

સત્તાવીસી.

૧૮૫ ઇસુ હમણાં રાજ કરેછે, તાજ ધરી મહિમાય,
માનવનો અવતાર ધરીને, બાળ હતો જગમાંય;
બાળપણામાં વાંક વિના તે, પૂર્ણ હતો પરિશુદ્ધ,
૧ દેવ વિષે ને માનવ આગળ, પ્રગટી અદભુત બુદ્ધ.
એનું વર્ણન એમ કરે છે, શાસ્ત્રતણા લખનાર,
જન્મ પછી તો બારજ વર્ષો, પૂર્ણ થયાં જે વાર,
ઇશ્વર મંદિરમાં બેસીને, પંડિત લોકો સાથ,
૨ પ્રશ્નો પૂછી, ઉત્તર આપી, કરવા લાગ્યો વાત.
તેના સહુ સંવાદો સુણી, જાણી શુદ્ધ વિચાર,
અચરત કરતાં જોઇ રહ્યાં, ત્યાં સહુ સાંભળનાર,
તેવામાં, તો ભર્તા સાથે, કરતા તેનો શોધ,
૩ માએ મંદિર મધ્યે આવી, સુણ્યો અદભુત બોધ.
પણ માતાની ઇચ્છા જાણી, તે ઉઠયો તત્કાળ,
ઘેર જઇને આજ્ઞાકારી, પૂર્ણ રહ્યો તે બાળ,
સર્વ ઘટે જે તે કરવામાં, ઉછર્યો તે નિજ ઘેર,
૪ નિત નિત પામે દેવ પ્રસન્નતા, માનવ પ્રીતિ સુપેર.

ચોપાયા

૧૮૬ નાંનાં બાળક સંપ કરી રે, પ્રભુ રાજી છે એમાં,
૧ સંગે સ્તોત્ર વિનંતી કરે તે, ગણે ન હલકું તેમાં.
સહુ સંપત્તિનણું તો અર્પણ, કરીએ પ્રભુને નામે,
૨ તે કરતાં પ્રભુ બહુ રાજી છે, પ્રેમી પ્યારે કામે.
પ્રેમ તણો શુભ માર્ગ ધરીને, બાળક જો દિન કહાડે,
૩ સુખ લોકે ના સિષ્યો જેવી, રીતિ કરી દેખાડે.
ગાળ ન ભાંડે નહિ રીસાએ, વઢવું લડવું ત્યાગે,
૪ ખુશ કરવા જે બાળક ચાહે, પ્રભુને પ્યારો લાગે.
પ્રભુ કર માફ અમે જો તારી, ઇચ્છા ભુલ્યા હયિયે,
૫ એવું કર કે પ્યારપણાના અમ જાણીતા થઇયે.

દોહા.

૧૮૭ મારો પાળક દેવ છે, અછત કદી નહિ થાય,
૧ લીલે ચારે તે મને, સૂવાને લઇ જાય.
શાંત નદીના તીર પર, દોરે ઝાલી હાથ,
૨ મારો જીવ દીને દીને, બળ પકડે સાક્ષાત.
સાચ તણો જ્યાં પંથ છે, ત્યાંજ ચલાવે પાય,
૩ એવું દેવ કરે સદા, નામતણે મહિમાય.
મોત તણી છાંયે થઇ, મારે ફરવું હોય,
૪ તેવા ભયના ખાડમાં, બીક ન જાણું કોય.
કાંકે તું મજ પાસ છે, દુર નથી કોવાર,
૫ તુજ સોટી ને લાકડી, શાંત કરી દેનાર.
મારૂં ભોજન સિદ્ધ પણ, વૈરી સમ્મુખ થાય,
૬ માથે ચોળે તેલ તું, મજ પ્યાલું ઉભરાય.

જીવનના દિન સર્વમાં, પ્રેમ દયા મજ પાસ;
૭ ઇશ્વર મંદિરમાં સદા, હું રાખું મજ વાસ.

---

૧૮૮ ૭૦ મા સ્તોત્ર, પરથી.

હવે મને ઉગાર, પ્રીય પ્રભુ. હવે મને ઉગાર. ટેક.

૧ મારા આત્માને દુ:ખી કરીને, લોકો કરે ધીટકાર. પ્રીય.
૨ આહા! આહા! કહીને તેઓ, કરે છે તીરસ્કાર. પ્રીય.
૩ શોધક તારા બહુ હર્ખીને; આવ્યા છીએ દાતાર. પ્રીય.
૪ દિન દરિદ્રી, છીએ અમે; ત્રાણ કરો કીરતાર. પ્રીય.
૫ સત્ય પ્રભુની મહણુ કરીને, તેના બોલું જયકાર. પ્રીય.

દોહા.

૧૮૯ જાણો બંધન દાસનું, પૂરું છે મજ સાથ;
સુખ પામે મજ દાસનો, તે મજને સુખ વાત.
લાભ કરાવો દાસનો, કામ વૃથા ન જાય,
૧ સેવા કરતાં દાસની, મારી સેવા થાય.
દુ:ખી મારો દાસ તો, હું પણ દુ:ખી જાણ;
જો સંતાપો દાસને, મજને લાગે બાણ.
જે જે જન મજ દાસને, તુચ્છ ગણે કો વાર,
૨ તે નિજ અંગે પામશે, તેનો પુરો માર.

દોહા.

૧૯૦ ઇસુ જેવો હું થઉં, સાલસ નમ્ર દયાળ,
૧ ક્રોધ તણો તે શબ્દ પણ, નવ બોલ્યો કો કાળ.

ઇસૂ જેવો હું થઉં, ભક્તિ કરે દિન રાત,
૨ પાડો પર તે એકલો મળે પિતાની સાથ.
ઇસૂ જેવો હું થઉં, ક્ષમા કરે અપરાધ,
૩ સતાવનારા પર કદિ, ન કરે સામો વાદ.
ઇસૂ જેવો હું થઉં, પરદુઃખ ભંજન હાર,
૪ બની શકે તેવું કરી, ફાડું દુઃખનો ભાર.
ઇસૂ જેવો હું નથી, એ જાણે સહુ લોક,
૫ ઇસૂ ખ્રીસ્ત, દયાકરી, તજાવ સંધું ફોક.

દોહા.

૧૯૧ સાચું સદાય બોલતાં, ખોટું કર તું દુર,
સત્યજ ઇશ્વરને ગમે, ફાવે સત્ય જરૂર.
જુઠાનો તો દ્વેષ કર, મળ સાચાની સાથ,
૧ સર્વે તારા કામમાં, સત્યજ કર દિન રાત.
વઢવું નહિ રે બાળકે, નહિ કરવો મન દ્વેષ,
સુગુણી છે જે છોકરૂં, ભાંડે તે નવ લેશ.
દોષ વધે છે ભાંડતાં, નાના મોટાં હોય,
૨ માટે એનો તો ખરો, ત્યાગ કરો સહુ કોય.

દોહા.

૧૯૨ પ્રભુ કેવા ઉપકારથી રોજ કરે સંભાળ,
પીવા ખાવા પેહેરવા, તું આપે, જગપાળ.
મોત થકી ને ભય થકી, તું રક્ષક દીન રાત,
૧ પળ પણ તારી સાહાયવણ, રહી ન શકું જગતાત.
મિત્ર તથા આરોગ્યતા, ને વાહાલાં માબાપ,
તું આપે છે પ્રેમથી, સુખના પુરા માપ.
એ ગુણનો બદલો કદી, વાળી શકું ન લેશ,
૨ તો માની આભાર બહુ, આજ્ઞા ચહું હમેશ.

---

૧૯૩ આવો ભાઇઓ આવો, સુવાર્તા સંભળાવીએ,
૧ સંદેશો આકાશી અજવાળાનો જણાવીએ. આવો.
જેથી શીખી નિતિ રીતી, શુભ વાત પાળીએ,
૨ આકાશી પ્રજા થઇ સંઘાતે સ્વર ભાળીએ. આવો.
પ્રીતિ પાપ તણી મુકી, શુદ્ધતાથી જોડીએ;
૩ દોડીએ સુપંથ માંહે, કદી નહિ પડીએ. આવો.
આકાશી મુગટ તારણનો લઇ પહેરીએ,
૪ દુઃખનો કોઠાર કાઢી, સુખ માંહે ભરીએ. આવો.
જો અનંત સુખ મેળવવા, ઇચ્છા કરીએ,
૫ તો તો ઝટ ચેતી ચેતી, પાપ થકી ફરીએ. આવો.
અભિમાન ને કુવાચ, દુરાચાર છોડીએ;
૬ દીનતા શીખીને સહુ, સંગ પ્રીત જોડીએ. આવો.
શીખી સત જ્ઞાનને, ઉમંગથી વિચારીએ,
૭ તારણના આનંદમાં, દીન તો ગુજારીએ. આવો.

---

૧૯૪ તમો બધા હિંદુઓ ભાઇ, ઝટપટ થાઓ વિશ્વાસી;
શું રહ્યા અરે મુંઝાઇ, ઝટ લાઓ ખ્રીસ્તને સાહી. ટેક.
હા, સમજો વેદ પુરાણો, નવ કોટે બાંધો પાણો;
૧ બુડશો રે, અરેરેરે, નર્ક એ છે, ચેતજો ભાઇ. ઝટ.
હા, હતો હું પણ તમ જેવો, મૂર્તિ પૂજનારો તેવો;
૨ જાણી કુટેવ, છોડી તતખેવ, તજ્યા એ દેવ, સુણો સહુ ભાઇ. ઝટ.
તમ તારણ ઇચ્છા કરશો, તો વાત લક્ષમાં ધરશો;
૩ અહો મમ રીત, વિચારો ચિત, થશે તમ જીત, જગતની માંહી ઝટ.
અક્ષય સુખ દીલમાં ચાહો, નહિ ક્ષણિક સુખે લોભાઓ;
૪ કરો શુભ આશ, પ્રભુની પાસ, કરો વિશ્વાસ, પાપે પસ્તાઇ. ઝટ.

---

૧૯૫ કહો કોણ છે ઇસુ વિના, જગનો તારણહારો રે, ટેક.

જેણે તન અરપી વધસ્તંભે, કર્યો ભલો છુટકારો રે,
૧ ત્રાતા દીનદયાળ સુપ્રેમી, તેને કેમ વિસારો રે. કહો.

શું ભટકેલ થઇ ભટકો છો, કો નહિ અઘ હરનારો રે,
૨ જગત્રાતાને મેલી જહીં તહીં, વ્યર્થ ગુમાવો આરો રે. કહો.

ટળશે નહિ અઘ બહુ જમાડે, ગંગાજળથી નાહે રે,
૩ વર્જીત કરશો એ સહુ વાનાં, ટળશે ત્રાતા ગ્રાહે રે. કહો.

મુક્ત અર્થ જે મુંય રહ્યો છે હારક પાપ તણો એ રે,
૪ પ્રેમી નમ્ર ને બહુ કરૂણાળુ, અનુભવ કરી પીછાણો રે. કહો.

મેં અનુભવથી પેખી લીધો, ખરેખરો એ ત્રાતા રે,
૫ ચહું હવે સહુ કરો અનુભવ, થશે ખરી સુખ શાતા રે. કહો.

---

૧૯૬ મરણકાળ, મરણકાળ, આવશેજ ભાઇઓ,
૧ છો હજી હયાત ત્યાં, કરો કંઇ ઉપાયો. મરણ.

નહી બચો જરૂર વૃદ્ધ, તરૂણ રંક રાણો,
૨ છુટશો ન તેહથી, ઉપાય લક્ષ જાણો. મરણ.

કાળ ઝપટ, પાસ કપટ, ચાલશે જરાએ,
૩ પ્રૌઢ પહાડને તળે, શું છુટશો ભરાએ. મરણ.

મેળવ્યું વિશેષ દ્રવ્ય, માલ કે ખજાનો,
૪ છોડી તેહ તો જશોજ, હા, જશોજ માનો. મરણ.

આવીયા શું કામ આંહી, ભાઇ એ વિચારો,
૫ કરી કમાઇ કાંઇ કે, ગુમાવીયોજ આરો. મરણ.

નક્કિ જવાબ આપવો, કરેલ કામનો તો,
૬ નહીં રહે લગાર બીક. ત્રાણ આજ ગોતો. મરણ.

રાખશો ન ઢીલ લેશ, તરત કામ લેજો,
૭ નહીં થશે બચાવ કદી, મરણ આવશે જો. મરણ.

કાલ વાયદો ન રાખતાં, કરોજ આજે,
૮ કેમકે નથી ભરોસો, આજનીજ સાંજે. મરણ.

નહીં હશો તૈયાર, મરણ માટ જો તમો તો;
૯ કાળબાણ વાગતાં, વિમાસશોજ તો તો, મરણ.

શોક દુઃખ વેદના, થકી થશે વિલાપો;
૧૦ ક્લેશવેદના થકી થશે, બહુ બળાપો. મરણ.

જો ચહો હમેશ સુખ, જીવન લાભ શાતા,
૧૧ તો તૈયાર છે કૃપાળુ, ખ્રીસ્ત ત્રાણ દાતા. મરણ.

---

૧૯૭ સહુ કરો તૈયારી, વિનંતી મારી, તારણ શોધવા;
શું બેઠા વિસારી, વાત એ ભારી, કરો તૈયારી, તારણ શોધવા ટેક.

ઉદધી રૂપ આ વિશ્વમાં, વારી પાપ ભરપુર;
શોધશો તોતો પહોંચશો, નહિ તો બુડશો ભાઇ જરૂર,
૧ લીઓ ધ્યાનમાં ધારી, વિનંતી મારી, કરો તૈયારી, તારણ શોધવા.

સમજો છો સહુ દીલ વિષે જે, નહીં અચળ આ ઠામ,
તોપણ બેદી શાહ થઇ, કેમ નાશ થાઓ છો આમ ?
૨ આ કેવી નઠારી, ચાલ તમારી, કરો તૈયારી, તારણ શોધવા.

મૃત્યુ આવી ઝડપશે, જેમ તીતર પર બાજ;
તરફડતા રડતા જશો, નહીં સીધશે એકે કાજ;
૩ પછી થશે લાચારી, સ્થિતિ તમારી, કરો તૈયારી, તારણ શોધવા.

રડવું તે દાંત પીસવું, થશે ત્યારે ભાઇ;
ઇન્સાફે પ્રભુ પુછશે, કહો કેવું કહેશો ત્યાંઇ,
૪ નહિં બોલવા બારી, ત્યારે તમારી, કરો તૈયારી, તારણ શોધવા.

જો પુછો કો મુજને, કયાં શોધું હું એ ;
“ખ્રીસ્ત વિના તારણ નહીં,” નહીં ભાગે એવું નાવ છે;
૫ આવો બેસવા મારી, વાત વિચારી, કરો તૈયારી, તારણ શોધવા.

---

૧૯૮ જરા તું નજરે જો ધારી, જરા તું નજરે જો ધારી,
એ ચાલ્યું આવરદા જયમ, ચાલે વ્હેતું વારી. જરા તું. ટેક.

વેગ આવરદાનો ભારી, વેગ આવરદાનો ભારી ;
૧ દોડે છે એ રાખ બનાવવા, કાયાને ત્હારી. જરા.

સમજ જીવ નહીં રે ગાફલ તું, સમજ જીવ નહીંરે ગાફલ તું;
૨ ઝટપટ તુજને ઝડપી લેશે, ત્યારે કરશે શું ? જરા.

જીંદગી ઝટ પુરી થાશે, જીંદગી ઝટ પુરી થાશે ;
૩ કુસુમ લલિત કરમાતાં જેવી, કરમાઇ જાશે. જરા.

ચહી જગ સુખ દોલત ઝાઝા, ચહી જગ સુખ દોલત ઝાઝા,
૪ આયુષ્ય વ્યર્થ ગુમાવી ત્હારૂં, મુકીશ નહિ માઝા. જરા.

સજન ધર સદ્‌બુદ્ધિ સારી, સજન ધર સદ્‌બુદ્ધિ સારી;
૫ સાર્થક જીવન કરવાને કર, તારણ તૈયારી. જરા.

---

૧૯૯ પરદેશી પંથી રે છીએ સહુ આપણે હોજી;
ભટકીએ છીએ ભવરાનની માંય. પરદેશી. ટેક.

ગણુ નહીં જગરે, વતન પોતાતણું હોજી;
૧ થયું કોનું ધામ આ જગત એ ભાય? પરદેશી.

મોટા મોટા ભૂપરે ગયા મહા શ્રીમંતો હોજી;
૨ ગયા હાલ નામ પણ તેમના ભુંસાય. પરદેશી.

નિશા સમે પક્ષીરે, મળે બહુ એકઠાં હોજી,
૩ તેમ મળ્યાં છીએ, જગ તરૂવર છાંય. પરદેશી.

જ્યારે અહીંઆનોરે, સમય પૂરો થશે હોજી;
૪ ત્યારે ઉડી જઇશું, ન ક્ષણ રહેવાય. પરદેશી.

સ્વદેશની ગમરે, ચીત નીત રાખજે હોજી;
૫ ઉપરનાં શોધવા વાનાં નીત આંય. પરદેશી.

વિરા જોઇ જોઇરે, વસ્તુઓ વ્હોરજે હોજી,
૬ જોજે જગ વાનાંથી તું, અમથો લોભાય. પરદેશી.

---

૨૦૦ સ્વર નાયક તે દીન બાળક થઇ, આવ્યો જગમાંહે દેહધરી,
૧ નીજ વૈભવ સારો તમામ તજી, જગ ઉપર પ્રીતિ અનુપ કરી.

વસતો સુખ દાયક ઠામ મહીં, પણ આંહી સુતો ગભાણ મહીં,
૨ પ્રતિમા ધરી માનવી ખાલી થયો, દીનતા ધરતા જગકાજ અહીં.

ધનવાન છતાં નિરધન થયો, કરવા જગને ધનવાન બહુ,
૩ મહા ઉંચ છતાં નિચાણ મહીં, કરવા ઉંચા દીલમાંહે ચહ્યું.

સમાપ્ત.